પોઝિટીવ ન્યૂઝ, ઈન્ફોર્મેટીવ ન્યૂઝ
RNI NO GUJGUJ/2008/34329

arham publications RAJKOT
RAJKOT/639/2025-2027 RMS-RJT
POST AT RAJKOT-RMS DAILY

# અબતક ®

સાંધ્ય દૈનિક

મેનેજીંગ તંત્રી : સતીષકુમાર એસ. મહેતા

શહેર આવૃત્તિ પાનાઃ ૧૪
તા. ૭-૨-૨૦૨૬, શનિવાર
વર્ષઃ ૧૪, અંક : ૨૮૨

Price Rs.:4 ABATAK-RAJKOT 0281- 2461234, 2460999 94266 72303 abataknews@gmail.com @abtakmedia


**સુવિચાર**

દુનિયામાં ચાર સ્થાન છે...
જે ક્યારેય ભરાતા નથી.
સમુદ્ર... સ્મશાન... ઈચ્છાનો
ઘડો... અને માણસનું મન...


મનપસંદ સીટ માટે એડવાન્સ બુકીંગ જરૂરી
સૌથી સસ્તું સારૂ/ 10% ડીસ્કાઉન્ટ

| | | | |
|---|---|---|---|
| ચંપારણ્ય | પુરી-ગંગાસાગર આવક-જાવક ટ્રેનમાં | 11 Mar. | 15,500 દિ:૧૧ |
| ચારધામ ૧૨ જ્યોતિર્લિંગ | સાથે ભારતના નામાંકિત તિર્થ 2X1 AC સ્લીપર બસ | 27 Mar. | 61,000 દિ:૬૧ |
| સપ્ત જ્યોતિર્લિંગ | સાથે દક્ષિણ ભારત 2X2 સ્લીપર બસ | 1 Apr. | 28,500 દિ:૨૨ |
| હરિદ્વાર | બદ્રિ-કેદાર, ગંગોત્રી-યમનોત્રી આવક-જાવક ટ્રેનમાં | Apr. / May | 25,500 દિ:૧૪ |

વૃંદાવન યાત્રા સંઘ — આપણું ભોજન, કપલ-ફેમીલી હોટેલ રૂમ, વેકુભાઈ: 98983 50096


## બી માય વેલેન્ટાઈનઃ વસુધૈવ કુટુમ્બકમનો નાદ ગુંજ્યો

# ટ્રેડવોર ખત્મઃ અમેરિકા સાથે ૫૦૦ બિલિયન ડોલરના વેપાર થકી ભારત ૩૦ ટ્રિલિયન ડોલરનો કુબેર ભંડાર બની જશે

**અબતક, રાજકોટ**

''અયં નિજઃ પરો વેતિ ગણના લઘુચેતસામ્, ઉદારચરિતાનાં તુ વસુધૈવ કુટુંબકમ્ય''સદીઓ જૂનો આ મંત્ર આજે ભારતની વિદેશ નીતિ અને અર્થતંત્રનો જીવંત પુરાવો બની રહ્યો છે. જે દેશને એક સમયે 'સોને કી ચિડિયા' તરીકે ઓળખવામાં આવતો હતો અને આપણા સોમનાથને લૂંટવા માટે મોહમ્મદ ગઝની જેવા આક્રમણખોરોએ ૧૭-૧૭ વખત ચડાઈ કરવી પડી હતી, તે ભારત આજે ફરી પોતાની ખોવાયેલી સમૃદ્ધિ પાછી મેળવી રહ્યું છે. ગુલામીના કાળખંડમાં જેને ગરીબ અને પછાત ગણવામાં આવ્યો, તે ભારત આજે વિશ્વની ચોથી સૌથી મોટી આર્થિક મહાસત્તા બનીને ઉભરી આવ્યું છે.

ભારતની સફળતાનું સૌથી મોટું રહસ્ય એ છે કે ભારત વિશ્વને માત્ર એક 'બજાર' તરીકે નહીં, પણ એક 'પરિવાર' તરીકે જુએ છે. ''બી માય વેલેન્ટાઈન'' ના આ સપ્તાહમાં જ્યારે પ્રેમ અને સમર્પણની વાતો થાય છે, ત્યારે ભારતે વિશ્વને બતાવ્યું છે કે તેનો પ્રેમ સમગ્ર માનવજાત માટે છે. આ જ પ્રેમ અને આત્મવિશ્વાસના બળે ભારતે હાલમાં જ યુરોપિયન યુનિયન અને અમેરિકા સાથે 'મધર ઓફ ઓલ ડીલ્સ' સમાન ઐતિહાસિક વેપાર કરારો કર્યા છે.



ભલે રશિયા હોય, ગલ્ફના દેશો હોય કે અર્થતંત્રના પેચિદા સમીકરણો ધરાવતું ચીન- ભારતે પોતાની શરતો પર વ્યાપાર કરીને સાબિત કર્યું છે કે તે કોઈની સામે ઝૂકવા માંગતું નથી. ડોનાલ્ડ ટ્રમ્પ જેવા નેતાઓ દ્વારા લાદવામાં આવેલી ટ્રેડ-વોર અને આર્થિક અવરોધો સામે ભારત ડગ્યું નથી, બલ્કે મક્કમતાથી માર્ગ કાઢીને વિવાદોનો અંત આણ્યો છે. ભારતનો આ નવો પ્રભાવ દર્શાવે છે કે આર્થિક શક્તિ જ ખરા અર્થમાં મહાશક્તિ બનવાનો પાયો છે. ભારત આજે વિશ્વને કહે છે કે અમે કોઈને નમાવવામાં નહીં, પણ દરેકને 'ગળે લગાડવામાં' અને સાથે મળીને વિકાસ કરવામાં માનીએ છીએ.

ભારત અને અમેરિકા વચ્ચે છેલ્લા ઘણા સમયથી ચાલી રહેલું 'ટ્રેડવોર' આખરે અંતિમ તબક્કે પહોંચ્યું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની સહમતિ બાદ બંને દેશોએ એક ઐતિહાસિક 'ઈન્ટરિમ ટ્રેડ ડીલ' (વચગાળાના વેપાર કરાર) ની જાહેરાત કરી છે. આ કરારથી માત્ર સરહદો પરના વેપાર અવરોધો જ દૂર નથી થયા, પરંતુ ભારતીય નિકાસકારો માટે વિશ્વના સૌથી મોટા ૩૦ ટ્રિલિયન ડોલરના અમેરિકી બજારના દ્વાર ખુલી ગયા છે

આજે ટ્રમ્પે એક મહત્વપૂર્ણ એક્ઝિક્યુટિવ ઓર્ડર પર હસ્તાક્ષર કરીને ભારત પર લાદવામાં આવેલા ૨૫% વધારાના 'દંડાત્મક ટેરિફ' ને તાત્કાલિક અસરથી નાબૂદ કરી દીધો છે. આ સાથે જ રશિયન ઓઈલ ખરીદીને લઈને સર્જાયેલા વિવાદનો પણ સુખદ અંત આવ્યો છે.

ભારતની આ સફળતાનું રહસ્ય એ છે કે તે વિશ્વને માત્ર બજાર નહીં પણ પરિવાર માને છે. આ ડીલના મુખ્ય પાસાઓમાં જે માલ પર ટેરિફ ૫૦% સુધી પહોંચી ગયો હતો, તેને ઘટાડીને હવે માત્ર ૧૮% કરી દેવામાં આવ્યો છે.ભારતે રશિયા પાસેથી ક્રૂડની ખરીદી ઘટાડી તેના બદલે અમેરિકા અને વેનેઝુએલા પાસેથી ઊર્જા સંસાધનો ખરીદવાની સંમતિ આપી છે.આગામી ૫ વર્ષમાં ભારત અમેરિકા પાસેથી ઊર્જા અને સંરક્ષણ ક્ષેત્રે ₹૪૧ લાખ કરોડની જંગી ખરીદી કરશે. ભલે રશિયા હોય કે ચીન-ભારતે પોતાની શરતો પર વ્યાપાર કરીને સાબિત કર્યું છે કે તે કોઈની સામે ઝૂકવા માંગતું નથી. ભારત આજે વિશ્વને સંદેશ આપી રહ્યું છે કે આર્થિક શક્તિ જ મહાશક્તિ બનવાનો પાયો છે. ભારત કોઈને નમાવવામાં નહીં, પણ દરેકને 'ગળે લગાડવામાં' અને સાથે મળીને વિકાસ કરવામાં માની રહ્યું છે.

## ભારતના કયાં ઉદ્યોગો માટે 'લોટરી'?

**અમેરિકા દ્વારા ટેરિફમાં ઘટાડો કરવાથી ભારતના મુખ્ય ક્ષેત્રોમાં સમૃદ્ધિનો નવો સૂરજ ઉગશે**

| ટેક્સટાઈલ અને ગારમેન્ટ | હીરા અને ઝવેરાત | ફાર્માસ્યુટિકલ્સ | એન્જિનિયરિંગ |
|---|---|---|---|
| ભારતીય કાપડ હવે અમેરિકન સ્ટોર્સમાં સસ્તું અને વધુ સ્પર્ધાત્મક બનશે. | જેમ્સ એન્ડ જ્વેલરી સેક્ટરમાં નિકાસના તમામ રેકોર્ડ તૂટવાની શક્યતા છે. | જેનરિક દવાઓ પર ટેરિફ ઘટતા ભારતીય દવા કંપનીઓનો અમેરિકામાં દબદબો વધશે. | મશીનરી અને ઓટો પાટ્ર્સની નિકાસમાં મોટી રાહત મળતા રોજગારીની નવી તકો સર્જાશે. |

## ભારત-અમેરિકા ટ્રેડ ડીલથી ૩૦ ટ્રિલિયન ડોલરનું બજાર ખુલશેઃ પિયૂષ ગોયલ



કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પિયૂષ ગોયલે જણાવ્યું હતું કે, ભારત અને અમેરિકા વચ્ચે વચગાળાના વેપાર કરાર માટેનું માળખું તૈયાર થઈ ગયું છે. આ ઐતિહાસિક પગલું ભારતીય નિકાસકારો માટે ૩૦ ટ્રિલિયન યુએસ ડોલરનું વિશાળ બજાર ખોલશે.


ગોયલે વધુમાં જણાવ્યું હતું કે, ''પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીજીના નિર્ણાયક નેતૃત્વ હેઠળ, ભારતે યુએસ સાથે વચગાળાના કરાર માટે એક ફ્રેમવર્ક હાંસલ કર્યું છે. આનાથી ભારતીય નિકાસકારો, ખાસ કરીને નાના અને મધ્યમ ઉદ્યોગો, ખેડૂતો અને માછીમારો માટે ૩૦ ટ્રિલિયન ડોલરનું બજાર ખુલશે.''

આ કરારના ભાગરૂપે, અમેરિકા ભારતીય ચીજવસ્તુઓ પરની પરસ્પર ટેરિફ ઘટાડીને ૧૮ ટકા કરશે, જે કાપડ અને વસ્ત્રો, ચામડા અને ફૂટવેર, પ્લાસ્ટિક અને રબર ઉત્પાદનો, ઓર્ગેનિક કેમિકલ્સ, હોમ ડેકોર, કલાત્મક ઉત્પાદનો અને પસંદગીની મશીનરી જેવા મુખ્ય ક્ષેત્રોમાં મોટી બજારની તક પૂરી પાડશે.

વધુમાં, મંત્રીએ ઉમેર્યું હતું કે જેનરિક ફાર્માસ્યુટિકલ્સ (દવાઓ), જેમ્સ અને ડાયમંડ્સ (રત્ન અને હીરા), અને એરક્રાફ્ટના ભાગો સહિતની વિશાળ શ્રેણીની ચીજવસ્તુઓ પરની ટેરિફ શૂન્ય થઈ જશે, જે ભારતીય નિકાસ સ્પર્ધાત્મકતા અને 'મેક ઈન ઈન્ડિયા' અભિયાનને વધુ વેગ આપશે.

જોકે, આ સમજૂતી ભારતના સંવેદનશીલ કૃષિ અને ડેરી ઉત્પાદનો, જેમાં મકાઈ, ઘઉં, ચોખા, સોયા, મરઘાં, દૂધ, ચીઝ, ઈથેનોલ (બળતણ), તમાકુ અને અમુક શાકભાજી અને માંસનો સમાવેશ થાય છે, તેને સંપૂર્ણપણે સુરક્ષિત રાખીને ખેડૂતોના હિતો અને ગ્રામીણ આજીવિકા જાળવવાની ભારતની પ્રતિબદ્ધતાને પણ પ્રતિબિંબિત કરે છે. ગોયલે વિશ્વાસ વ્યક્ત કર્યો કે નિકાસમાં આ વધારો દેશની મહિલાઓ અને યુવાનો માટે લાખો નવી રોજગારની તકોનું સર્જન કરશે.

# અમેરિકાએ પણ પીઓકેને ભારતનો હિસ્સો ગણાવ્યો




## અમેરિકા તરફથી જાહેર કરવામાં આવેલો આ નકશો માત્ર એક તસવીર નથી, પરંતુ અમેરિકાની બદલાતી વિચારધારાનો મોટો સંકેત

**અબતક, રાજકોટ**

અમેરિકા તરફથી પાકિસ્તાન માટે માઠા સમાચાર આવ્યા છે. અમેરિકા અને ભારતે ટ્રેડ ડીલ માટેનું ફ્રેમવર્ક જાહેર કર્યું છે, પરંતુ આનાથી પાકિસ્તાનની ચિંતામાં મોટો વધારો થયો છે. સવાલ એ છે કે, અમેરિકાએ એવું તો શું કર્યું કે શહબાઝ શરીફ અને આસિમ મુનીરની ઊંઘ ઉડી ગઈ? હકીકતમાં, અમેરિકાએ પાકિસ્તાન અધિકૃત કાશ્મીર એટલે કે પીઓકેને ભારતનો હિસ્સો માન્યો છે. ભારત હંમેશા માનતું આવ્યું છે કે,પીઓકે ભારતનું અભિન્ન અંગ છે અને પાકિસ્તાને તેના પર ગેરકાયદે કબજો જમાવ્યો છે. હવે અમેરિકાએ પણ ભારતની આ વાત પર મહોર મારી દીધી છે. અમેરિકાએ જે નકશો જાહેર કર્યો છે, તે સ્પષ્ટ દર્શાવે છે કે પાકિસ્તાનનો કબજો ગેરકાયદેસર છે અને પીઓકે ભારતનો જ ભાગ છે.

અમેરિકાના ટ્રેડ રિપ્રેઝન્ટેટિવ ઓફિસએ ભારત-અમેરિકાના નવા વચગાળાના ટ્રેડ એગ્રીમેન્ટની માહિતી આપતી વખતે જે નકશાનો ઉપયોગ કર્યો છે, તેને જોઈને પાકિસ્તાની શાસકો ચોંકી ગયા છે. અમેરિકા દ્વારા જાહેર કરાયેલા નકશામાં સમગ્ર કાશ્મીરને ભારતનો હિસ્સો બતાવવામાં આવ્યો છે. આ નકશા મુજબ, પાકિસ્તાન અધિકૃત કાશ્મીર પણ ભારતમાં સામેલ છે. આ નકશામાં ન તો કોઈ લાઈન ઓફ કંટ્રોલ છે કે ન તો કોઈ વિવાદિત વિસ્તાર; બધું જ સ્પષ્ટપણે ભારતનું બતાવવામાં આવ્યું છે.

અમેરિકા તરફથી જાહેર કરવામાં આવેલો આ નકશો માત્ર એક તસવીર નથી, પરંતુ અમેરિકાની બદલાતી વિચારધારાનો મોટો સંકેત છે. ભારત હંમેશા કહેતું રહ્યું છે કે, જમ્મુ-કાશ્મીર અને લદ્દાખનો આખો વિસ્તાર ભારતનો અભિન્ન અંગ છે.

હકીકતમાં, યુએસટીઆરએ ભારત અને અમેરિકા વચ્ચેના વેપાર કરારના વચગાળાના ફ્રેમવર્ક સાથે જોડાયેલી એક પોસ્ટ કરી હતી. આ પોસ્ટમાં અમેરિકન ઉત્પાદનો (જેમ કે ડ્રાય ફ્રૂટ્સ, ડ્રાઈડ ડિસ્ટિલર્સ ગ્રેન, લાલ જુવાર, ફળો વગેરે) માટે ભારતમાં નવા બજાર ખુલવાની વાત હતી. અમેરિકાએ પોતાની પોસ્ટમાં લખ્યું, 'ટ્રી નટ્સ અને ડ્રાઈડ ડિસ્ટિલર્સ ગ્રેનથી લઈને લાલ જુવાર અને તાજા તથા પ્રોસેસ્ડ ફળો સુધી, અમેરિકા-ભારત સમજૂતી અમેરિકન ઉત્પાદનો માટે નવા માર્કેટ એક્સેસ આપશે.' પરંતુ આ પોસ્ટ સાથે જોડાયેલા નકશાએ સૌનું ધ્યાન ખેંચ્યું હતું, જેમાં PoK ને ભારતનો ભાગ બતાવવામાં આવ્યો છે.


The Sunshine International School
CBSE Affiliation No: 430251 | School Code: 10228

Academic Excellence with
Future Focus

- Smart Digital Classrooms
- Advanced STEAM, Science & Maths Labs
- LEGO, Robotics & Hands-on Learning
- Competitive Exam Readiness with Expert Faculty

Grades:
Nursery to 12th (Commerce & Science)

Admissions Open 2026–27
Limited Seats Available

+91 90999 13195



hello@tsis.edu.in www.tsis.edu.in
The Sunshine International School, Off 2nd 150 ft. Ring Road, Mota Mava, Rajkot, Gujarat - 360005
For Admission Inquiry
Follow on Instagram
ADEX

Kaneriya Oil Industries
www.ranioil.com

મૂલ્યવાન ભરોસો,
મૂલ્યવાન તેલ

RANI®
GOLD સિંગતેલ




કાઠિયાવાડની કસદાર જમીનમાં ઉગતી, ચૂંટેલી શ્રેષ્ઠતમ મગફળીમાંથી
તૈયાર થતું કોઈપણ કેમિકલ વગરનું સંપૂર્ણ કુદરતી અણમોલ સિંગતેલ.
આપણાં વિસ્તારમાં ઉગતા કૃષિ પેદાશમાંથી તૈયાર થતું તેલ
આપણાં સ્વાસ્થ્ય અને ચયાપચય સાથે
અદ્દભૂત તાલ મિલાવે છે.

કંપની રીટેલ આઉટલેટ • રાજકોટ સીટી :- 'યુનિટી પ્લસ', સ્પીડવેલ પાર્ટી પ્લોટની બાજુમાં : 97266 53000, 97266 54000 ગોકુલ ધામ : 0281-2333499, 2360201 ; જવાહર રોડ : 0281-2222700/800, 97126 43000 ; રૈયા રોડ : 97125 72000/73000 • શાપર : 97273 83000/84000/85000 • અમદાવાદ સીટી :- સાઉથ બોપલ : 97266 74000/75000 ; ચોખા બજારની સામે, કાલુપુર. 72111 51781/82
SMART BAZAAR | big basket પર પણ ઉપલબ્ધ

ન્યુ રીનોવેટેડ
લગ્નહોલ
A/C. હોલ તેમજ જમણ સાથે
હોટેલ ભાભા

# ફળકથન — સાપ્તાહિક રાશિ ભવિષ્ય

પં.ડો. હિતેષ એ. મોઢા
મો.૯૮૭૯૪૯૯૩૦૭

## મેષ — અ,લ,ઈ

સર્વિસ બિઝનેસના જાતક એવમ વિવિધ પ્રકારની કન્સલ્ટિંગ ફર્મ ના જાતક માટે આ સપ્તાહ અતિ લાભદાયક નીવડશે. વીજળી તથા અગ્નિ, કોલસો, તથા પ્રવાહી જ્વલનશીલ પદાર્થ સંબંધિત ઔદ્યોગિક એકમના જાતક તેમજ વ્યાપારી એકમના જાતક માટે આ સપ્તાહ, દોડધામ વાળું એવમ આંશિક પ્રતિકૂળ નીવડે તેવી સંભાવના. જથ્થાબંધ વ્યાપારી માટે આ સપ્તાહ મધ્યમ રહેશે. અન્ય ઔદ્યોગિક એકમના જાતક તથા વ્યાપારી એકમના જાતક માટે આ સપ્તાહ સાનુકુળ નીવડશે. સરકારી ક્ષેત્રના કર્મચારી તેમજ ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ પણ સાનુકૂળ નીવડશે. વિદ્યાર્થી-છાત્ર, નિવૃત્ત તથા ગૃહિણી માટે આ સપ્તાહ હળવું લાભદાયક નીવડશે. ૧૩ તથા ૧૪ ફેબ્રુઆરી સાવ સાધારણ અથવા પ્રતિકૂળ જણાશે. (પન્નોતિનો ઉપાય, ન્યાયિક માર્ગ).

## વૃષભ — બ,વ,ઉ

સેલેબલ જાતક માટે આ સપ્તાહ હળવુ પ્રતિકૂળ નીવડશે. આથી વિશેષ કાળજી રાખવી. આડા અવળા સંબંધ કે અવૈધ વહીવટ વાળા જાતકએ ખાસ સંભાળવું. આ સિવાયના, તમામ જાતક માટે આ સપ્તાહ બહુ ધરપત વાળું એવમ બરકત વાળું નીવડશે, ઔદ્યોગિક તથા વ્યાપાર વાણિજ્ય ક્ષેત્રના તમામ જાતક માટે આ સપ્તાહ સાનુકૂળ રહેશે. છૂટક વ્યાપાર તથા ફેરી કરતા વ્યાપારી જાતક માટે આ સપ્તાહ હળવુ લાભદાયક નીવડશે. સરકારી કર્મચારી માટે આ સપ્તાહે બઢતીનાં સંયોગો. ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ સાનુકૂળ નીવડશે. સગાં,સ્નેહી તરફથી સાથ સહકાર અકબંધ રહેશે. મહિલા કર્મી તથા ગૃહિણી માટે લાભદાયક સપ્તાહ. વિદ્યાર્થી તથા નિવૃત્ત માટે આ સપ્તાહ સાનુકૂળ નીવડશે. ૧૦ ફેબ્રુઆરી સામાન્ય જણાશે.

## મિથુન — ક,છ,ઘ

ખાનગી શૈક્ષણિક સંસ્થાના માલિક માટે આ સપ્તાહ મધ્યમ કે પ્રતિકૂળ રહે તેવી પૂર્ણ પણે સંભાવના અને સંયોગો પણ છે. ફેબ્રીક ક્ષેત્રે, પોલી ક્લોથ્સ, રેડીમેડ ગારમેન્ટ ફેશન એસેસરીઝ સંબંધિત તમામ નાના મોટા ઔદ્યોગિક એકમના જાતક તથા વ્યાપારી એકમના જાતક માટે આ સપ્તાહ લાભકારી નીવડશે. પ્લાસ્ટિક મટીરીયલ્સના ઉત્પાદક માટે આ સપ્તાહ લાભકારક નીવડશે. આ સિવાયના, અન્ય, ઔદ્યોગિક એકમના જાતક તથા વ્યાપારી એકમના જાતક માટે સરેરાશ સપ્તાહ. સરકારી કર્મચારી માટે આ સરેરાશ તથા વ્યસ્ત સપ્તાહ. ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે સાનુકૂળ સપ્તાહ. પરિવાર સાથે હળવા વિખવાદ થવાના સંયોગો. મહિલા કર્મી, ગૃહિણી, નિવૃત્ત તથા વિદ્યાર્થી માટે આ સપ્તાહ પણ સાનુકૂળ જણાશે. ૧૨ નવેમ્બર સામાન્ય નીવડશે.

## કર્ક — ડ,હ

ઉચ્ચસ્થ એવમ સ્વગૃહી શનિ અથવા મિથુન રાશિના શનિ વાળા જાતક માટે આ સપ્તાહ બહુ લાભદાયક નીવડે તેવી પૂર્ણ સંભાવના. ઉતાવળ પર કાબુ રાખી, અધૂરા કામ પૂરા કરવા. જૂની ઉઘરાણી પાકવાના સંયોગ અને શક્યતા બન્ને છે. ઔદ્યોગિક એકમના જાતક તથા જથ્થાબંધ વ્યાપાર-વણિજના જાતક માટે આ સપ્તાહ સાનુકૂળ રહેશે. સરકારી કર્મચારી તેમાં પણ પોલીસ કર્મી વિશેષ, તેના માટે આ સપ્તાહ હળવું લાભકારી તથા દોડધામ વાળુ નીવડશે. ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ સાવ સાનુકૂળ નીવડશે. સગા-સ્નેહી સાથે નાની ગેરસમજ થઈ જવાની શક્યતા. મિત્ર તરફથી હળવો સહકાર મળશે. યુવાવર્ગ માટે થોડો પરિશ્રમ વાળો સમયગાળો, મહિલા કર્મી, ગૃહિણી તથા નિવૃત્ત માટે આ સપ્તાહ સાવ સરેરાશ નીવડશે. ૧૧ ફેબ્રુઆરી સામાન્ય જણાશે.

## સિંહ — મ,ટ

આ સપ્તાહ દરમિયાન નિરાંત તથા માનસિક શાંતિ વળવાની સંભાવના. દરેક પ્રકારના ઔદ્યોગિક એકમના જાતક તથા મોટા વ્યાપાર વણિજના જાતક તથા જથ્થાબંધ માલના વ્યાપારી જાતક માટે આ સપ્તાહ હળવું લાભકારી નીવડશે. પરિશ્રમ વાળા કોઈ પણ એકમના જાતક માટે આ સપ્તાહ, અત્યાધિક લાભદાયક નીવડે તેવી પૂર્ણ સંભાવના. જૂની ઉઘરાણી કે લેણી રકમ પાકવાની સંભાવના, તેમજ ટલ્લે ચડી ગયેલા ધંધા વ્યવસાયના કામકાજનો નીવેડો આવવાની શક્યતા. સરકારી ક્ષેત્રના કર્મચારી તેમજ ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ હળવું હળવું સાનુકૂળ અથવા સરેરાશ નીવડશે. મહિલા કર્મી, ગૃહિણી, નિવૃત્ત માટે આ સપ્તાહ હળવું ચડાવ ઉતાર વાળું નીવડશે. ૧૩ તથા ૧૪ ફેબ્રુઆરી સાવ મધ્યમ રહેશે.

## કન્યા — પ,ઠ,ણ

જાહેર ક્ષેત્ર સાથે સંકળાયેલ વ્યક્તિ વિશેષ માટે આ સપ્તાહ અતિ પ્રતિકૂળ અથવા સાવ સામાન્ય નીવડે તેવી પૂર્ણ સંભાવના રહેશે. આ કારણથી વિવાદ-વિખવાદ ન સર્જાય તેના માટે વિશેષ સંભાળ રાખવી. નાના ઔદ્યોગિક એકમના જાતક તથા કઠિન પરિશ્રમ વાળા વ્યાપાર-ધંધાના જાતક માટે આ સપ્તાહ લાભદાયક નીવડશે. સરકારી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ પ્રતિકૂળ નીવડશે, સાથે બદલી થઈ શકે તેવી પણ સંભાવના જણાય છે. ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે આર્થિક લાભ સાથે આ સપ્તાહ ચડાવઉતાર વાળું નીવડશે. કુટુંબીજન કે સગા વચ્ચે અણસમજ જેવું થશે પરંતુ સાથ સહકાર અકબંધ રહેશે. યુવાવર્ગ, નિવૃત્ત મહિલા કર્મી તથા ગૃહિણી વર્ગ માટે આ સપ્તાહ સારું નીવડશે. ૧૨ ફેબ્રુઆરી સાવ સામાન્ય રહેશે.

## તુલા — ર,ત

આ રાશિના જાતક માટે આ સપ્તાહ અતિ ધરપત વાળું તથા લાભદાયક નીવડે તેવી પૂર્ણ સંભાવના. ધંધા વ્યવસાય હેતુ સ્થળાંતર તથા પ્રવાસ થવાની પણ સંભાવના જણાય રહી છે. જૂની ઉઘરાણી પાકશે. ઔદ્યોગિક એકમના જાતક તથા વ્યાપાર વણિજ ક્ષેત્રના તમામ જાતક માટે લાભકારી સપ્તાહ છૂટક કે નાના તથા ફેરી કરતા વ્યાપારી જાતક માટે આ લાભકારી સપ્તાહ. સરકારી ક્ષેત્રના તમામ કર્મચારી માટે આ સપ્તાહ સાનુકૂળ નીવડશે સાથોસાથ પ્રમોશનના સંયોગો પણ જણાય છે. ખાનગી ક્ષેત્રના કર્મચારી આ સપ્તાહ લાભદાયક તથા સાનુકૂળ નીવડશે. સગા તરફથી સાથ સહકાર યથાવત રહેશે. મહિલા કર્મી, વિદ્યાર્થી, ગૃહિણી, તથા નિવૃત્ત માટે આ સપ્તાહ અત્યાધિક લાભકર્તા નીવડશે તેવી પૂર્ણ સંભાવના. ૮ ફેબ્રુઆરી સરેરાશ જણાશે.

## વૃશ્ચિક — ન,ય

સખત પરિશ્રમ કરનાર જાતક એવમ કારીગર-શિલ્પી વર્ગ માટે આ સપ્તાહ કામકાજથી વ્યસ્ત રાખનારું તેમજ બહુ લાભદાયક નીવડશે. આ સપ્તાહ દરમિયાન આવકના નવા નવા સ્રોત મળવાની સંભાવના તેમજ સંયોગ પણ. જૂના કરજ કે લોનમાંથી મુક્ત થવાના તથા જૂની ઉઘરાણી પાકશે તેવી પૂર્ણ શક્યતા. ઉતાવળિયા સ્વભાવના જાતકે થોડી ધીરજ રાખવી. ઔદ્યોગિક એકમના જાતક તથા વ્યાપારી એકમના જાતક માટે આ સપ્તાહ પણ લાભદાયક નીવડશે પરંતુ અતિ ભાગદોડ વાળું નીવડશે. સરકારી ક્ષેત્રના કર્મચારી તથા ખાનગી ક્ષેત્રના કર્મચારીઓ માટે હજુ, આ સપ્તાહ સાનુકૂળ નીવડશે. વિદ્યાર્થી, નિવૃત્ત તથા ગૃહિણી માટે આ સપ્તાહ પણ લાભદાયક રહેશે. ૧૪ ફેબ્રુઆરી સામાન્ય રહેશે.

## ધન — ભ,ફ,ધ,ઢ

આ સપ્તાહ દરમિયાન, ટલ્લે તથા ગોથે ચડી ગયેલા ધંધા વ્યવસાયના મહત્વના કામકાજ આગળ વધશે તેવી સંભાવના. ગૃહ કે કુટિર ઉદ્યોગ એકમના જાતક તેમજ હસ્ત કલાના એકમના જાતક માટે આ સપ્તાહ લાભદાયક નીવડશે સાથે અનેક નવી તક સાંપડવાની પૂરી શક્યતા. સખત પરિશ્રમ વાળા ધંધાના જાતક માટે આ સપ્તાહ લાભકારક નીવડશે. આ સિવાયના, અન્ય ઔદ્યોગિક એકમના જાતક જથ્થાબંધ વ્યાપાર, વિદેશ વ્યાપાર, વ્યવસાય જોડે સંકળાયેલ જાતક માટે આ સપ્તાહ હળવું લાભદાયક નીવડશે. સરકારી કર્મચારી એવમ ખાનગી કર્મચારી માટે આ સપ્તાહ પણ મિશ્ર નીવડશે. મોસાળ પક્ષ સાથે હળવા મતભેદ થવાની સંભાવના. નિવૃત્ત, વિદ્યાર્થી,ગૃહિણી તથા મહિલા કર્મી માટે આ સપ્તાહ સારું રહેશે. ૧૨ ફેબ્રુઆરી સામાન્ય જણાશે.

## મકર — ખ,જ

આ સપ્તાહ દરમિયાન નવા કામકાજ હાથમાં ન લેવાં, અગત્યના નિર્ણયને શક્ય હોય તો આ એક સપ્તાહ માટે મુલતવી રાખવા. લાલચ, તથા ઉતાવળ પર વિશેષ નિયંત્રણ રાખવું. નાના ગૃહોદ્યોગ ત્થા નાના ઔદ્યોગિક એકમ વાળા જાતક માટે આ સપ્તાહ અત્યાધિક લાભદાયક નીવડે તેવી પૂર્ણ સંભાવના. આ સિવાયના, અન્ય ઔદ્યોગિક એકમના જાતક તથા છૂટક તથા નાના, કે ફેરી કરતા વ્યાપારી જાતક સમેત મોટા વ્યાપાર વણિજના જાતક માટે આ સપ્તાહ સાનુકૂળ નીવડશે. ખાનગી ક્ષેત્રના કર્મચારી એવમ સરકારી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ અર્ધ પ્રતિકૂળ અથવા સરેરાશ નીવડશે. પરિવાર દ્વારા મળતો સાથ સહકાર અકબંધ જણાશે. મહિલા કર્મી, નિવૃત્ત તથા ગૃહિણી, વિદ્યાર્થી માટે આ સપ્તાહ આરામદાયક રહેશે. ૮ તથા ૯ ફેબ્રુઆરી સાવ સામાન્ય રહેશે.

## કુંભ — ગ,શ,ષ

કેમિકલ્સ તથા વિલાયતી તથા હર્બલ ફાર્માસ્યુટીકલ્સના જાતક માટે આ સપ્તાહ ભાગ દોડ વાળું તથા અર્ધ પ્રતિકૂળ નીવડશે. ઓટોમોબાઈલ્સ સ્પેર પાર્ટ્સના ઔદ્યોગિક તથા વ્યાપારી એકમના જાતક માટે આ સપ્તાહ સરેરાશ અથવા પ્રતિકૂળ નીવડે તેવી પૂરી શક્યતા. આ સિવાયના,અન્ય, ઉદ્યોગ-વ્યાપાર-વણિજ એકમના જાતક માટે આ સપ્તાહ અર્ધ લાભદાયી જણાશે. નાના તથા છૂટક, ફેરી કરતા વ્યાપારી જાતક માટે આ સપ્તાહ લાભદાયક નીવડશે. સરકારી ક્ષેત્રના કર્મચારી તેમજ ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ પણ લાભદાયક નીવડશે. જીવનમાં સંવાદિતા તથા સુમેળમાં વધારો થાય તેવી પૂરી શક્યતા. વિદ્યાર્થી, નિવૃત્ત, ગૃહિણી તથા મહિલા કર્મી માટે આ સપ્તાહ પણ સાનુકૂળ નીવડશે. ૧૦ ફેબ્રુઆરી અર્ધ-સાધારણ અથવા મિશ્ર પ્રભાવવાળું નીવડશે. (પન્નોતિનો ઉપાય શ્રમદાન).

## મીન — દ,ચ,ઝ,થ

પેટ્રોલિયમ ઉત્પાદ તેમજ ઈલેક્ટ્રીસીટી સંબંધિત ઉત્પાદના ઔદ્યોગિક એકમના જાતક તથા વાણિજ્યક એકમના જાતક માટે આ સપ્તાહ લાભદાયક તથા દોડધામ વાળું નીવડશે. આ સિવાયના અન્ય, ઔદ્યોગિક એકમના જાતક તથા વ્યાપાર- વાણિજ્ય એકમના જાતક માટે આ સપ્તાહ પણ હળવું હળવું લાભદાયક નીવડશે. શેર બજાર તથા અવૈધ શેર સટ્ટાના જાતક માટે આ સપ્તાહ પ્રતિકૂળ નીવડે તેવી પૂરી શક્યતા. સરકારી ક્ષેત્રના કર્મચારી એવમ ખાનગી ક્ષેત્રના કર્મચારીઓ માટે આ સપ્તાહ પણ અર્ધ-લાભદાયક નીવડશે. કુટુંબ-પરિવારમાં સુખ-શાંતિ પૂર્વવત રહેશે. મહિલા કર્મી માટે આ સપ્તાહ લાભદાયક નીવડશે. ઉચ્ચાભ્યાસ કરતા વિદ્યાર્થી, ગૃહિણી તથા નિવૃત્ત માટે આ સપ્તાહ હળવું લાભદાયક નીવડશે. ૧૪ ફેબ્રુઆરી મધ્યમ રહેશે. (પન્નોતિનો ઉપાય દાન + અભ્યંગ સ્નાન)

મહિલા સ્વસ્થ તો પરિવાર સ્વસ્થ

# હૃદયરોગ સ્ત્રીઓમાં મૃત્યુનું સૌથી મોટું કારણ: મહિલા હૃદય જાગૃતિ સપ્તાહ

**કાર્ડિયોવેસ્ક્યુલર રોગ હજુ પણ મહિલાઓમાં નંબર વન છેઃ આ મહિનામાં વૈશ્વિક સ્તરે નેશનલ રેડ ડે ઉજવાય છેઃ હૃદયરોગ અને સ્ટ્રોક કોઈપણ ઉંમરની સ્ત્રીને અસર કરી શકે છેઃ વિશ્વમાં વીસ વર્ષથી મોટી ઉંમરની છ કરોડ સ્ત્રીઓ કોઈને કોઈ પ્રકારના હૃદય રોગ સાથે જીવે છે**

નોલેજ કોર્નર




ડો.અરૂણ દવે
મો.૯૮૨૫૦૭૮૦૦૦

આજના યુગમાં તમામ પ્રકારના રોગો વિશે લોકોએ જાગૃત થવાની જરૂર છે. જીવનશૈલીના બદલાવને કારણે ઘણા બધા રોગોને આપણે સામેથી આમંત્રણ આપેલ છે. પુરુષો કરતા સ્ત્રીઓ મેડિકલ ફેસીલીટીનો ઓછો ઉપયોગ કરે છે, ત્યારે હૃદય રોગ બાબતે સ્ત્રીઓમાં જાગૃતિ લાવવા સમગ્ર વિશ્વમાં ચાલુ મહિનામાં મહિલા હૃદય સપ્તાહ ઉજવાય રહ્યું છે. હૃદયરોગ મહિલાઓમાં મૃત્યુનું સૌથી મોટું કારણ જોવા મળે છે. સમગ્ર વિશ્વમાં ‘‘ગો રેડ ફોર વુમન‘‘ જેવા અભિયાન ઉજવાય રહ્યા છે. રાષ્ટ્રીય મહિલા હૃદય દિવસ ૨૦૦૨ માં શરૂ થયો હતો. ૧૯૬૦માં હૃદયની બીમારીઓની સારવાર માટે સર્જનોએ પ્રથમ બાયપાસ સર્જરી કરી હતી.

આજના ઝડપી જીવનમાં મહિલાઓ પરિવાર અને સમાજની અનેક જવાબદારીઓ નિભાવતી વખતે પોતાનું સ્વાસ્થ્ય ઘણીવાર પાછળ રાખી દે છે. પરિણામે હૃદયરોગ જેવી ગંભીર સમસ્યાઓ મહિલાઓમાં ચિંતાજનક રીતે વધી રહી છે. આ પરિસ્થિતિમાં મહિલાઓમાં હૃદય આરોગ્ય અંગે જાગૃતિ ફેલાવવા માટે આજે મહિલા હૃદય સપ્તાહ ઉજવવામાં આવે છે. તણાવપૂર્ણ જીવનશૈલી, અયોગ્ય આહાર, વ્યાયામની અછત, ડાયાબિટીસ, બ્લડ પ્રેશર તથા મેનોપોઝ પછીના હોર્મોનલ ફેરફારો મહિલાઓના હૃદય પર નકારાત્મક અસર કરે છે. ખાસ કરીને મહિલાઓમાં હૃદયરોગના લક્ષણો પુરુષોથી અલગ હોઈ શકે છે, જેમ કે અતિશય થાક, શ્વાસ લેવામાં તકલીફ, ચક્કર આવવા વગેરે, જેને ઘણી વાર અવગણવામાં આવે છે.

નિયમિત આરોગ્ય તપાસ, સંતુલિત આહાર, દૈનિક વ્યાયામ અને તણાવ નિયંત્રણ દ્વારા હૃદયરોગથી બચાવ શક્ય છે. રાષ્ટ્રીય મહિલા હૃદય સપ્તાહ મહિલાઓને પોતાના હૃદયના આરોગ્યને મહત્વ આપવા અને સમયસર કાળજી લેવા માટે પ્રેરણા આપે છે. સ્વસ્થ મહિલા એટલે સ્વસ્થ પરિવાર સ્વસ્થ સમાજ. રાષ્ટ્રીય મહિલા હૃદય સપ્તાહ દર વર્ષે ભારતમાં પણ મહિલાઓમાં હૃદયરોગ અંગે જાગૃતિ ફેલાવવા માટે મનાવવામાં આવે છે. હૃદય સ્વસ્થ રાખવા રોજ ઓછામાં ઓછું ૩૦ મિનિટ ચાલવું કે વ્યાયામ સાથે સંતુલિત અને પૌષ્ટિક આહાર, તણાવ ઓછો કરવા ધ્યાન, યોગ નિયમિત હેલ્થ ચેકઅપ કરવું. ખાસ ધુમ્રપાન અને તમાકુથી દૂર રહેવું. મહિલાઓમાં હૃદયરોગ વ્યસ્ત જીવનશૈલી અને સતત તણાવ, ખોરાકમાં વધુ તેલ, મીઠું અને જંક ફૂડ, વ્યાયામની અછત, ડાયાબિટીસ, બ્લડ પ્રેશર, થાઈરોઈડ જેવી સમસ્યાઓને કારણે વધુ થાય છે. મેનોપોઝ પછી હોર્મોનલ ફેરફાર ઘણી વાર મહિલાઓ પોતાના સ્વાસ્થ્યને પાછળ રાખે છે, જેના કારણે પણ હૃદયરોગના લક્ષણો મોડાં ઓળખાય છે. મહિલાઓમાં હૃદયરોગના સામાન્ય લક્ષણોમાં અતિશય થાક લાગવો, શ્વાસ લેવામાં તકલીફ, છાતીમાં ભારપણું અથવા દુખાવો, ચક્કર આવવા, ઊલટી લાગવી, હાથ, ગળા કે જડબામાં દુખાવો જોવા મળે છે, આ લક્ષણો પુરુષોથી થોડા અલગ હોઈ શકે છે, તેથી અવગણવા કરવી નહીં. મહિલા સ્વસ્થ તો પરિવાર સ્વસ્થ તેથી પોતાના હૃદયનું ધ્યાન રાખવું સ્વાર્થ નહીં, સમજદારી છે.

કાર્ડિયોવેસ્ક્યુલર રોગ હજુ પણ મહિલાઓમાં નંબર વન છે. હૃદયરોગ અને સ્ટ્રોક કોઈપણ ઉંમરની સ્ત્રીને અસર કરી શકે છે. વિશ્વમાં વીસ વર્ષથી મોટી ઉંમરની છ કરોડ સ્ત્રીઓ કોઈને કોઈ પ્રકારના હૃદય રોગ સાથે જીવે છે. આજના યુગમાં મહિલાઓમાં હૃદય અને રક્તવાહિની સંબંધિત રોગો વિશે માહિતી આપવી જરૂરી. તંદુરસ્ત જીવનશૈલી અપનાવવા પ્રોત્સાહિત કરવું અને રોગ અટકાવવા માટે જરૂરી પગલાં સમજાવવું. હૃદયરોગ મહિલાઓમા આજે પણ નંબર વન કિલર છે. ઘણી વખત મહિલાઓમાં હૃદયરોગના લક્ષણો પુરુષો કરતા અલગ હોય છે, જેમ કે થાક, શ્વાસ લેવામાં તકલીફ, ચક્કર આવવું. યોગ્ય ડાયેટ, વ્યાયામ, બ્લડ પ્રેશર અને કોલેસ્ટ્રોલનું નિયંત્રણ રાખવાથી જોખમ ઓછું થઈ શકે છે. સ્ટ્રોક અને હૃદય રોગ કોઈપણ ઉંમરની સ્ત્રીઓને અસર કરી શકે છે, એટલે કે દરેક સ્ત્રીએ પોતાનો વ્યક્તિગત ઈતિહાસ, કૌટુંબિક ઈતિહાસ અને જોખમ પરિબળો જાણવું જોઈએ.




વૈશ્વિક સ્તરના આંકડા મુજબ હૃદય રોગ મહિલાઓમાં મૃત્યુનું સૌથી મોટું કારણ આજે છે, જે દર વર્ષે મહિલાઓના ૩૦% મૃત્યુ માટે જવાબદાર છે.તે તમામ પ્રકારના કેન્સર કરતાં બે ગણા વધુ મહિલાઓને મારે છે. ઈટઉથી મહિલાઓના મૃત્યુ કેન્સર કરતાં બમણા વધુ છે. ૨૦ વર્ષથી વધુ ઉંમરની મહિલાઓમાંથી લગભગ ૪૫% કોઈને કોઈ પ્રકારના હૃદય રોગથી પીડાય છે. જે દર વર્ષે ૩ મહિલામાંથી ૧ ના મૃત્યુ માટે જવાબદાર છે. માત્ર ૪૪% મહિલાઓને ખબર છે કે હૃદય રોગ તેમનું સૌથી મોટું જોખમ છે. યુવા મહિલાઓ (૩૦-૫૦વર્ષ)માં હાર્ટ એટેકના કેસ વધી રહ્યા છે.હાઈ બ્લડ પ્રેશરથી થતા મૃત્યુમાં ૫૧.૯% મહિલાઓ છે. ભારતમાં હૃદય રોગ એકંદર મૃત્યુમાં ૩૩% હિસ્સો ધરાવે છે, જે દસ વર્ષ પહેલાં ૨૨%નો હતો. મહિલાઓમાં હૃદય રોગનો વ્યાપ છેલ્લા વર્ષોમાં ૩૦૦% સુધી વધ્યો છે, ખાસ કરીને જીવનશૈલી, તણાવ, ડાયાબિટીસ અને ઓબેસિટીને કારણે. ગુજરાતમાં ૨૦૨૪માં રોજ સરેરાશ ૨૩૦ લોકો હૃદય રોગનો શિકાર બન્યા હતા. ભારતમાં મહિલાઓમાં હાર્ટ એટેકના લક્ષણો અલગ હોય છે, જેમ કે છાતીનો દુખાવો ઓછો, પીઠ,જડબા અને ઉબકા વધુ જોવા મળે છે,જેના કારણે નિદાનમાં વિલંબ થાય છે.

હૃદય રોગ મોટા ભાગે નિવારણીય છે, નિયમિત ચેકઅપ, સ્વસ્થ આહાર, વ્યાયામ, તણાવ નિયંત્રણ અને બ્લડ પ્રેશર,શુગર અને કોલેસ્ટ્રોલનું ધ્યાન રાખવાથી ઘણું ઘટાડી શકાય છે. સ્ત્રીઓમાં એસ્ટ્રોજન હોર્મોન હૃદયને રક્ષણ આપે છે. મેનોપોઝ પછી આ હોર્મોન ઘટે છે, તેથી હૃદયરોગનો જોખમ વધી જાય છે.સૌથી મહત્વપૂર્ણ વાત કે હૃદયરોગ ફક્ત પુરુષોની બીમારી નથી. સ્ત્રીઓએ પોતાના સ્વાસ્થ્યમાં પ્રથમ સ્થાન પર રાખવું જોઈએ.

## અબતક પંચાગ

**તા. ૮-૨ -૨૦૨૬ રવિવાર**

**વિક્રમ સંવત** ૨૦૮૨ **શાલીવાહન શકિ:** ૧૯૪૭
**ખ્રિસ્તી સંવત** ૨૦૨૬
**તિથી** મહા વદ સાતમ
**નક્ષત્ર** સ્વાતી
**યોગ** ગંડ **કરણઃ** વિષ્ટિ
**સુર્યોદય** ૭.૨૩ **સુર્યાસ્તઃ** ૬.૪૦
**ચંદ્ર રાશી** તુલા
**રાશિ અક્ષર** ર.ત.
**દિશાશૂળ** પશ્ચિમ દિશા તરફ
**રાહુકાળ** સાંજે ૪.૩૦ થી ૬
**દિવસનાચોઘડીયા** ઉદવેગ,ચલ,લાભ,અમૃત,કાળ,શુભ,રોગ,ઉદવેગ
**રાત્રીનાચોઘડીયા** શુભ,અમૃત,ચલ,રોગ,કાળ,લાભ,ઉદવેગ,શુભ
**અભિજીત મુહૂર્ત** બપોરે ૧૨.૩૮ થી ૧.૨૩

શાસ્ત્રી રાજદીપ ડી. જોષી - ૯૯૨૫૬ ૧૧૯૭૭

## સૂડોકુ -૫૪

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | ૪ | | | ૭ | ૧ | | |
| ૬ | | ૯ | ૩ | | | | | |
| | | | | | | | | ૫ |
| | | ૩ | | | | ૭ | | |
| | | ૮ | | ૨ | | | | |
| ૫ | | | ૬ | ૮ | | | | ૪ |
| ૪ | | | | ૬ | | | ૩ | |
| | | | ૧ | | ૨ | | | |
| ૧ | ૮ | ૨ | | | | | | |

આપેલા ચોરસમાં ખૂટતા અંકો ભરો કે દરેક કોલમ દરેક હરોળ અને 3x3 ના બોક્સમાં ૧ થી ૯ સુધીના આંકડા આવે. આપેલા આંકડાઓનો તમે સ્થાન ફેર કરી શકશો નહિ. અહીં આપેલા અંકો સિવાયના ખૂટતા અંકો મેળવો.

## સૂડોકુ-૫૩ ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૯ | ૪ | ૮ | ૭ | ૨ | ૩ | ૧ | ૫ | ૬ |
| ૭ | ૧ | ૨ | ૬ | ૫ | ૯ | ૩ | ૪ | ૮ |
| ૩ | ૬ | ૫ | ૪ | ૮ | ૧ | ૭ | ૨ | ૯ |
| ૮ | ૭ | ૪ | ૩ | ૯ | ૬ | ૫ | ૧ | ૨ |
| ૧ | ૨ | ૬ | ૫ | ૭ | ૪ | ૮ | ૯ | ૩ |
| ૫ | ૯ | ૩ | ૨ | ૧ | ૮ | ૬ | ૭ | ૪ |
| ૪ | ૮ | ૭ | ૯ | ૩ | ૫ | ૨ | ૬ | ૧ |
| ૬ | ૫ | ૧ | ૮ | ૪ | ૨ | ૯ | ૩ | ૭ |
| ૨ | ૩ | ૯ | ૧ | ૬ | ૭ | ૪ | ૮ | ૫ |

## કાર્યક્રમોની યાદી — અબ તક CHANNEL

**તારીખ ૦૭-૦૨-૨૦૨૬ શનિવાર**
૧૨:૦૦ થી ૦૨:૦૦ ગુજરાતી મુવી (ડેની જીગર)
૦૨:૦૦ થી ૦૩:૦૦ મોટીવેશનલ સ્પીચ (જય વસાવડા)
૦૩:૦૦ થી ૦૩:૩૦ રસથાળ (પનીર કડાઈ)
૦૩:૩૦ થી ૦૪:૦૦ આયુર્વેદઃ આજે નહીં તો ક્યારે
૦૪:૦૦ થી ૦૪:૩૦ હેલ્થ વેલ્થ (ડો.તન્વી ચોટાઈ)
૦૪:૩૦ થી ૦૫:૦૦ સૌરાષ્ટ્રની રસધાર
૦૫:૦૦ થી ૦૭:૦૦ ગુજરાતી નાટક (ધર્મ યુધ્ધ)
૦૭:૦૦ થી ૦૭:૩૦ સ્ટેન્ડપ કોમેડી
૦૭:૩૦ થી ૦૮:૦૦ મનુ મોજીલો
૦૮:૦૦ થી ૦૯:૦૦ ચાલને જીવી લઈએ
૦૯:૦૦ થી ૧૨:૦૦ કલાકુંભ

**તારીખ ૦૮-૦૨-૨૦૨૬ રવિવાર**
૦૭:૦૦ થી ૧૦:૦૦ રામકથા (પૂ.મોરારિબાપુ)
૧૦:૦૦ થી ૧૦:૩૦ સાપ્તાહિક રાશિ ભવિષ્ય (શાસ્ત્રી, રાકેશ મહારાજજી વ્યાસ)
૧૦:૩૦ થી ૧૧:૦૦ ગીત ગુંજાવલી
૧૧:૦૦ થી ૦૨:૦૦ ગુજરાતી મુવી (કમઠાણ)
૦૨:૦૦ થી ૦૩:૦૦ મોટીવેશનલ સ્પીચ (સંજય રાવલ)
૦૩:૦૦ થી ૦૩:૩૦ રસથાળ (પોકેટ પરાઠાં)
૦૩:૩૦ થી ૦૪:૦૦ આયુર્વેદઃ આજે નહીં તો કયારે
૦૪:૦૦ થી ૦૪:૩૦ હેલ્થ વેલ્થ (ડો.રવિ ઠેસીયા)
૦૪:૩૦ થી ૦૫:૦૦ સૌરાષ્ટ્રની રસધાર
૦૫:૦૦ થી ૦૭:૩૦ ગુજરાતી નાટક (બસ કર બકુલા)
૦૭:૩૦ થી ૦૮:૦૦ મનુ મોજીલો
૦૮:૦૦ થી ૦૯:૦૦ ચાલને જીવી લઈએ
૦૯:૦૦ થી ૧૨:૦૦ કલાકુંભ


**તારીખ ૦૯-૦૨-૨૦૨૬ સોમવાર**
૦૭:૦૦ થી ૧૦:૦૦ રામકથા (પૂ.મોરારિબાપુ)
૧૦:૦૦ થી ૧૧:૦૦ ગીત ગુંજાવલી
૧૧:૦૦ થી ૧૧:૩૦ રસથાળ
૧૧:૩૦ થી ૧૨:૦૦ મોટીવેશનલ સ્પીચ

## આવતીકાલનું રાશિફળ

**તા.૮.૨.૨૦૨૬, રવિવાર, સંવંત ૨૦૮૨, મહા વદ સાતમ, સ્વાતિ નક્ષત્ર, વિષ્ટિ કરણ આજે જન્મેલાંની ચંદ્ર રાશિ તુલા (ર,ત) રહેશે**

**મેષ (અ,લ,ઈ) :** જાહેરજીવનમાં સારું રહે, યશ-પ્રતિષ્ઠા મેળવી શકો, સામાજિક સ્વીકૃતિ પ્રાપ્ત થાય, શુભ દિન.
**વૃષભ (બ,વ,ઉ) :** સવાર બાજુ નો સમય શાંતિથી વિતાવવા સલાહ છે, શત્રુઓથી સાવધ રહેવું, વધુ વિશ્વાસે ના ચાલવું.
**મિથુન (ક,છ,ઘ) :** સંતાન અંગે સારું રહે, પરિવાર સાથે આનંદ માણી શકો, તમારી અંદરની રચનાત્મકતાનો લાભ લઈ શકો.
**કર્ક (ડ,હ) :** જમીન-મકાન-વાહન સુખ સારું રહે, આરામદાયક દિવસ, સુખ સગવડ પ્રાપ્ત થાય.
**સિંહ (મ,ટ) :** સાહસથી સિદ્ધિ પ્રાપ્ત થાય, આગળ વધવાની તક મળે, મિત્રોની મદદ મળી રહે, શુભ દિન.
**કન્યા (પ,ઠ,ણ) :** બેન્ક બેલેન્સ વધારી શકો,નાણાકીય આયોજન કરી શકો, પૈસા બાબત માં સારું રહે.
**તુલા (ર,ત) :** તમારા ક્ષેત્રમાં સફળતા મેળવી શકો, કાર્યસિદ્ધિ આપતો દિવસ, સમાજને કૈક કરી બતાવી શકો.
**વૃશ્ચિક (ન,ય) :** તમારા પૈસા અટવાતા-ફસાતા જણાય, સિફતથી કામ લેવું ગુસ્સામાં આવી નિર્ણયો ના કરવા સલાહ છે.
**ધન (ધ,ભ,ફ,ઢ) :** સગા સ્નેહી મિત્રો થી સારું રહે, નવા લોકો સાથે પણ સબંધ કેળવી શકો, પ્રગતિકારક દિવસ.
**મકર (ખ,જ) :** વેપારીવર્ગને મધ્યમ રહે, નોકરિયાતવર્ગને અનુકૂળ સમય, સ્ત્રીવર્ગ માટે ઉત્સાહજનક, રચનાત્મક પ્રવૃત્તિ કરી શકો.
**કુંભ (ગ,સ,શ) :** ધ્યાન યોગ મૌનનો મહિમા સમજાય, પોઝિટિવ વિચારો થી સારું રહે, લાભદાયક દિવસ.
**મીન (દ,ચ,ઝ,થ) :** અટકેલા કાર્ય પૂર્ણ કરી શકો, નસીબ સાથ આપતું જણાય, ધાર્યા કામ પાર પાડી શકો.

## શું તમારા જન્મસ્થળની નજીક મંદિર આવે છે?



જ્યોતિષાચાર્ય
રોહિત જીવાણી-૭૯૯૦૫૦૦૨૮૨

આકાશિક રેકોર્ડમાં વારંવાર મંદિર, દેવસ્થાન કે ધજાનું આવવું દેવ સાથે જન્મોજન્મનું લેણદેણ દર્શાવે છે. મારા એક આકાશિક રેકોર્ડ દરમિયાન તે જાતકની જન્મોની યાત્રામાં દેવસ્થાનની પૂજા આવતી હતી અને તેને લગતા સંકેત આવતા હતા મેં તેમને પૂછ્યું કે તમારા જન્મસ્થળની આસપાસ આવી કોઈ ધાર્મિક જગ્યા છે તો તેમને કહ્યું ખુબ નજીકમાં જ મંદિર છે અને તેમને વારંવાર મંદિરનો સંકેત પણ થાય છે જે મારા રેકોર્ડમાં કન્ફર્મ થતું હતું તે પછી તેમને એ ધર્મસ્થાન પર શ્રીફળનું તોરણ બાંધવા અને સાવ કિલો સાકર ધરી પ્રયોગ કરવા કહ્યું એ પછી તેમને જમીનને લગતો જે પ્રશ્ન હતો તે સોલ્વ થયો આમ તમારા રેકોર્ડમાં જયારે દેવઋણ આવતું હોય ત્યારે તે શુભ કરે છે પણ તેની સામે જન્મોની યાત્રામાં કેટલુંક દેવઋણ હોય તે ચૂકવવાનું પણ આવે છે અને તે ચૂકવાય જાય પછી રસ્તા ખુલી જાય છે આ બાબતના સંકેત જન્મકુંડળી અને આકાશિક રેકોર્ડમાં મળે છે વળી વ્યક્તિ પોતે પણ એ સંકેતો વારંવાર અનુભવતો હોય છે અને અગાઉ લખ્યું તેમ તેના જન્મસ્થાનથી નજીક મંદિર કે કોઈ દેવસ્થાન જોવા મળે છે જે દર્શાવે છે કે ગત જન્મોમાં આ વ્યક્તિએ એ દેવ કે દેવીની પૂજા કરેલી છે અને તેની પ્રસન્નતા પામેલ છે જે શુભ સંકેત છે પણ મેં કહ્યું તેમ જે ઋણ બાકી છે તે ચુકવવામાં આવે તો આગળ જીવનમાં તેને ખુબ લાભ થતા હોય છે !

દીપકભાઈના પ્રશ્નોતરી સત્સંગ દ્વારા

# આત્માની સાચી ઓળખથી થાય છે શાશ્વત સુખની પ્રાપ્તી

## આત્મા સાક્ષાત્કાર પામવાનો અદભૂત ભેદજ્ઞાન કાલે પ્રયોગ જ્ઞાનવિધિ





**અબતક, રાજકોટ**

ગઈકાલે યોજાયેલા દાદા ભગવાન પરિવારના પ્રશ્નોત્તરી સત્સંગ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી રાજકોટવાસીઓએ તેમને મુંઝવતા તમામ વ્યવહાર, ધર્મ અને અધ્યાત્મ સંબધિત પ્રશ્નોના સમાધાન પૂજ્ય દીપકભાઈ પાસેથી મેળવી અનોખી શાંતિ અને પ્રસન્નતા અનુભવી હતી. આજે એટલે કે રવિવારે અક્રમ વિજ્ઞાનમાં જેનું ખુબ જ મહત્વ મુકવામાં આવ્યું છે અને આ અક્રમ માર્ગનો મૂળભૂત પાયો જેને ગણી શકાય એવા આત્મસાક્ષાત્કાર પામવા માટેના અદ્ભુત ભેદજ્ઞાન પ્રયોગ - જ્ઞાનવિધિનું આયોજન કરવામાં આવ્યું છે.

દરેક જીવમાત્ર સતત સુખની શોધમાં છે. દુઃખ કોઈને ગમતું નથી. તેમ છતાં, આ શોધનો અંત ત્યારે જ આવે છે જયારે શાશ્વત સુખની પ્રાપ્તિ થાય છે અને આ શાશ્વત સુખની પ્રાપ્તિ માત્ર પોતાના સાચા સ્વરુપ (આત્મા) ની ઓળખાણ થયા પછી જ થાય છે. સાકર ગળી છે શબ્દો બોલવાથી તેની મીઠાશ અનુભવાતી નથી. પણ જયારે સાકરનો ટુકડો કોઈ મોઢામાં મૂકી આપે પછી 'સાકર કેવી ગળી છે?'' તેનું વર્ણન કરવાની જરૂર રહેતી નથી. તેવી જ રીતે જ્ઞાનવિધિ બાદ આત્માનો એક વખત અનુભવ થયા પછી તેની પ્રતીતિ જતી નથી. સતયુગમાં જો આવું જ્ઞાન મળ્યું હોત તો તે જ સમયે કેવળજ્ઞાન થઈ શકે તેવો આ જ્ઞાનવિધિનો વૈજ્ઞાનિક પ્રયોગ છે, પણ તે અનુભવ કાળના પ્રભાવથી કાયમ ટકતો નથી. તેમ છતાં, ગમે તેવા સંજોગોના દબાણમાં નામધારી દેહમાં 'હું શુદ્ધ-આત્મા છું એ પ્રતીતિ ખસતી નથી. અને તેથી જ જીવનમાં આધિ, વ્યાધિ કે ઉપાધિના પ્રસંગોમાં પણ સમાધિનો અનુભવ થઈ શકે છે.

આ એ જ જ્ઞાન છે જે ઋષભદેવ ભગવાને ભરત ચક્રવતી રાજાને આપ્યું હતું અને તેના થકી વિશાળ રાજપાટનો વહીવટ તેમ જ સેંકડો રાણીઓ હોવા છતાં ભરત રાજા આત્માના ધ્યાનમાં રહી મોક્ષે જઈ શક્યા. આ જ જ્ઞાન શ્રીકૃષ્ણ ભગવાને અર્જુનને કુરુક્ષેત્રની રણભૂમિ ઉપર આપ્યું હતું અને પરિણામે ભીષણ યુદ્ધ કરવા છતાં અર્જુન તે જ ભવમાં મોક્ષના અધિકારી બન્યા. આવું અદ્ભુત આત્મજ્ઞાન આ કાળમાં શક્ય બન્યું છે ફકત ૨ કલાકમાં આત્માનો અનુભવ સ્પર્શી શકે

(અનુ. આઠમા પાને)

### જ્ઞાનવિધિથી લાખો લોકોના જીવનમાં સકારાત્મક પરિણામો આવ્યાં

આ જ્ઞાનવિધિ અને પાંચ આજ્ઞાની સમજણ દ્વારા દેશ-વિદેશના લાખો લોકોના જીવનમાં ખુબ જ સકારાત્મક પરિણામો જોવા મળ્યા છે. ઘર સ્વર્ગ જેવું બની ગયું છે; જીવનની તમામ ચડતી-પડતીમાં પણ પરિવારમાં કોઈ પ્રકારના કલેશ વિના સમય પસાર થઈ ગયો; માતા-પિતાના અંતિમ સમયમાં દિલથી સેવા થઈ અને તેમના ખૂબ આશીર્વાદ મળ્યા; જીવન જીવવાનો અભિગમ જ બદલાઈ ગયો જેવા અનેક હૃદયસ્પર્શી અનુભવો વર્ણવતા હજારો લોકો પોતાને જીવનમાં પ્રાપ્ત થયેલ સુખ-શાંતિનો શ્રેય પરમ પૂજ્ય દાદા ભગવાનના આ જ્ઞાનને આપે છે. રાજકોટવાસીઓના પુણ્યોદયે તેમને ઘર આંગણે આ અમુલ્ય અવસરનો લાભ પ્રાપ્ત થયો છે.

# વોર્ડ ઓફિસરોને સફાઈની સીધી જવાબદારી: એકશન પ્લાન બનાવવા સુચના

## સ્વચ્છતા હવે માત્ર એક વિભાગની નહીં પરંતુ 'ટીમ કોર્પોરેશન'ની સંયુકત જવાબદારી: મ્યુનિ. કમિશનર






તસવીર: શૈલેષ વાડોલિયા

**અબતક, રાજકોટ**

સ્વચ્છ સર્વેક્ષણ ૨૦૨૬ને ધ્યાનમાં રાખીને રાજકોટને ખરા અર્થમાં સ્વચ્છ, સુંદર અને આરોગ્યપ્રદ બનાવવાના હેતુસર રાજકોટ મહાનગરપાલિકા દ્વારા સઘન આયોજન શરૂ કરવામાં આવ્યું છે. મ્યુનિસિપલ કમિશનરશ્રી તુષાર સુમેરાની અધ્યક્ષતામાં અધિકારીઓ અને કર્મચારીઓ સાથે એક મહત્વપૂર્ણ સમીક્ષા બેઠક યોજવામાં આવી હતી.

બેઠક દરમિયાન મ્યુનિસિપલ કમિશનરે તમામ અધિકારીઓને માર્ગદર્શન આપ્યું હતું કે, સ્વચ્છ સર્વેક્ષણ ૨૦૨૬ને ધ્યાનમાં રાખીને શહેરની સ્વચ્છતા અંગે માત્ર સામાન્ય નહીં પરંતુ ઝીણવટભર્યું, વાસ્તવિક અને પરિણામલક્ષી આયોજન તૈયાર કરવામાં આવે.

દરેક વિભાગે પોતાના કાર્યક્ષેત્ર અનુસાર સફાઈ, કચરા સંકલન, ડોર-ટુ-ડોર ગાર્બેજ કલેક્શન, વેસ્ટ સેગ્રેગેશન, જાહેર સ્થળોની સફાઈ, જાહેર શૌચાલયોની જાળવણી તથા ગંદકી નિવારણ માટે ચોક્કસ એક્શન પ્લાન તૈયાર કરવા સૂચના આપવામાં આવી હતી.

દરેક વોર્ડ ઓફિસર્સને તેમના- તેમના વોર્ડમાં સ્વચ્છતા જાળવવાની સીધી જવાબદારી સોંપવામાં આવી છે. વોર્ડ સ્તરે રોજિંદી સફાઈ કામગીરી, સ્ટાફની હાજરી, સાધનસામગ્રીનો યોગ્ય ઉપયોગ તથા નાગરિકોની ફરિયાદોનું તાત્કાલિક નિવારણ થાય તે માટે ખાસ વ્યવસ્થા ગોઠવવામાં આવશે.

મ્યુનિસિપલ કમિશનરએ જણાવ્યું હતું કે, સ્વચ્છતા હવે માત્ર એક વિભાગની જવાબદારી નહીં પરંતુ સમગ્ર ટીમની સંયુકત

(અનુ. આઠમા પાને)

### વોર્ડ-ઝોન સ્તરે સતત મોનિટરિંગ અને સમીક્ષા કરાશે

સ્વચ્છતા કામગીરી અસરકારક રીતે અમલમાં આવે તે માટે વોર્ડ તથા ઝોન સ્તરે સતત મોનિટરિંગ અને સમીક્ષા કરવાની વ્યવસ્થા ગોઠવવામાં આવશે. નિયમિત ફીલ્ડ વિઝિટ, સરપ્રાઇઝ ચેક, ફોટોગ્રાફિક રેકોર્ડ, કામગીરીની દૈનિક અને સાપ્તાહિક સમીક્ષા દ્વારા ખામીઓ તાત્કાલિક દૂર કરવા સૂચનાઓ આપવામાં આવશે.

### સ્વચ્છ સર્વેક્ષણના તમામ માપદંડોને ધ્યાનમાં રાખીને આયોજન

સ્વચ્છ સર્વેક્ષણ ૨૦૨૬ના તમામ પેરામિટર્સ અને મૂલ્યાંકન માપદંડોને ધ્યાનમાં રાખીને શહેરવ્યાપી આયોજન કરવામાં આવશે. તેમાં સાફ-સફાઈ, વેસ્ટ મેનેજમેન્ટ, જાહેર શૌચાલયોની જાળવણી, નાગરિક પ્રતિસાદ, ઇનોવેશન અને બેસ્ટ પ્રેક્ટિસીસ સહિતના તમામ પાસાઓનો સમાવેશ કરવામાં આવશે. દરેક વિભાગને સર્વેક્ષણના અલગ-અલગ માપદંડ અનુસાર કામગીરી સોંપી તેની પ્રગતિની સમયાંતરે સમીક્ષા કરવામાં આવશે.

# વોર્ડ નં.૩ માં હોસ્પિટલ ચોક ખાતે 'વિદ્યાર્થી વાંચનાલય'નું લોકાર્પણ

## ૭૫ વિદ્યાર્થીઓ બેસી શકે તેવી વ્યવસ્થા: ધારાસભ્ય ડો.દર્શિતાબેન શાહના હસ્તે વાંચનાલય ખુલ્લું મુકાયું








**અબતક, રાજકોટ**

શહેરના વોર્ડ નંબર-૩માં વિદ્યાર્થી વાંચનાલયનું લોકાર્પણ ધારાસભ્ય ડો. દર્શિતાબેન શાહના હસ્તે કરવામાં આવ્યું હતું.

કોર્પોરેશન શહેરીજનોને ભૌતિક સુખ સુવિધાની સાથે સાથે વિધાર્થીઓને પોતાની સ્પર્ધાત્મક પરીક્ષાલક્ષી તૈયારીઓ શાંત વાતાવરણમાં કરી શકે તે માટે વાંચનની સુવિધા મળે તે બાબતને પણ પ્રાધાન્ય આપે છે, શહેરના વોર્ડ ન. ૩ માં શાળાન. ૧૦ કેમ્પસ, જુના કોર્ટ બિલ્ડીંગની બાજુમાં, હોસ્પિટલ ચોક ખાતે વિધાર્થી વાંચનાલય બનાવવામાં આવેલ છે.

આ વાંચનાલયમાં કુલ ૭૫ વિધાર્થીઓ બેસીને વાંચી સકે તેવી વ્યવસ્થા કરવામાં આવેલી છે.

શહેરમાં ધોરણ ૧૨ થી સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારીઓ પોતાના ઘરની નજીક વોર્ડમાં શાંત વાતાવરણમાં કરી શકે તે માટે વોર્ડ વાઈઝ વિદ્યાર્થી વાંચનાલયો બનાવી સેવાઓ પૂરી પાડવામાં આવી રહી છે. જેમાં (૧) વોર્ડ નંબર -૮ માં મહિલા વાંચનાલય, મહિલા એક્ટીવીટી સેંટર, નાના મવા સર્કલ (૨) વોર્ડ નંબર -૪ માં વિધાર્થી વાંચનાલય,શાળા નંબર ૭૭ કેમ્પસ , જૂના મોરબી રોડ (૩) વોર્ડ નંબર -૧૦ વિદ્યાર્થી વાંચનાલય, કાલાવાડ રોડ, જૂના જકાત નાકા, બ્રીજની સામે (૪) વોર્ડ નંબર - ૧૧ વિદ્યાર્થી વાંચનાલય શ્રી રામ ટાઉન શીપ કોમ્પ્લેક્સ, સ્પીડવેલ પાર્ટી પ્લોટની બાજુમાં (૫) વોર્ડ નંબર -૧૨ વિદ્યાર્થી વાંચનાલય,જય ભારત સ્કૂલ કેમ્પસ ,વાવડી ગામ રોડ (૬) વોર્ડ નંબર - ૧૩ વિદ્યાર્થી વાંચનાલય , અલકા સોસાયટી મેઈન રોડ, પતંજલી સ્કૂલની બાજુમાં (૭) વોર્ડ નંબર - ૧૮ વિદ્યાર્થી વાંચનાલાય, કોઠારીયા ગામ, પાણીના ટાંકાની સામે સોમવાર થી શનિવાર સવારે ૧૦.૩૦ થી સાંજે ૬.૧૦ સુધી અવિરત સેવાઓ આપી રહ્યા છે.

આ વાંચનાલયમાં વિદ્યાર્થીઓ માટે સ્વચ્છ, સુલભ અને પૂરતા પ્રમાણમાં હવા ઈજાસ ભર્યુ શાંત વાતાવરણમાં, લાઈટ, પંખા અને ફાયર સેફટીની વ્યવસ્થાઓની સાથે સાથે ભાઈઓ તથા બહેનો માટે સ્વચ્છ ટોયલેટ/યુરીનલની વ્યવસ્થા અને પીવાના સુધ્ધ અને ઠંડા પાણી માટે વોટર કુલર તથા વોટર પ્યુરીફાયરની સુવિધાથી સજ્જતા સાથે આરામદાયક ટેબલ અને ખુરશીઓની વ્યવસ્થા કરવામાં આવી છે . સરકારી નોકરી માટેના લેટેસ્ટ સ્પર્ધાત્મક

(અનુ. આઠમા પાને)

# ઈન્ટરનેશનલ લેવલનું સ્પોર્ટ્સ ઈન્ફ્રાસ્ટ્રકચર ઉભું કરવાના કોર્પોરેશનનો પ્રયાસ

## અલગ-અલગ રમત-ગમતના નિષ્ણાંતો સાથે મેરેથોન બેઠક યોજતા મ્યુનિ.કમિશનર તુષાર સુમેરા

### લોકોની જરૂરિયાતોને કેન્દ્રમાં રાખીને વિકાસનો નવો અભિગમ

હવે કોમ્યુનિટી હોલ, ઓડિટોરિયમ, સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષ, આરોગ્ય કેન્દ્ર, પુસ્તકાલય સહિતની વિવિધ જાહેર વપરાશની સુવિધાઓનું આયોજન માત્ર ટેક્નિકલ દ્રષ્ટિકોણથી નહીં પરંતુ વપરાશકર્તાઓની વાસ્તવિક જરૂરિયાતો અને નિષ્ણાંતોના માર્ગદર્શન હેઠળ કરવામાં આવશે. આ નવો અભિગમ અપનાવવાથી નાગરિકોને વધુ ઉપયોગી, વ્યવહારૂ અને ઉચ્ચ ગુણવત્તાવાળી સુવિધાઓ ઉપલબ્ધ થાય, તેમજ જાહેર નાણાંનો યોગ્ય અને અસરકારક ઉપયોગ થાય તે હેતુ સાથે મહાપાલિકા પ્રતિબદ્ધ છે.



**અબતક, રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા જાહેર હેતુપયોગી પ્રોજેક્ટોના આયોજન માટે એક મહત્વપૂર્ણ પરિપત્ર જાહેર કરવામાં આવ્યો છે. આ પરિપત્ર અંતર્ગત નાગરિકલક્ષી સુવિધાઓના કોઈપણ નવા પ્રોજેક્ટનું આયોજન કરતા પહેલાં સંબંધિત ક્ષેત્રના સ્ટેકહોલ્ડર્સ-જેમાં લાભાર્થી નાગરિકો, સંબંધિત સંસ્થાઓ તથા અનુભવી નિષ્ણાંતોનો સમાવેશ થાય છે. તેમનો અભિપ્રાય લેવો ફરજિયાત બનાવવામાં આવ્યો છે.

આ નવી પહેલના અનુસંધાને મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરાએ વિવિધ રમતગમત ક્ષેત્રોના નિષ્ણાંતો સાથે એક મહત્વપૂર્ણ બેઠક યોજી હતી.

આ બેઠકમાં વોલીબોલ, ક્રિકેટ, એથ્લેટિક્સ, સ્વિમિંગ, સ્કેટિંગ, હોકી, શૂટિંગ, ટેનિસ સહિત વિવિધ રમત-ગમત ક્ષેત્રોના અનુભવી નિષ્ણાંતો ઉપસ્થિત રહ્યા હતા.

આગામી સમયમાં રાજકોટમાં નેશનલ ગેમ્સ તેમજ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરની સ્પર્ધાઓ આયોજિત કરી શકાય તે દિશામાં પણ વિશેષ ચર્ચા કરવામાં આવી હતી. નેશનલ ગેમ્સ જેવા મોટા રમતોત્સવો માટે જરૂરી ઈન્ફ્રાસ્ટ્રક્ચર, ખેલાડીઓ માટેની તાલીમ સુવિધાઓ, સ્ટેડિયમ, ઈન્ડોર સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષ, સ્વિમિંગ પૂલ, ટ્રેક એન્ડ ફિલ્ડ સુવિધાઓ, હોસ્ટેલ, ચેન્જિંગ રૂમ, મેડિકલ અને રિકવરી ફેસિલિટી, દર્શકો માટેની બેઠક વ્યવસ્થા તેમજ ટ્રાફિક અને પાર્કિંગ જેવી સહાયક સુવિધાઓ અંગે વિસ્તૃત વિચારણા કરવામાં આવી હતી.

મ્યુનિસિપલ કમિશનરએ સ્પષ્ટ કર્યું હતું કે, જો આજે યોગ્ય અને દીર્ઘકાલીન દ્રષ્ટિ સાથે આયોજન કરવામાં આવે તો રાજકોટ ભવિષ્યમાં નેશનલ ગેમ્સ જેવી પ્રતિષ્ઠિત સ્પર્ધાઓનું સફળ આયોજન કરી શકે તેવો પૂરતો ક્ષમતા ધરાવે છે. આ હેતુસર રમતગમત ક્ષેત્રના નિષ્ણાંતોના અનુભવ અને માર્ગદર્શનના આધારે તબક્કાવાર વિકાસ યોજના તૈયાર કરવામાં આવશે.

બેઠકમાં હાજર નિષ્ણાંતો દ્વારા રમતગમત ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડિઝાઈન કરતી વખતે ખેલાડીઓના વાસ્તવિક અનુભવ, તાલીમ દરમિયાન આવતી મુશ્કેલીઓ અને આંતરરાષ્ટ્રીય ધોરણો અનુસારની જરૂરીયાતો અંગે મહત્વપૂર્ણ સૂચનો આપવામાં આવ્યા હતા. ખેલાડીઓ માટે સુરક્ષા, સુવિધા અને પ્રદર્શન ક્ષમતામાં વધારો થાય તે હેતુસર દરેક રમત માટે અલગ-અલગ સ્પેસિફિક ડિઝાઈન અપનાવવાની જરૂરિયાત પર ભાર મૂકવામાં આવ્યો હતો.

બેઠકમાં માત્ર વ્યાવસાયિક ખેલાડીઓ જ નહીં, પરંતુ સામાન્ય નાગરિકો અને યુવાઓને રમતગમત

(અનુ. આઠમા પાને)

### રાજકોટને રમત-ગમતના હબ તરીકે વિકસાવવાનો સંકલ્પ

મહાપાલિકાનો હેતુ માત્ર સુવિધાઓનું નિર્માણ કરવાનો નથી, પરંતુ શહેરના યુવાઓને રમતગમત તરફ આકર્ષિત કરવો, પ્રતિભાશાળી ખેલાડીઓને આગળ વધવાની તક આપવી અને રાજકોટને રાજ્ય તેમજ દેશના મહત્વપૂર્ણ રમતગમત કેન્દ્ર તરીકે વિકસાવવાનો છે. આ દિશામાં લેવામાં આવેલ સ્ટેકહોલ્ડર કન્સલ્ટેશનની આ પહેલને ભવિષ્યમાં તમામ પ્રજાલક્ષી અને વિકાસલક્ષી પ્રોજેક્ટોમાં અનુસરવામાં આવશે, જેથી વિકાસ વધુ પારદર્શક, વ્યાવહારિક અને નાગરિક કેન્દ્રિત બની શકે.

# વેલેન્ટાઈન વીક એટલે પ્રેમ અને લાગણીઓની અભિવ્યક્તિનો આઠ દિવસીય ઉત્સવ

## ૭ ફેબ્રુઆરીથી ૧૪ ફેબ્રુઆરી સુધી ઉજવાતુ વેલેન્ટાઈન વીકઃ રોઝ ડે થી વેલેન્ટાઈન ડે સુધી પ્રેમ, વિશ્વાસ અને સમર્પણની ઉજવણી



**અબતક, રાજકોટ**

પ્રેમ અને લાગણીઓ વ્યક્ત કરવા માટે ફેબ્રુઆરી મહિનો ખાસ માનવામાં આવે છે. દર વર્ષે ૧૪ ફેબ્રુઆરીએ ઉજવાતો વેલેન્ટાઈન ડે હવે માત્ર એક દિવસ પૂરતો સીમિત રહ્યો નથી, પરંતુ સમય સાથે તેમાં વ્યાપકતા આવી છે. આધુનિક યુગમાં પ્રેમી યુગલો પોતાની લાગણીઓ વધુ ખુલ્લેઆમ વ્યક્ત કરતા બન્યા છે, જેને ધ્યાનમાં રાખીને હવે વેલેન્ટાઈન ડેને ૮ દિવસીય વેલેન્ટાઈન વીક તરીકે ઉજવવાની પરંપરા વધતી જઈ રહી છે.

આ વેલેન્ટાઈન વીક દર વર્ષે ૭ ફેબ્રુઆરીથી શરૂ થઈ ૧૪ ફેબ્રુઆરી સુધી ઉજવવામાં આવે છે. આ આઠ દિવસ દરમિયાન પ્રેમ, લાગણી, વિશ્વાસ, આત્મીયતા અને સમર્પણ જેવા સંબંધોના વિવિધ પાસાઓને અલગ-અલગ દિવસો દ્વારા ઉજાગર કરવામાં આવે છે. રોઝ ડે, પ્રપોઝ ડે, ચોકલેટ ડે, ટેડી ડે, પ્રોમિસ ડે, હગ ડે અને કિસ ડે બાદ અંતિમ દિવસે વેલેન્ટાઈન ડે ઉજવવામાં આવે છે.

વેલેન્ટાઈન વીક દરમિયાન યુવા વર્ગમાં ખાસ ઉત્સાહ જોવા મળે છે. ફૂલ, ગિફ્ટ, ચોકલેટ અને કાર્ડના વેપારમાં વધારો થાય છે, જ્યારે રેસ્ટોરાં, કેફે અને શોપિંગ મોલ્સમાં પણ વિશેષ રોનક જોવા મળે છે. સાથે સાથે સોશિયલ મીડિયા પર પ્રેમ વ્યક્ત કરવાની પ્રવૃત્તિઓમાં પણ નોંધપાત્ર વધારો થાય છે.

આ રીતે વેલેન્ટાઈન વીક આજના સમયમાં માત્ર પ્રેમી યુગલો માટે જ નહીં પરંતુ લાગણીસભર સંબંધોને ઉજવવાનો એક સામાજિક અને સાંસ્કૃતિક ઉત્સવ બની ગયો છે, જેમાં સંબંધોની મધુરતા અને ભાવનાત્મક જોડાણને મહત્વ આપવામાં આવે છે.

**રોઝ ડે તા. ૭ ફેબ્રુઆરી**

વેલેન્ટાઈન વીકનો આરંભ રોઝ ડે થી થાય છે. આ દિવસે ગુલાબ ફૂલ પ્રેમની લાગણી વ્યક્ત કરવાનું પ્રતીક માનવામાં આવે છે. લાલ ગુલાબ ઊંડા પ્રેમનું, ગુલાબી ગુલાબ લાગણી અને પ્રશંસાનું અને સફેદ ગુલાબ શુદ્ધ સંબંધનું પ્રતિનિધિત્વ કરે છે. આ દિવસે ગુલાબની માંગમાં નોંધપાત્ર વધારો જોવા મળે છે.

**પ્રપોઝ ડે તા. ૮ ફેબ્રુઆરી**

પ્રપોઝ ડે પ્રેમ વ્યક્ત કરવાનો મહત્વપૂર્ણ દિવસ ગણાય છે. દિલમાં રહેલી લાગણી શબ્દોમાં વ્યક્ત કરવા માટે આ દિવસને યોગ્ય માનવામાં આવે છે. ઘણા યુગલો આ દિવસે પોતાના સંબંધને નવી શરૂઆત આપે છે.

**ચોકલેટ ડે તા. ૯ ફેબ્રુઆરી**

ચોકલેટ ડે સંબંધમાં મીઠાશ લાવવાનો દિવસ છે. પ્રેમી યુગલો પોતાના જીવનસાથી અથવા મનપસંદ વ્યક્તિને ચોકલેટ ભેટમાં આપી સંબંધને વધુ મધુર બનાવે છે. આ દિવસે બજારમાં ચોકલેટના વેચાણમાં નોંધપાત્ર વધારો થાય છે.

**ટેડી ડે તા. ૧૦ ફેબ્રુઆરી**

ટેડી ડે માસૂમિયત અને લાગણીનું પ્રતીક માનવામાં આવે છે. ટેડી બેર ભેટ આપીને પ્રેમ, કાળજી અને મિત્રતાની લાગણી વ્યક્ત કરવામાં આવે છે. ખાસ કરીને યુવા વર્ગમાં આ દિવસ લોકપ્રિય છે.

**પ્રોમિસ ડે તા. ૧૧ ફેબ્રુઆરી**

પ્રોમિસ ડે વિશ્વાસ અને પ્રતિબદ્ધતાનો દિવસ છે. આ દિવસે યુગલો એકબીજાને દરેક પરિસ્થિતિમાં સાથ આપવાના અને વિશ્વાસ જાળવવાના વચનો આપે છે, જેના કારણે સંબંધ વધુ મજબૂત બને છે.

**હગ ડે તા. ૧૨ ફેબ્રુઆરી**

હગ ડે પ્રેમ અને આત્મીયતા વ્યક્ત કરવાનો દિવસ છે. આલિંગન દ્વારા પ્રેમ, સુરક્ષા અને લાગણી વ્યક્ત થાય છે. માનસિક રીતે પણ આ દિવસ સકારાત્મક ઊર્જા ફેલાવે છે.

**કિસ ડે તા. ૧૩ ફેબ્રુઆરી**

કિસ ડે પ્રેમ વ્યક્ત કરવાનો ભાવનાત્મક દિવસ ગણાય છે. આ દિવસે સંબંધોમાં નજીકતા વધે છે અને લાગણીસભર બંધન વધુ ગાઢ બને છે.

**વેલેન્ટાઈન ડે તા. ૧૪ ફેબ્રુઆરી**

વેલેન્ટાઈન વીકનો અંતિમ અને સૌથી મહત્વપૂર્ણ દિવસ. આ દિવસે પ્રેમી યુગલો એકબીજાને સમય આપે છે, ભેટો આપે છે અને પ્રેમની લાગણીને ખુલ્લેઆમ વ્યક્ત કરે છે. શહેરોમાં રેસ્ટોરાં, ગિફ્ટ શોપ્સ અને ફૂલ બજારમાં ખાસ રોનક જોવા મળે છે.

# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ દેશની પ્રથમ પ્રકૃતિપ્રેમ ભાગવત કથામાં થયા સહભાગી

## ભાઈ શ્રી રમેશભાઈ ઓઝાની ભાગવત કથાથી ગાંધીનગરમાં પર્યાવરણ જાગૃતિનો



**અબતક, રાજકોટ**

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ ગાંધીનગરમાં આયોજિત દેશની સૌ પ્રથમ પ્રકૃતિપ્રેમ ભાગવત કથા-જ્ઞાનયજ્ઞ મહોત્સવમાં સહભાગી થયા હતા. આ અનોખી ભાગવત કથા પર્યાવરણ જાગૃતિ માટે સેવારત નેચર ફર્સ્ટ ફાઉન્ડેશન તથા પ્રકૃતિપ્રેમીઓના સહયોગથી યોજાઈ રહી છે. તા. ૧ ફેબ્રુઆરીથી ૭ ફેબ્રુઆરી, ૨૦૨૬ દરમિયાન યોજાતા આ મહોત્સવના છઠ્ઠા દિવસે મુખ્યમંત્રીએ કથા શ્રવણ કરીને વ્યાસપીઠની આરતીનો લાભ લીધો હતો.

આ કથાના મુખ્ય વક્તા તરીકે સુપ્રસિદ્ધ ભાગવત કથાકાર પૂજ્યભાઈ રમેશભાઈ ઓઝા વ્યાસપીઠ પરથી ભાગવત કથાનું અમૃતપાન કરાવી રહ્યા છે. ભાવિ પેઢીને કુદરતી આફતો સામે સુરક્ષિત રાખવા તથા જનમાનસમાં પર્યાવરણ પ્રત્યે જાગૃતિ ફેલાવવાના મુખ્ય હેતુ સાથે આ કથા આયોજન કરવામાં આવી છે. વિશેષતા એ છે કે આ ભાગવત કથા કોઈપણ પ્રકારના મંડપ કે પંડાલ વિના, પ્રકૃતિના સંપૂર્ણ સાનિધ્યમાં વૃક્ષોની વનરાજી વચ્ચે ગાંધીનગરના સેક્ટર-૯ વિસ્તારમાં યોજાઈ રહી છે. બ્રહ્માંડના પંચતત્વ અને સમગ્ર જીવસૃષ્ટિની જનેતા એવી પ્રકૃતિ માતાના જતન, સંરક્ષણ અને સંવર્ધનના ઉમદા હેતુ સાથે પાટનગર ગાંધીનગરમાં આ પ્રકૃતિપ્રેમ કથા દ્વારા એક નવતર અને પ્રેરણાદાયી પ્રયોગ હાથ ધરવામાં આવ્યો છે. આ અવસરે નેચર ફર્સ્ટ ટ્રસ્ટના મુખ્ય ટ્રસ્ટી તથા કથાના પ્રાયોજક નારણભાઈ પટેલ, પૂર્વ મંત્રી મહેન્દ્રભાઈ ત્રિવેદી, પદ્મશ્રી જગદીશભાઈ ત્રિવેદી, ધારાસભ્ય રીટાબહેન પટેલ, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન ગૌરાંગભાઈ વ્યાસ, શહેર ભાજપ પ્રમુખ આશિષભાઈ દવે, પૂર્વ મેયર હિતેશભાઈ મકવાણા સહિત મોટી સંખ્યામાં ભક્તજનો ઉપસ્થિત રહ્યા હતા.

### મવડી લેઉવા પટેલ સાશિયલ ગ્રુપના ચેરમેન

# માનવતાવાદી સેવાના પ્રહરી જીતુભાઈ સોરઠીયાના અવિરત સેવા યજ્ઞનો ચોથા વર્ષમાં મંગળ પ્રવેશ

## ગંગાસ્વરૂપ બહેનોને દર મહિને રાશનની સેવા બાદ હવે શહીદ જવાનોના પરિવારજનોને સહાયરૂપ થવાનો સંકલ્પ





**અબતક, રાજકોટ**

સેવા એ જ પરમો ધર્મ છે એ સૂત્રને સાર્થક કરતા મવડી લેઉઆ પટેલ સોશ્યલ ગ્રુપના ચેરમેન શ્રી જીતુભાઈ સોરઠીયા દ્વારા ચલાવવામાં આવતો માનવતાવાદી સેવાયજ્ઞ સફળતાપૂર્વક ત્રણ વર્ષ પૂર્ણ કરી ચોથા વર્ષમાં મંગલ પ્રવેશ કરી રહ્યો છે. આ ભગીરથ કાર્ય અંતર્ગત વિસ્તારની આશરે ૧૩૦ જેટલી ગંગાસ્વરૂપ બહેનોને દર મહિને જીવન નિર્વાહ માટે અંદાજે રૂ. ૧૨૫૦ની કિંમતની પ્રીમિયમ ક્વોલિટીની રાશન કીટ નિઃશુલ્ક અર્પણ કરવામાં આવે છે.

તમામ ખર્ચ જીતુભાઈ સોરઠીયા અંગત રીતે ભોગવે છે. સેવાના આ કાર્યમાં ક્યાંય પ્રચાર જોવા મળતો નથી; જે બેગમાં રાશન આપવામાં આવે છે તેના પર પણ કોઈ નામ નહીં પરંતુ માત્ર ''સીતારામ'' લખવામાં આવે છે. આ કીટમાં ઘઉં-ચણાનો લોટ, સિંગતેલ, ગોળ, કઠોળ, ચા-ખાંડ જેવી શુદ્ધ વસ્તુઓ સાથે તહેવારો પર વિશેષ રાશન પણ ઉમેરવામાં આવે છે.

પરિવાર જેવી સંભાળ માટે.માત્ર રાશન જ નહીં, પણ જે બહેનો કીટ લેવા આવે તેમને ભાવપૂર્વક નાસ્તો કરાવી, ઘરે જવા માટે રિક્ષા ભાડું પણ આપવામાં

(અનુ. આઠમા પાને)

# ક્રિષ્ના કિડ્સ પ્રિ સ્કૂલ એન્ડ લર્નિંગ સેન્ટરનુ કાલે વૈષ્ણવાચાર્ય વ્રજરાજકુમારજી કરશે ઉદઘાટન

## બાળ કેળવણીને સુ-સંસ્કૃત અને ધર્મ સંસ્કાર સભર બનાવવાનો ઉમદા હેતુ



**અબતક, રાજકોટ**

રાજકોટ સહિત સૌરાષ્ટ્રમાં બાળ કેળવણીને શું સંસ્કૃત ધર્મ સંસ્કાર સભરબનાવવા ની નેમ સાથે શહેરના શિક્ષણ ક્ષેત્રે એક નવા અધ્યાયના રૂપે શ્રી ક્રિષ્ના કિડ્સ પ્રિ સ્કૂલ એન્ડ લર્નિંગ સેન્ટર નો આવતીકાલે રવિવારે ૮ ફેબ્રુઆરીએ સવારે ૧૧ વાગે વૈષ્ણવ આચાર્ય વ્રજરાજકુમાર જી મહોદયની ઉપસ્થિતિમાં ઉદઘાટન સમારોહ યોજાશે.

શહેરના અયોધ્યા ચોક વિરલ હાઈટ પાછળ શ્રી શ્રી ગુરુ પાદુકા બિલ્ડીંગ પ્રથમ માળેશ્રી ક્રિષ્ના કિડ્સપ્રિ સ્કૂલ એન્ડ લર્નિંગ સેન્ટર ના સવારે ૧૧૦૦ વાગે તમારાઉદઘાટન સમારોહમાં

વૈષ્ણવ આચાર્ય વ્રજરાજ કુમાર જી મહોદય અને મુખ્ય સેવાર્થી યુ.કે નિવાસી પ્રદીપભાઈ ધામેચા ને મીણાબેન ધામેચા સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહેશે. અંગે વધુ વિગતો માટે ૮૯ ૮૦૩ ૪૫૦ ૫૧ નો સંપર્ક કરવા જણાવ્યું છે.

### આંગણવાડી નવીનીકરણ ઝુંબેશ

# ૯૭૮ આંગણવાડી કેન્દ્રોમાં સુવિધા અને બ્યુટિફિકેશનનું કાર્ય વેગવંતુ

## હવે દીવાલો પણ શીખવશે બાલ પેઈન્ટિંગથી આંગણવાડી કેન્દ્રોમાં શિક્ષણનો અભિગમ






**અબતક, રાજકોટ**


બાળકોના સર્વાંગી વિકાસ તથા પૂર્વ-પ્રાથમિક શિક્ષણને વધુ મજબૂત બનાવવા રાજ્ય સરકાર દ્વારા શરૂ કરવામાં આવેલી ''આંગણવાડી નવીનીકરણ ઝુંબેશ'' રાજકોટ જિલ્લામાં વેગવંતી બની છે. જે અન્વયે જિલ્લાના કુલ ૯૭૮ આંગણવાડી કેન્દ્રોમાં જરૂરીયાત અનુસાર નાના-મોટા સમારકામ ગ્રાન્ટ, જિલ્લા સ્વભંડોળમાંથી આપવામાં આવેલી બ્યુટિફિકેશન ગ્રાન્ટ તેમજ ગ્રાન્ટમાંથી નવીનીકરણનું આયોજન કરવામાં આવ્યું છે. તેમજ આંગણવાડી કેન્દ્રોમાં આંતરિક અને બાહ્ય સફાઈ કામગીરી પણ કરવામાં આવી રહી છે.


નવનીકરણ કામગીરીમાં કલરકામ, () પેઈન્ટિંગ, તેમજ અન્ય માળખાકીય સુવિધાઓનો સમાવેશ થાય છે. અત્યાર સુધી ૧૯૪ આંગણવાડી કેન્દ્રોમાં કામગીરી પૂર્ણ થઈ ચૂકી છે, જ્યારે બાકીના કેન્દ્રોમાં કામગીરી પ્રગતિ હેઠળ છે.આ ઉપરાંત જિલ્લામાં જુના વર્ષોની બચત ગ્રાન્ટમાંથી આયોજનમાં લેવાયેલા કુલ ૧૬૯ આંગણવાડી કેન્દ્રો પૈકી હાલમાં ૯૨ આંગણવાડી કેન્દ્રોમાં નવા બાંધકામની કામગીરી પ્રગતિ હેઠળ છે. રાજ્ય સરકાર દ્વારા આઈ.સી.ડી.એસ. યોજના અંતર્ગત તા. ૧૬ જાન્યુઆરી, ૨૦૨૬ થી ૧૬ ફેબ્રુઆરી, ૨૦૨૬ દરમ્યાન સરકારી મકાનમાં કાર્યરત આંગણવાડી કેન્દ્રોને વધુ સુવિધાયુક્ત અને આકર્ષક બનાવવા

(અનુ. આઠમા પાને)

# પત્રકારત્વ ભવનમાં ડિજિટલ ફિલ્મ નિર્માણની તાલીમ માટે ત્રણ દિવસીય વર્કશોપ

## મોબાઈલથી શોર્ટ ફિલ્મ અને રીલ્સ બનાવવાની પ્રાયોગિક તાલીમ મળશેઃ જાણીતા ઈન્ટરનેશનલ એવોર્ડ વિજેતા ફિલ્મકાર કમલેશ ઉદાસી માર્ગદર્શન આપશે



**અબતક, રાજકોટ**

૨૧મી સદીમાં ડિજિટલ માધ્યમ ઝડપથી વિકસતું અને સૌથી અસરકારક સંચાર સાધન બની રહ્યું છે. આવા સમયમાં વિદ્યાર્થીઓ તથા યુવા મીડિયા વ્યાવસાયિકોને આધુનિક કુશળતા મળે તે હેતુથી સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન એ.ડી. શેઠ પત્રકારત્વ ભવન દ્વારા ડિજિટલ ફિલ્મ નિર્માણ વિષય પર ત્રણ દિવસીય વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું છે. આ વર્કશોપ તા. ૧૭, ૧૮ અને ૧૯ ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ યોજાશે.

આ વર્કશોપમાં જાણીતા ઈન્ટરનેશનલ એવોર્ડ વિજેતા ફિલ્મકાર તથા ઈસરોના પૂર્વ કાર્યક્રમ નિર્માતા કમલેશ ઉદાસી નિષ્ણાત તરીકે વિદ્યાર્થીઓને તાલીમ આપશે. ઈસરો સાથે લાંબા સમય સુધી જોડાયેલા રહેલા કમલેશ ઉદાસી પાસે ડોક્યુમેન્ટરી ફિલ્મ, શોર્ટ ફિલ્મ તથા જાહેરાત ફિલ્મના નિર્માણનો વિશાળ અનુભવ છે. તેઓ પ્રિ-પ્રોડક્શન, શૂટિંગ, સ્ક્રિપ્ટ લેખન, પોસ્ટ-પ્રોડક્શન સહિત ફિલ્મ નિર્માણના તમામ પાસાઓ અંગે પ્રાયોગિક માર્ગદર્શન આપશે.

વર્કશોપની વિશેષતા એ છે કે માત્ર મોબાઈલ ધરાવતા શોખીન વિદ્યાર્થીઓ પણ તેમાં ભાગ લઈ શકશે અને મોબાઈલ દ્વારા શોર્ટ ફિલ્મો તથા રીલ્સ બનાવવાની પદ્ધતિસર તાલીમ મેળવી શકશે. માર્કેટિંગ, ફેશન ડિઝાઈનિંગ, આર્કિટેક્ચર, ઈન્ટિરિયર ડેકોરેશન, જાહેરાત તથા અન્ય ક્ષેત્રોમાં કાર્યરત લોકો માટે પણ આ તાલીમ ઉપયોગી સાબિત થશે. પત્રકારત્વ ભવન દ્વારા વિદ્યાર્થીઓના કુશળતા વિકાસ માટે સતત આવા તાલીમ કાર્યક્રમો યોજવામાં આવે છે. વર્ષ ૧૯૭૩થી પત્રકારત્વનો અભ્યાસક્રમ ચલાવતા આ ભવનમાં સિદ્ધાંત સાથે પ્રાયોગિક જ્ઞાન પર ખાસ ભાર મૂકવામાં આવે છે. દર વર્ષે વિવિધ વર્કશોપ દ્વારા વિદ્યાર્થીઓને મીડિયા ક્ષેત્રનું વાસ્તવિક અનુભવ આધારિત જ્ઞાન આપવામાં આવે છે, જેનો ભાગરૂપે આ ડિજિટલ ફિલ્મ નિર્માણ વર્કશોપ યોજાઈ રહ્યો છે.

આ વર્કશોપનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓને સ્ક્રિપ્ટ લેખન, કેમેરા સંચાલન, લાઈટિંગ, સાઉન્ડ રેકોર્ડિંગ, વિડિયો સંપાદન, વાર્તાકથન તથા આધુનિક ડિજિટલ ફિલ્મ નિર્માણની તકનીકો અંગે સિદ્ધાંત અને પ્રાયોગિક તાલીમ આપવાનો છે. વર્કશોપ પૂર્ણ કરનાર તમામ ભાગ લેનારને પ્રમાણપત્ર પણ આપવામાં આવશે તેમજ ફિલ્મ અને ડિજિટલ મીડિયા ક્ષેત્રમાં કારકિર્દી બનાવવા માર્ગદર્શન મળશેઆ ક્ષેત્રમાં રસ ધરાવતા વિદ્યાર્થીઓ તથા અન્ય ઈચ્છુક ઉમેદવારો તા. ૧૩ ફેબ્રુઆરી, ૨૦૨૬ સુધીમાં પત્રકારત્વ ભવન ખાતે રૂબરૂ અથવા ફોન નં. ૦૨૮૧-૨૫૮૬૪૧૮ તથા મોબાઈલ નં. ૯૭૨૫૮ ૮૦૪૫૫ પર બપોરે ૧૧થી ૫ દરમિયાન સંપર્ક કરી નોંધણી કરાવી શકશે. પરંતુ સર્જનાત્મક દૃષ્ટિકોણ વિકસાવવાની તક મળશે. આજના ડિજિટલ યુગમાં સ્ટોરીટેલિંગ, દૃશ્ય ભાષા અને સંદેશાની અસરકારક રજૂઆત અત્યંત મહત્વપૂર્ણ બની છે, ત્યારે આ તાલીમ વિદ્યાર્થીઓને વૈશ્વિક સ્તરે સ્પર્ધાત્મક બનાવવા સહાયક સાબિત થશે. શૈક્ષણિક અભ્યાસ સાથે વ્યવસાયિક કુશળતા વિકસાવવા ઈચ્છતા વિદ્યાર્થીઓ માટે આ ત્રણ દિવસીય વર્કશોપ એક મહત્વપૂર્ણ અવસર બની રહેશે.

# વ્યાજખોરોનો આતંક: બે યુવાનોની જિંદગી ભરખી લઈ પરિવારોને રઝળાવી દીધા

## કેવડાવાડીના રીક્ષાચાલક યુવાનને રૂ.૧.૫૦ લાખ આપી કમ્મરતોડ વ્યાજ વસૂલી જયદીપ મૈયડએ પઠાણી ઉઘરાણી કરી: રીક્ષા પડાવી લેતા મંદિરમાં જઈ વિડિયો બનાવી યુવકે જિંદગીનો અંત આણી દીધો

### મોટાવડાના કેટર્સના ધંધાર્થી પાસે પાંચ ટકા વ્યાજ વસુલી ચાર વ્યાજખોરોએ મિલ્કત પચાવી લેતા પોતાની કારમાં જ ઝેર પી લેતા મોત

**અબતક, રાજકોટ**

નિર્દોષ લોકોની જિંદગી વ્યાજખોરીના ખપ્પરમાં હોમાઈ રહી છે. છાસવારે વ્યાજખોરોના ત્રાસથી કંટાળી લોકો જીવ દઈ દેતાં હોય છે. ત્યારે આવા જ બે બનાવ રાજકોટ શહેર અને ગ્રામ્ય વિસ્તારમાથી સામે આવ્યા છે. જ્યા રાજકોટ શહેરના કેવડાવાડીમાં રહેતા રીક્ષાચાલક યુવાને વ્યાજખોર જયદીપ મૈયડના ત્રાસથી કંટાળી પત્નીને અશ્રુભીની આંખે ફોન કરી, પોતાની વ્યથા જણાવી મંદિરમાં જઈને જીવ દેતાં તેના મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે ખસેડી સુસાઇડ નોટના આધારે ગુનો નોંધવા તજવીજ હાથ ધરી છે. જ્યારે બીજા બનાવમાં મોટાવડાના કેટરર્સના ધંધાર્થીએ ચાર વ્યાજખોરોના ત્રાસથી કંટાળી પોતાની કારમાં જ ઝેરી દવા ગટગટાવી આપઘાત કરી લીધો હતો.

## અશ્રુભીની આંખે પત્નીને ફોન કર્યો, વ્યથા જણાવી બાદમાં અમિત તન્નાએ ઝેર પી જીવ દીધો



વ્યાજખોરોના રંઝાડના બીજા બનાવમાં રાજકોટ શહેરના કેવડાવાડીમાં લલુડીવોકડી નજીક રહેતા ૪૦ વર્ષીય રીક્ષા ચાલક અમિત તન્નાએ ઝેરી દવા ગટગટાવી જીવનનો અંત આણી દીધો હતો.

બનાવ અંગે મૃતક અમિતભાઈ અરવિંદભાઈ તન્નાના પત્ની રૂપાબેને જણાવ્યું હતું કે,અમિતભાઈએ જયદીપ મૈયડ પાસેથી ૧ લાખ રૂપિયા વ્યાજે લીધા હતા, જેની સામે ૬૦ હજારની રકમ બાકી હતી. જોકે, જયદીપે અગાઉ જ અમિતભાઈની દોઢ લાખની કિંમતની રિક્ષા પડાવી લીધી હતી અને છેલ્લા બે વર્ષથી તે પોતે જ રિક્ષા ફેરવતો હતો. રિક્ષા લઈ લીધી હોવા છતાં, જયદીપ વ્યાજ સહિત કુલ ૩.૫૦ લાખ રૂપિયાની પઠાણી ઉઘરાણી કરતો હતો. રૂપાબેને જણાવ્યું કે, અમિતભાઈની ગત ૩૦ તારીખે જ એન્જિયોગ્રાફી કરવામાં આવી હતી. અમિતભાઈએ જયદીપને પગે લાગીને વિનંતી કરી હતી કે, અત્યારે ઓપરેશનના કારણે પૈસા નથી, હું પછી આપી દઈશ.'' પરંતુ વ્યાજખોરે એક પણ વાત સાંભળી નહોતી અને કોર્ટમાં આપેલા ૩ કોરા ચેક દ્વારા કેસ કરી વધુ દબાણ બનાવ્યું હતું. રૂપાબેન જ્યારે કામે જતી ત્યારે રસ્તામાં ઊભી રાખીને પણ તે પૈસાની માંગણી કરી હેરાન કરતો હતો. અંતે, સતત મળતી ધમકીઓ અને માનસિક ત્રાસથી અમિતભાઈએ પોતાની પત્નીને ફોન કરી રડતા-રડતા પોતાની વ્યથા જણાવી હતી અને સોરઠીયાવાડી પાસે ઝેરી દવા પી આપઘાત કરી લીધો હતો.

### તું મરી જા એટલે કામ પતે... ચાલ હું મરી જાઉં છું...

## જયદીપ રૂ.૧૨,૨૫૦ વ્યાજ પેટે પડાવતો, પેનલ્ટી ઉઘરાવતો, રીક્ષા પણ લઈ ગયો: સુસાઈડ નોટ લખી જીવન ટૂંકાવ્યું

### ચેક રિટર્ન કેસમાં કોર્ટ મુદતના દિવસે જ યુવાનની અર્થી ઉઠી

મૃતકે આપઘાત પૂર્વે એક સુસાઈડ નોટ લખી હતી. જેમાં તેણે જણાવ્યું હતું કે, હું અમિત અરવિંદભાઈ તન્ના આજે જે પગલું ભરવા જઈ રહ્યો છું તેનો સંપૂર્ણપણે જવાબદાર વ્યક્તિ એટલે જયદીપ દિનેશભાઈ મૈયડ (રહે.૬/૨૧ કેવડાવાડી, રાજકોટ). મૃતકે જણાવ્યું હતું કે મેં જયદીપ હસ્તક રીક્ષા લેવા માટે વર્ષ ૨૦૧૮માં તેના ઓળખીતા પ્રવીણભાઈ(મામા) પાસેથી રૂ. ૧ લાખ રોકડા અને ૫૦૦૦૦ રૂપિયાની એમની મંડળીમાંથી લોન લીધેલ હતી. જેમાં દર મહિને એક કલાકના ૧૧,૦૦૦ નો હપ્તો થઈને મારે જયદીપને ૧.૨૦ લાખ ચૂકવવાના હતા. મંડળી પેટે દર મહિને રૂ.૨૫૦૦ નો હપ્તો ચૂકવવાનું નક્કી થયેલ હતું. જે મેં સમયસર ચાર મહિના સુધી ચૂકવેલ હતું. દરમિયાન વર્ષ ૨૦૧૮ માં ઓક્ટોબર મહિનામાં મારા પિતાને કેન્સરનું નિદાન થયું હતું અને ૨૦૧૯ ના ફેબ્રુઆરી મહિનામાં પિતાનું નિધન થઈ ગયેલ હતું. દવાખાનના ખર્ચને કારણે મેં બજારમાંથી અલગ અલગ લોકો પાસેથી આશરે રૂ. ૪૫૦૦૦ ઉછીના લીધા હતા. જે રૂપિયા ચૂકવતા વર્ષ ૨૦૨૦ માં લોકડાઉન થઈ ગયેલ હતું. જેથી પૈસા ચૂકવી શકું તેવી મારી પરિસ્થિતિ ન હતી. જેના લીધે મારે જયદીપ સાથે મન દુઃખ થઈ ગયેલ હતું. દરમિયાન જયદીપએ તેના મામાને પૈસા ચૂકવી આપેલ છે તેમ જણાવી હવે પૈસાનો તમામ વહીવટ મારી સાથે કરવાનો રહેશે કહી ૧૦% વ્યાજ વસૂલવાનું શરૂ કર્યું હતું. તે રૂ. ૧૨૨૫૦ વ્યાજ પેટે પડાવતો હતો અને તેમાં મોડું થાય તો અલગથી રૂપિયા ૧૨૨૫ પેનલ્ટી સ્વરૂપે ઉઘરાવતો હતો. બાદમાં હું જ્યારે વ્યાજ ચૂકવવામાં અસફળ રહ્યો ત્યારે તેણે મારી રીક્ષા પડાવી લીધી હતી. વર્ષ ૨૦૨૦ માં તેણે મારો રૂ.૨.૦૭ લાખની રકમ ભરી અને મંડળીમાં આપેલ ચેકમાં રૂ.૭૦,૦૦૦ ની રકમ ભરી બેંકમાં વટાવી દીધો હતો બાદમાં તેણે બંને ચેક રિટર્ન કરાવી મારા વિરુદ્ધ કોર્ટમાં કેસ પણ દાખલ કરી દીધેલ હતો. બાદમાં છેલ્લે લીમડા ચોકમાં આવેલ ટી પોસ્ટ ખાતે સમાધાન માટે મળેલ હતા. ત્યારે તેણે મને કહ્યું કે, 'તું દવા પી જા એટલે કામ પતે અને તું દવા પી જઈશ એટલે જજ સાહેબ જ મને જામીન આપી દેશે'. વધુમાં મૃતકે સુસાઈડ નોટમાં ઉલ્લેખ કર્યો હતો કે, તા.૭-૨-૨૬ ના રોજ મારે કોર્ટની તારીખ છે મેં તેને તા.૫-૨-૨૬ ના બપોરના સમયે ફોન કર્યો હતો કે, તે ૩૦,૦૦૦ ની માંગણી કરી હતી હાલ મારી પાસે ૧૫૦૦૦ની સગવડતા છે ત્યારે તેણે કહેલ કે પૈસા તો પૂરા જોશે.

વધુમાં મૃતકે જણાવ્યું હતું કે,ખરેખર મરતો માણસ ખોટું ના બોલે. મેં આના અને એના મામાના પૂરેપૂરા પૈસા ચૂકવી આપેલ છે અને આને મારી પાસે કેટલું વ્યાજ લીધું એ તો હવે મને પણ યાદ નથી એટલે આજે દવા પીને મારા જીવનનો અંત આણવા મને મજબૂર કરનાર એક જ વ્યક્તિ છે જયદીપ.

## વ્યાજખોરોએ મારી જમીન પડાવી, ગોડાઉન છીનવી લીધું, ચેક લઈ લીધા, પાંચ ટકા વ્યાજ વસુલ્યું: કેટરિંગના ધંધાર્થીના અંતિમ શબ્દો

### બેટા મને માફ કરજે... ઝેરી દવા ગટગટાવી પુત્રને ફોન કરી પિતાએ માફી માંગી



બનાવ અંગે લોધીકા તાલુકાના પાંભર ઈટાળા ગામે રહેતા ૬૯ વર્ષીય વૃદ્ધ લક્ષ્મણભાઈ પાંચાભાઈ પાંભરે મેટોડા જીઆઈડીસી પોલિસ મથકમાં નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે રાજકોટના ભરતસિંહ સોલંકી, મોટાવડાના મયુરસિંહ પરાક્રમસિંહ જાડેજા, મુંજકાના વિનુ મેત્રા, નાના ઈટાળાના પ્રવિણસિંહ(હાલ મૃત)નું નામ આપતાં જણાવ્યું હતું કે, મારે સંતાનમાં બે દિકરા તથા બે દિકરીઓ છે. જેમા સૌથી મોટી દિકરી પુજાબેન જે રાજકોટ ખાતે સાસરે છે. તેનાથી નાનો દિકરો બીપીનભાઈ જે મરણ ગયેલ છે, જે કેટરીંગનું કામ કરતો હતો. મારા દિકરા બીપીનભાઈના પત્નિનું નામ કંચનબેન છે. જે આશરે દોઢેક વર્ષ પહેલા કેન્સરની બીમારીથી મરણ ગયેલ છે. તેને સંતાનમાં એક દીકરો ધ્રુવીન (ઉવ.૨૫) નો છે, જે પ્રાઈવેટ નોકરી કરે છે, જે તેની પત્નિ સાથે રાજકોટ ખાતે રહે છે. તેનાથી નાની દિકરી પારૂલબેન જે રાતૈયા ગામે સાસરે છે અને સૌથી નાનો દિકરો મહેશભાઈ જે જેટકો રાજકોટ ખાતે ડેપ્યુટી એન્જીનીયર તરીકે નોકરી કરે છે. મારા પત્નિનું નામ પુરીબેન છે. જે મારી સાથે રહે છે.

વૃદ્ધ પિતાએ ફરિયાદમાં જણાવ્યું હતું કે, ગત તા.૦૫/૦૨/૨૦૨૬ના રોજ સવારના સાડા અગીયારેક વાગ્યે હું મારી પાંભર ઈટાળા રોડ પર લેકવ્યુ રિસોર્ટની બાજુમાં આવેલ વાડીએ હતો. ત્યારે મને મારા પૌત્ર ધ્રુવીનનો ફોન આવેલ કે, પપ્પાનો મારામાં ફોન આવેલ છે અને મને કહેતા હતા કે મને માફ કરી દેજો, હું દવા પી જાવ છુ. જેથી મેં તરત જ મારા દિકરા બીપીનને ફોન લગાવતા તેણે મારો ફોન ઉપાડેલ નહી. જેથી મે અમારી કેરી ગાડીનું ડ્રાઈવીંગ કરતા વિક્રમને સાથે લઈ રાજકોટ તરફ આવવા નિકળેલ હતા પરંતુ મારો દિકરો કેવલમ રોડ ઉપર આવેલ ધારૂવાળી ખોડીયાર માતાજીના મંદીરે વધુ આસ્થા ધરવતો હોય જેથી તે ત્યાં હોઈ શકે તેવુ વીચારી અમે ખોડીયાર માતાજીના મંદીરે જતા હતા. દરમિયાન મારા દિકરાનું કેટરીંગનું કામ કરતા બીટુટુ નામનો છોકરો મને મારા દીકરાની વેન્યુ ગાડી લઈને સામે મળેલ હતો. વેન્યુ ગાડીમાં મારો દિકરો બીપીન પાછળની શીટમાં સુતેલ હતો. અમે કેરી ગાડી ત્યાં રોડ ઉપર રાખી વેન્યુ ગાડીમાં બેસી ગયેલ અને જોયેલ તો મારો દિકરો બીપીન અર્ધબેભાન હાલતમાં હતો અને મારી હોજરી ફાટે છે મને પાણી આપો તેમ કહેતો હતો. જેથી મે બીપીનને પુંછેલ કે, તે શું કામ આવું પગલું ભરેલ છે. તો મારા દિકરા બીપીને પોતાના શર્ટના ખીસ્સામાંથી એક ચિઠ્ઠી કાઢીને મને આપેલ હતી. જે મે વાંચતા તેમા લખેલ હતુ કે, 'વ્યાજવાળાના ત્રાસથી મારે દવા પીવી પડશે, એને મારા છોકરાના ચેક લીધેલ છે, ૫ ટકા વ્યાજે પૈસા આપેલ છે, ભરતસીંહ સોલંકી હરામી માણસ છે, મયુરસિંહ પરાક્રમસિંહ જાડેજાએ મને બોવ ત્રાસ આપીયો છે, મારા છોકરાનુ ધ્યાન રાખજો, મારી જમીન વ્યાજમા વીનુ મેત્રાએ લઈ લીધી, મારૂ ગોડાઉન પ્રવીણસીહે લઈ લીધુ' તેમ લખેલ હતુ. તેની પાછળના ભાગે તા.૦૪/૦૨/૨૦૨૬ ના રોજનું નીરમણભાઈ છૈયાના પ્રસંગના ઓર્ડરનું લીસ્ટ લખેલ હતુ. દરમિયાન મારા પુત્ર બિપીને વાત કરવાનું બંધ કરી દીધું હતું.

જે બાદ મેં તરત જ પૌત્ર ધ્રુવિનને ફોન કરી બિપીનને વોકહાર્ટ હોસ્પિટલ ખાતે લઈ જવા અંગે વાતચીત કરી તાત્કાલિક વેન્યુ કારમાં અમે વોકહાર્ટ હોસ્પિટલ જવા માટે નીકળ્યા હતા. જયા ઈમરજન્સી વિભાગમાં સારવાર ચાલુ કરેલ હતી. થોડીવાર બાદ ફરજપરના તબીબે બિપીનને મૃત જાહેર કરી દીધો હતો. જે બાદ પુત્રની અંતિમ વિધિ પૂર્ણ કરી વૃદ્ધ પિતાએ મેટોડા જીઆઈડીસી પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવતા ચારેય વ્યાજખોરોનું નામ આપી જણાવ્યું હતું કે, બિપીનએ વ્યાજે પૈસા લીધેલ હોય, જે પૈસાની આરોપીઓ પઠાણી ઉઘરાણી કરી હેરાન કરી માનસિક ત્રાસ આપતા હોય પરિણામે કંટાળીનવા મારા પુત્ર બિપીને મોટાવડા રોડ ઉપર આવેલ ધારૂવાળી ખોડીયાર માતાના મંદીરની બાજુમાં જઈ તેની વેન્યુ ગાડીમાં ઝેરી દવા પી આપઘાત કરી લીધી હતો. જેથી મેટોડા જીઆઈડીસી પોલિસે બીએનએસની કલમ ૧૦૮,૫૪ તેમજ મની લેન્ડ એક્ટ હેઠળ ગુનો નોંધી વ્યાજખોર ભરતસિંહ બનેસિંગ સોલંકી(ઉવ ૫૯ ધંધો ટ્રાન્સપોર્ટ, રહે. શક્તિ મારુતિપાર્ક શેરી નં.-૪, સત્યસાંઈ હોસ્પિટલ પાછળ, કાલાવડ રોડ, રાજકોટ)ની ધરપકડ કરી હતી જ્યારે અન્ય બે વ્યાજખોરોની શોધખોળ શરૂ કરવામાં આવી હતી.

### તે શું કામ આવું પગલું ભર્યું? પિતાના સવાલ સામે પુત્રએ સુસાઈડ નોટ આપી દમ તોડી દીધો

## શું ચેક આપવાવાળો માણસ જ હંમેશા ખોટો હોય? તંત્રને મૃતકનો અંતિમ સવાલ

મૃતકે કહ્યું હતું કે, મારે કોર્ટ, કાયદા, પ્રશાસન અને પોલીસને એક સવાલ પૂછવો છે કે, શું ચેક આપવાવાળો માણસ હંમેશા ખોટો જ હોય, એને ઈમાનદારીથી પૈસા જમા ન કરાવ્યા હોય અને ચેક લખીને નાખી દેવાવાળો જ સાચો હોય? બને તો આ વાત વિશે વિચારજો અને જો હું મરી જાવ તો મને ન્યાય અપાવજો બસ એ જ અને આ આખી વાત મારા બાપાસીતારામને સાક્ષી રાખીને કહું છું આમાં એક પણ શબ્દ ખોટો નથી.

# ઢોંગી બાબાના ધતિંગે પરિવારનો માળો વિંખ્યો : વધુ એક ભોગ બનનાર સામે આવ્યો

### તમારા ઘરમાં બધું સારૂ કરવું હોય તો જંગલમાં વિધિ કરવી પડશે કહી રૂ.૩૦ હજાર અને ઘરેણાંની માંગણી કરી'તી

**અબતક, રાજકોટ**

ગુંદાવાડીના ઢોંગી તાંત્રિક સતિષ ધામીના ધતિંગે વધું એક પરિવારનો માળો વિંખી નાખ્યો હોય તેવો બનાવ સામે આવ્યો છે. તમારા ઘરમાં સારું કરવું હોય તો જંગલમાં એક વિધિ કરવી પડશે કહી ઋત્વિક દેસાઈ નામના યુવાન પાસે રૂ.૩૦ હજાર અને ઘરેણાની માંગણી કરી હતી પણ યુવક વશ ન થતા તાંત્રિકે યુવકની પત્નીનો બ્રેઈન વોશ કરી તારો પતિ તને વર્ષ ૨૦૨૭ માં દગો દેશે તેમ કહીં ભરણપોષણનો કેસ પણ કરાવ્યો હતો.

જે મામલે વધુમાં ભોગ બનનાર ઋત્વિકભાઈએ પોતાની વ્યથા ઠાલવતા જણાવ્યું હતું કે, ગઈ તા.૧૦-૦૨-૨૦૨૩ ના તેમના લગ્ન થયાં હતા. લગ્ન બાદ દંપતી શાંતિથી લગ્ન જીવન પસાર કરતાં હતાં. તે દરમિયાન તેમના

### મેં ત્રણ વર્ષથી મારા પુત્રનું મોઢું જોયું નથી, આપઘાતના વિચાર આવે છે : ભોગ બનનાર યુવકની વ્યથા

સાસુ પ્રભાબેને ત્રણ મહિના બાદ પત્નીને પોતાના ઘરે બોલાવી લીધી હતી અને સોનાના દાગીનાની માંગ કરી હતી. જેથી યુવકે ગમે તેમ કરી દાગીનાની વ્યવસ્થા કરી આપી હતી.થોડા સમય બાદ ફરીવાર યુવકની પત્નીને સાસુએ પરત બોલાવી મકાનની માંગ કરી હતી. જે બાદ યુવકે મકાનની પણ વ્યવસ્થા કરી લઈ પરત પત્નીને તેડી આવ્યો અને અલગ રહેવા લાગ્યો હતો. દરમિયાન પત્ની ગર્ભવતી થઈ હતી. ગર્ભને સાત માસ થતા તે પિયર ગઈ હતી. જે બાદ પુત્રનો જન્મ થયો હતો. પરત પત્નીને તેડવા જતા સાસુએ વધું રૂપીયાની માંગ કરી હતી.

જે બાદ સતીષ ધામી તેના સાસુના ઘરે આવ્યો ત્યારે યુવકને પણ બોલાવ્યો હતો અને તેની પત્નીને તમારા પગમાં નિશાન છે તેમ કહીં બ્રેઈન વોશ કરી નાંખ્યું હતું. તેમજ યુવકને તમારા ઘરમાં સારું કરવું હોય તો એક વિધિ કરવી પડશે, જે વિધિ જંગલમાં થશે તેમ કહીં રૂ.૩૦ હજારની માંગણી કરી હતી. જે વાતમાં ન આવી યુવકે બે માસ સુધી તેને પૈસા આપ્યાં ન



હતાં.દરમિયાન યુવકને તેના સાસુ પ્રભાબેન સતિષ ધામીના ગુંદાવાડીમાં આવેલ મકાને લઈ ગયાં હતાં અને યુવકને ધામીએ તમારી પાસે રહેલ દાગીના અમને સોંપી દો તો તમારું ઘર વ્યવસ્થિત ચાલશે. યુવકે તેમને ઘરેણાં ન આપતાં પત્નીનો બ્રેઈન વોશ કરી નાંખ્યો હતો. જે દરમિયાન યુવકે ગઈ તા.૧૬-૦૨-૨૦૨૫ ના પત્નીને મેસેજ કર્યો કે, તારે પૈસાની જરૂરિયાત હોય તો હું આપી જાવ તેમ કહેતા પત્નીએ મારે તમારી સાથે કોઈ વાત નથી કરવી, તેમજ તમે મને પ્રેગ્નેન્સી દરમિયાન માર માર્યો છે, તમે ઘરેણાં નથી આપ્યા એટલે આ બધું થયું છે.વધુમાં યુવકે ઉમેર્યું હતું કે, તેને છેલ્લે ત્રણ મહિનાનો તેમનો પુત્ર હતો ત્યારે જોયો હતો, જે આજે ત્રણ વર્ષનો થઈ ગયો છે, છતાં પણ તેમનું મોઢું પણ નથી જોયું, આપઘાત કરવાના વિચાર આવે છે, પરંતુ પુત્રની જિંદગી હેરાન ન થાય તે માટે જિંદગી જીવી રહ્યો છું, આ સતીશ ધામીએ મારા ફુલ જેવા પરિવારના માળાને વિંખી નાખ્યો છે. તેમજ તેની પત્નીને સતીષ ધામીએ વર્ષ ૨૦૨૭ માં તારો પતિ તને દગો આપશે, હેરાન કરી નાંખસે કહીં ફસાવી પણ છે. જે બાદ સસરિયાઓએ તેમના પર ભરણ પોષણનો પણ કેસ કર્યો છે. યુવક પણ આરોપી સતીષ ધામી સામે ફરિયાદ નોંધાવશે તેમ પણ જણાવ્યું હતું.

### ધુતારાના ઢોંગમાં યુવક વશમાં નહિ થતાં તારો પતિ તને વર્ષ ૨૦૨૭ માં તને દગો દેશે કહી પત્નીનો બ્રેઈન વોશ કર્યો : ભરણપોષણનો કેસ પણ કરાવ્યો

### તાંત્રિકે લોકોને છેતરી જાહોજલાલી ભોગવી : ક્રેટા કાર, આઈફોન ઉપરાંત ન્યારી ડેમ નજીક વિલા ખરીદયો'તો

ઢોંગી તાંત્રિક લોકોને છેતરી જાહોજલાલી ભોગવતો હોવાના અહેવાલ મળ્યા છે. લોકોને આધ્યાત્મિક વાતોમાં ફસાવી માતાજીનો ભય બતાવી પૈસા પડાવી તાંત્રિકે ક્રેટા કાર, મોબાઈલ તો ખરીદયો જ હતો પણ સાથોસાથ ભોગ બનનાર ઋત્વિક દેસાઈ નામના યુવકે જણાવ્યું હતું કે, આરોપી પાસે ન્યારી ડેમ નજીક એક વૈભવી વિલા પણ આવેલ છે.

# બગદાણાના કોળી યુવાન પર હુમલામાં જયરાજ આહીર સહિત છ શખ્સના જામીન મંજૂર

### મુંબઈના કાર્યક્રમમાં બગદાણા ટ્રસ્ટના મેનેજિંગ ટ્રસ્ટીના નામનો ઉલ્લેખનો માફી માગતો વીડિયો મોકલાયાનો ખાર રાખી હુમલો કારણભૂત હતું !

**અબતક, રાજકોટ**

સૌરાષ્ટ્ર ભરમાં ચકચાર મચાવનાર બગદાણા ગામના પૂર્વ સરપંચ નવનીત બાલધિયા નામના કોળી યુવાન પર હુમલાના પ્રકરણમાં જેલ હવાલે રહેલા જાણીતા લોકસાહિત્યકાર માયાભાઈ આહીર ના પુત્ર અને યુવા ભાજપના આગેવાન જયરાજ આહીર સહિત છ આરોપીઓને મહુવા કોર્ટે શરતી જામીન અરજી મંજૂર કરી છે.વધુ વિગત મુજબ મુંબઈના જાહેર કાર્યક્રમમાં માયાભાઈ આહીરે બગદાણા ટ્રસ્ટમાં મેનેજિંગ ટ્રસ્ટી તરીકે યોગેશભાઈ સાગરના નામનો ઉલ્લેખ કર્યો હતો, જેથી મેં માયાભાઈ આહીરને ફોન કરી જાણ કરી હતી કે બગદાણાના મેનેજિંગ ટ્રસ્ટી તરીકે કોઈ નથી.જેથી માયાભાઈએ કહ્યું હતું કે, હું માફી માગતો વીડિયો મોકલી આપું છું. તે વીડિયો મારા ચાર પાંચ મિત્રોને મોકલ્યો હતો. માયાભાઈએ માફી માગતાં તેના પુત્ર જયરાજને લાગી આવ્યું હતું, જેથી તેને મને ફોન કરી મળવા માટે કહ્યું હતું. બગદાણાના પૂર્વ સરપંચ નવનીત બાલધિયા નામના કોળી યુવા પર તા.૨૯ ડિસેમ્બર, ૨૦૨૫ના રાત્રિ કલાકે આઠ શખસે હુમલો કર્યો હતો. આ હુમલામાં ગંભીર રીતે ઘાયલ થયેલા નવનીત બાલધિયાની તા.૧ જાન્યુઆરીએ હીરા સોલંકી સાથેની મુલાકાત લીધી હતી. બાદ ઘટનાએ સામાજિક રંગ લાગ્યો હતો. નવનીત બાલધિયાએ પોતાના પર થયેલા હુમલામાં માયાભાઈ આહીરના પુત્ર જયરાજ આહીરનો હાથ હોવાનો આક્ષેપ કર્યો છે. કોળી સમાજના રાજકીય અને સામાજિક આગેવાનો દ્વારા મુખ્યમંત્રીને આ મામલે રજૂઆત કરતા તુરત એસઆઈટીની રચના.કરવામાં આવી હતી. પર હુમલા કેસમાં અંતે લોકગાયક માયાભાઈ આહીરના પુત્ર જયરાજ આહીરને સીટ દ્વારા ધરપકડ કરી હતી. જેલ હવાલે રહેલા જયરાજ આહીર, નાજુ કામળીયા, કાના ભીખાભાઈ કામળિયા, સંજય બેચરભાઈ ચાવડા, દિનેશ ઉર્ફે દાદુ લોમાભાઈ સોલંકી અને અજય ઉર્ફે મોટો મનજીભાઈ ભાલીયા મહુવા કોર્ટમાં જામીન અરજી કરી હતી. જામીન અરજીની સુનાવણી ચાલવા પર આવતા જેમાં બંને પક્ષોની રજૂઆત બાદ બચ્ચાઓ પક્ષના એડવોકેટ દ્વારા કરવામાં આવેલી લેખિત મૌખિક દલીલો અને દસ્તાવેજી પુરાવા તેમજ હાઈકોર્ટ અને સુપ્રીમ કોર્ટના ટાકેલા ચુકાદાઓને ધ્યાને લઈ બચાવ પક્ષની દલીલોને ગ્રાહ્ય રાખીને કોર્ટે આજે શરતી જામીન પર મંજૂર કર્યા છે.

### તા.૨૯ ડિસેમ્બરની રાત્રિના સમીર પૂર્વ સરપંચ નવનીત બાલધિયા પર આઠ શખસે હુમલો કર્યો હતો


**પશ્ચિમ રેલવે - રાજકોટ ડિવિઝન**

**"SLR/VP ના લિઝીંગ" કોન્ટ્રાક્ટ માટે ઈ-હરાજી**

નં. C 78/LEASING/E-AUCTION/Publication/2022(294790)

સંદર્ભ : ED (FM), RB's letter no. 2022/TC(FM)/10/04 તારીખઃ 11-04-2022

"SLR\VP ના લિઝીંગ" કોન્ટ્રાક્ટ માટે ઈ-હરાજી આમંત્રિત કરવામાં આવે છે. વિગતો નીચે મુજબ આપવામાં આવેલ છે.

| કેટલોગ નં. | કોન્ટ્રાક્ટનો પ્રકાર | લોટ નં. | કોન્ટ્રાક્ટનો સમયગાળો | લોટ શરૂઆત થવાની તારીખ અને સમય |
|---|---|---|---|---|
| E-SLR-RJT-15-26, તારીખ 03/02/2026 | SLR/VP નું લિઝીંગ | ૧) ૧૬૭૩૪-SLR-R૧, ૨) ૨૨૯૬૯-SLR-F૧, ૩) ૨૨૯૩૭-SLR-F૧, ૪) ૨૨૯૩૭-SLR-R૧, ૫) ૧૯૫૬૫-SLR-F૧, ૬) ૧૯૫૬૫-SLR-R૧, ૭) ૨૨૯૬૦-SLR-R૧, ૮) ૨૨૯૦૫-૨૨૯૦૬-VP-૧ | ૦૩ વર્ષ | તમામ લોટ માટે ઈ-હરાજી તા.૧૮-૦૨-૨૬ ના ૧૧:૩૦ કલાકે શરૂ થશે. |

ઉપરોક્ત કેટલોગમાં દર્શાવેલ લોટની વિગતો આગામી ઈ-હરાજી, ઝોન : પશ્ચિમ રેલવે, વિભાગ : કોમર્શિયલ, રાજકોટ ડિવિઝન - ના શિર્ષક હેઠળ www.ireps.gov.in (ઈ-હરાજી લિઝીંગ) વેબસાઈટ પર ઉપલબ્ધ છે.

RJT-197

અમને લાઈક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly

તંત્રી લેખ

# ક્રિકેટમાં ભારત શહેનશાહ

જેન્ટલ મેન ગેમ ગણાતી ક્રિકેટની શોધ ભલે ઈંગ્લેન્ડમાં થઈ હોય પરંતુ તેનું પાટનગર આજે ભારત બની ગયું છે. કોઈપણ જેન્ડર હોય કે એઈઝ ગ્રુપ ક્રિકેટ જગતમાં આજે ભારતની બાદશાહત જોવા મળી રહી છે. દોઢ દાયકા પહેલા જે રિતે ઓસ્ટ્રેલિયાનું ક્રિકેટ જગત પર અડિખમ વર્ચસ્વ જોવા મળતું હોય તેનું સામ્રાજય હાલ ભારતનું છવાયું છે. છેલ્લા ત્રણ વર્ષથી ટીમ ઈન્ડિયા ક્રિકેટ જગતમાં એક સક્રિય શાસન ચલાવી રહી છે. ભલે ૨૦૨૩માં રમાયેલા વન-ડે વર્લ્ડકપમાં ભારતની હાર થઈ પરંતુ ટુર્નામેન્ટની તમામ મેચમાં ટીમ ઈન્ડિયાએ હરિફોને ધુળ ચંટાવી હતી. ૨૦૨૪માં રમાયેલા ટી-૨૦ ક્રિકેટ વર્લ્ડ કપમાં ભારતે ચેમ્પિયન શીપ હાંસલ કરી હતી એક પણ મેચ ગુમાવ્યા વિના ૨૦૦૭ બાદ બીજી વખત ટાઈટલ જીત્યું હતું. ૨૦૨૫માં રમાયેલી ચેમ્પીયન્સ ટ્રોફીમાં પણ ભારતે એક પણ મેચ હાર્યા વિના વિશ્વ વિજેતાનું બિરૂદ મેળવ્યું હતું. માત્ર ભારતની પુરૂષ ટીમ જ ક્રિકેટ જગત પર રાજ કરી રહી છે તેવું નથી મહિલાઓ પણ ઝાંસીની રાણી બની ચૂકી છે. ગત વર્ષ નવેમ્બર માસમાં મહિલા વન-ડે ક્રિકેટ વર્લ્ડકપમાં ભારતની મહિલા ટીમે સાઉથ આફ્રિકાને હરાવી પ્રથમ વખત વર્લ્ડ કપ જીત્યો હતો. ટબુડિયાઓ પણ જાણે પાછળ રહેવા માંગતા ન હોય તેમ અન્ડર -૧૯ ક્રિકેટ વર્લ્ડકપમાં સુકાની આયુષ મ્હાત્રેની આગેવાનીમાં ભારતે ટુર્નામેન્ટમાં એકપણ મેચ ગુમાવ્યા વિના છઠ્ઠી વખત ટાઈટલ પર કબ્જો કર્યો હતો. ભારતીય ક્રિકેટનું વર્તમાન તો ઉજજવળ છે જ પરંતુ ભવિષ્ય પણ સુરજ જેમ અત્યંત તેજસ્વી છે. આજે વિશ્વની કોઈ પણ ટીમ ભારત સામે ક્રિકેટના મેદાનમાં ઉતરતા ફફડી રહી છે. અભિષેક શર્મા અને વૈભવ સુર્યવંશી જેવા આક્રમક બેટસમેનો પ્રથમ બોલથી સિકસર મારવાની તાકાત ધરાવે છે. ભારતની નેશનલ ગેમ ભલે હોકી હોય પરંતુ ભારતીવાસીઓ ક્રિકેટ પાછળ ઘેલા છે. દેશનું એકપણ શહેર કે નાનામાં નાનુ ગામ એવું નહીં હોય જયાં ક્રિકેટ રમાતું ન હોય સામાન્ય ટુર્નામેન્ટ હોય કે વિશ્વકપ ભારતની ટીમ વિજેતા બનતાની સાથે જ દેશભરમાં ઉત્સવ જેવો માહોલ સર્જાય જાય છે. દેશમાં ૩૬૫ દિવસ ક્રિકેટ ફિવર છવાયેલો રહે છે. ભારતને ક્રિકેટ પ્રેમીઓને દેશ માનવામાં આવે છે.

# ગુજરાત રાજય સંગીત નાટક અકાદમી આયોજીત ત્રિઅંકી નાટક સ્પર્ધામાં શિવમ ફાઉન્ડેશનનું 'ભુતઘર' નાટક ત્રણ એવોર્ડ જીત્યું



## ભુતઘર રાજય કક્ષાએ ત્રીજા ક્રમે વિજેતા થતા ટીમ પર અભિનંદન વરસ્યા

અબતક, રાજકોટ


ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી ગાંધીનગર અને આંગિક્મ ફાઉન્ડેશન - પાલનપુરના સર્યુક્ત ઉપક્રમે વાત્સલ્ય આર્ટ એરીના અમદાવાદ આયોજીત ત્રિઅંકી નાટ્ય સ્પર્ધા કનુભાઈ મહેતા સાંસ્કુતિક ભવન, પાલનપુર ખાતે યોજાયેલ જેમાં શ્રેષ્ઠ નાટક 'ભૂતઘર'', શ્રેષ્ઠ અભિનેતા અમિત વાઘેલા, શ્રેષ્ઠ અભિનેત્રી પરી સોની એમાં કુલ ત્રણ એવોર્ડ સાથે શિવમ ફાઉન્ડેશન - રાજકોટના રંગકર્મીઓએ ગુજરાત રાજ્ય કક્ષાએ ત્રીજો ક્રમાંક મેળવી રાજકોટની રંગભૂમિ પર વધુ એક યશ કલગી રૂપી પિંછુ ઉમેર્યું.

અંધશ્રદ્ધા બને છે એવી પરિસ્થિતિઓમાં એક સુખી સંપન્ન પરિવારના જીવનને કઈ દિશામાં લઈ જાય છે આવા રહસ્ય, હાસ્ય, હોરર, સોશિયલ મેસેજ, શ્રદ્ધા અને અંધશ્રદ્ધા વચ્ચે અંત સુધી જકડી રાખતું અને હાર્ટ બીટ વધારી દેતું ઓફ બીટ અનોખું સોશીયલ હોરર કોમેડી દ્વિ-અંકી નાટક ''ભૂતઘર

નાટ્ય સ્વરૂપે ગુંથી હસન મલેક લિખિત અને ગીતમ દવે દિગ્દર્શીત દ્વિ-અંકી નાટક ''ભૂતઘર''માં ગુલામ હુસેન અગવાન, પરી સોની, અમિત વાઘેલા, આર.જે દેવયાની જગડ, જયેશ પડિયા, દર્પણ લાઠીગરા, ગૌતમ દવેએ અભિનયના ઓજસ પાથર્યા હતા. સંચાલન હાર્દિક મહેતા, પાર્શ્વ સંગીત સંકલન ગુલામ હુસેન અગવાન અને સંગીત સંચાલન આર્ષ વ્યાસ, નેપથ્ય દિવ્યેશ મહેતા, હર્ષિત ચૌહાણ, સોનલ રાવલ, મેકઅપ ચૈતાલી શાહ, સેટિંગ્સ જયેશભાઈ અમદાવાદ, ગ્રાફિક્સ ડિઝાઈન ગુલશન સ્ટુડિયો રાજકોટ દ્વારા કરવામાં આવ્યું હતું.

# સનાતન ધર્મના પ્રચાર-પ્રસારના હેતુ સાથે ગોકુલધામમાં રાત્રે વિશાળ 'હિન્દુ મહાસંમેલન'

## પરમાત્માનંદ સરસ્વતી મહારાજ ભક્તોને માર્ગદર્શન અને આશીર્વચન આપશે



અબતક, રાજકોટ

શહેરના ગુરુપ્રસાદ ચોક સ્થિત ગોકુલધામ સોસાયટીમાં સનાતન ધર્મના પ્રચાર- પ્રસાર અને સામાજિક એકતાના ઉમદા હેતુથી આજે રાત્રે એક વિશાળ ''હિન્દુ મહાસંમેલન'' નું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં વિશેષ રૂપે રાજકોટ આર્ષ વિદ્યામંદિરના સ્થાપક અને જાણીતા આધ્યાત્મિક ગુરુ સ્વામી શ્રી પરમાત્માનંદ સરસ્વતીજી મહારાજ ઉપસ્થિત રહી ભકતોને માર્ગદર્શન અને આશીર્વચન આપશે.

આજે રાત્રે ૮ કલાકે ગોકુલધામ સોસાયટીનું ગ્રાઉન્ડમાંવઆ સંમેલન યોજાશે જેમાં અંદાજે ૧૦૦૦થી વધુ લોકો જોડાશે તેવી શક્યતા છે.

આ સંમેલનનો મુખ્ય ઉદ્દેશ્ય હિન્દુ સંસ્કૃતિના મૂલ્યોનું જતન અને સમાજમાં સમરસતા જાળવવાનો છે. પૂજ્ય સ્વામીજીના જ્ઞાનસભર પ્રવચનનો લાભ લેવા માટે આસપાસના રહીશોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. આયોજક સમિતિ દ્વારા કાર્યક્રમની તમામ તૈયારીઓ પૂર્ણ કરી લેવામાં આવી છે અને શિસ્તબદ્ધ રીતે સંમેલન સંપન્ન થાય તે માટે સ્વયંસેવકોની ટુકડીઓ તૈનાત કરવામાં આવી છે. આ કાર્યક્રમમાં વિસ્તારના અગ્રણીઓ, યુવાનો અને માતા-બહેનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી ધર્મલાભ લેશે. આયોજક મંડળ દ્વારા તમામ ધર્મપ્રેમી જનતાને આ પાવન પ્રસંગે હાજર રહેવા હાર્દિક આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# ઋષભદેવ સંઘમાં અનશન આરાધક મુકતાબેન ખાર કાલે કરશે દીક્ષા અંગીકાર



અબતક, રાજકોટ

ઋષભદેવ જૈન ઉપાશ્રયની પાવન પવિત્ર ભૂમિ ઉપર મુકતાબેન બાલુભાઈ ખારા (ઉ.વ. ૯૫) જૈન દર્શન પ્રમાણે અને તીર્થંકર ભગવાન મહાવીર સ્વામીએ પ્રરૂપેલા ધર્મ મુજબ ૨૩ જાન્યુઆરીએ સંથારો ગ્રહણ કરેલ. ગુરુભગવંત રાજેશમુનિજી મહારાજસાહેબના શુભ સાંનિધ્યમાં સંથારા સાધનામાં ઉત્કૃષ્ટ ભાવ સાથે દઢતાપૂર્વક આગળ વધી રહેલ છે.

ઋષભદેવ જૈન ઉપાશ્રયની પાવન ભૂમિ ઉપર અનશન આરાધક મુકતાબેન ૧૭માં ઉપવાસના દિવસે તા. ૮ ફેબ્રુઆરી, રવિવારે સવારે ૯.૧૫ કલાકે ચતુર્વિધ શ્રીસંઘ તથા ખારા પરિવારની મંગલ-ઉત્તમ ઉપસ્થિતિમાં ગોંડલ ગચ્છના ગૌરવવંતા રત્ન મૂક્ય ગુરુભગવંત બા.બ્ર. રાજેશમુનિજી મહારાજસાહેબ પાસે જૈન ભાગવતી દીક્ષા ગ્રહણ કરવાના ભાવ રાખે છે. આરાધક મુકતાબેન તથા સમસ્ત ખારા પરિવાર ઘણા સમયથી દીક્ષાની ભાવના ભાવતા અને ગુરુભગવંતને દીક્ષાની આજ્ઞા આપી અનંતો ઉપકાર કરવા વિનંતી કરતા હતા. શ્રમણ ભગવાન મહાવીર સ્વામી એવમ્ ગુરુભગવંત બા.બ્ર. રાજેશમુનિજી મહારાજસાહેબની અનંતી કૃપાથી મુકતાબેનની શ્રાવકના બીજા મનોરથની ભાવના પરિપૂર્ણ થશે.

મુકતાબેન ખારા રાજગુરુભગવંતના સુશિષ્ય અનશન આરાધક જયમુનિજી મહારાજસાહેબના સંસારી માતુશ્રી છે.

ભારતભરમાંથી અનેક જૈન અગ્રણીઓ, શ્રીસંઘો તથા શ્રાવક-શ્રાવિકાજીઓ સંથારા સાધકના દર્શન કરી તપસ્યાની અનુમોદનાનો મહાન લાભ લઈ ધન્યતા અનુભવી રહ્યા છે. બહારગામથી પધારેલ ભાવિકોની સાધર્મિક ભક્તિ શ્રીસંઘમાં રાખેલ છે. અતિદુષ્કર મહાઆરાધનાની અનુમોદના તથા દર્શનનો લાભ ઋષભદેવ ઉપાશ્રયે ('જય નિર્મળ જૈન સેન્ટર', ૧-તિરૂપતિનગર, કેન્સર હોસ્પિટલ સામે, નિર્મલા રોડ પાસે, રાજકોટ) સવારે ૯ થી ૧૨ અને બપોરે ૩ થી ૫ થઈ શકશે. ઉપરોક્ત યાદી ગોંડલ સંપ્રદાય સ્થા. જૈન સિધ્ધાંત સંરક્ષક સમિતિ--રાજકોટના સહપ્રમુખ પરેશભાઈ પટેલે (મો. ૯૪૨૬૭ ૧૨૨૮૯) જણાવેલ છે.

# જનકલ્યાણ ટ્રસ્ટના દેહદાન જાગૃતિ અભિયાનમાં ૮૦૪મું ચક્ષુદાન મળ્યું



અબતક, રાજકોટ

ઉકમીચંદ દયારામ છુંછાનું અવસાન થતાં તેમના પરિવારની ઈચ્છા અનુસાર તથા જનકલ્યાણ ટ્રસ્ટની પ્રેરણાથી ચક્ષુદાન કરાવેલ છે. તે ખુબ જ અનુકરણીય ઉદાહરણ પુરુ પાડ્યું છે. જન કલ્યાણ ટ્રસ્ટની પ્રેરણાથી અંગદાન, ચક્ષુદાન, સ્કીન ડોનેશન, દેહ દાન જાગૃતિ અભિયાનમાં કુલ ૮૦૪ ચક્ષુદાન મળેલ છે. જાન્યુઆરી ૨૯માં સોળમું ચક્ષુદાન મળેલ છે. સમગ્ર ગુજરાતમાં ચક્ષુદાન, સ્કીન ડોનેશન, દેહદાનની વધુ માહીતી માટે જનકલ્યાણ ટ્રસ્ટના ચેરમેન ઉમેશભાઈ મહેતા મો. નં. ૯૪૨૮૫ ૦૬૦૧૧ નો સંપર્ક કરવા જણાવ્યું છે.

# પૌત્રના જન્મોત્સવની અનોખી ઉજવણી: બાલધા પરિવારે 'ઝબલા'ની રકમ જળસંચયના કાર્ય માટે અર્પણ કરી

## પીજીવીસીએલના નિવૃત્ત એન્જિનિયર ગોપાલભાઈ બાલધાના પરિવારે શુકન પેટે મળેલી રૂ. ૪૦,૦૦૦ની રકમ ગીરગંગા પરિવાર ટ્રસ્ટને કરી અર્પણ



અબતક, રાજકોટ

સામાન્ય રીતે પરિવારમાં પારણું બંધાય ત્યારે ખુશીના માહોલમાં ભેટ-સોગાદો અને રોકડ રકમની આપ-લે થતી હોય છે, પરંતુ રાજકોટના એક જાગૃત પરિવારે આ પ્રસંગને સામાજિક સેવાનો યજ્ઞ બનાવી દીધો છે. પીજીવીસીએલના નિવૃત્ત એન્જિનિયર ગોપાલભાઈ બાલધા તથા શોભનાબેન બાલધાના પુત્ર પથ અને પ્રીમાંશીબેનને ત્યાં પુત્ર 'હેમ'નો જન્મ થતા, પરિવારે એક પ્રેરણારૂપ નિર્ણય લીધો હતો.

બાલધા પરિવારની મહિલાઓએ નક્કી કર્યું હતું કે પૌત્રના જન્મ પ્રસંગે વ્યવહારમાં શુકન (ઝબલા) તરીકે જે કોઈ રકમ આવશે, તેનો ઉપયોગ વ્યક્તિગતને બદલે જળસંચયના કાર્ય માટે કરવો. આ હેતુથી તેમણે પ્રસંગ દરમિયાન ગીરગંગા પરિવાર ટ્રસ્ટની દાન પેટી પણ મંગાવી લીધી ! પ્રસંગને અનુલક્ષીને તમામ સ્નેહીજનો અને સંબંધીઓને વિનંતી કરવામાં આવી હતી કે, બાળકના હાથમાં રોકડ આપવાને બદલે તે રકમ સીધી ટ્રસ્ટની દાન પેટીમાં જ અર્પણ કરે.

આ નવતર પ્રયોગ દ્વારા કુલ રૂ. ૪૦,૦૦૦ જેટલી રકમ એકઠી થઈ હતી. આ તમામ રકમ રાજ્યના વન અને પર્યાવરણ વિભાગના કેબિનેટ મંત્રી અર્જુનભાઈ મોઢવાડિયાની ગીરગંગા પરિવાર ટ્રસ્ટના કાર્યાલયની મુલાકાત દરમિયાન બાલધા પરિવારે ગીરગંગા પરિવાર ટ્રસ્ટને જળસંચય અને ચેકડેમ નિર્માણ જેવા ભગીરથ કાર્યો માટે સહયોગ તરીકે અર્પણ કરી હતી.

ગીરગંગા પરિવાર ટ્રસ્ટના પ્રમુખ દિલીપભાઈ સખીયા, પ્રકૃતિપ્રેમી દિનેશભાઈ પટેલ, પ્રતાપભાઈ પટેલ, જમનભાઈ ડેકોરા, વિરાભાઈ હુંબલ, રમેશભાઈ ઠક્કર, શૈલેશભાઈ જાની, વસંતભાઈ લીંબાસીયા, કૌશિકભાઈ સરધારા ઓ જહેમત ઉઠાવી રહ્યા છે.

# ભરૂચના ભોલાવ નારાયણ વિદ્યા વિહારમાં કાલે ભાષા સંસદ વાર્ષિક અધિવેશન યોજાશે

અબતક, રાજકોટ

વર્તમાન સમયમાં માતૃભાષાનાં ભાષા સજજતા અને ભાષા સંરક્ષણ, સંવર્ધનનાં કાર્યક્રમમાઃ માતૃભાષા ગૌરવ પ્રતિષ્ઠાન ગાંધીનગર દ્વારા સમગ્ર ગુજરાતમાં અનેક કાર્યક્રમો અને અધિવેશનનો થઈ રહ્યા છે. ભરુચ જિલ્લામાં પણ તેના સંયોજક તરીકે ડો. મહેશ ઠાકર અને ભરુચ જિલ્લા શિક્ષણાધિકારીના પ્રયત્નોથી અનેક કાર્ય શિબિરો દર માસે થઈ છે. માતૃભાષાની આ ખેવના પ્રત્યેના અભિગમમાં રાજયકક્ષાનું વાર્ષિક અધિવેશન ભરુચ જિલ્લા યોજાશે.

આ કાર્યક્રમ નારાયણ વિદ્યાવિહાર ભોલાવમાં કાલે તા. ૮-૨ ના યોજાશે જેમાં અધ્યક્ષ પક્ષે ભાગ્યેશ જહાઁ, ઉપાધ્યાય સ્થાને હર્ષદ શાહ પૂર્વ કુલપતિ ચિલ્ડ્રન યુનિ. ડો. શ્રીકાંત જે. વાઘ યુઆઈએલ યુનિ. ડો. પવન દ્વિવેદી પારુલ યુનિ.ઃ ડો. રક્ષાબેન દવે માતૃભાષાના ઉપાસક, ડો. ઉષાબેન ઉપાધ્યાય સાહિત્યકાર રાજેન્દ્ર પટેલ જેવા સાહિત્ય અને માતૃભાષાની ખેવના કરનાર સાહિત્યકારો ભાષા તજજ્ઞો ભરુચ ખાતે માતૃ ભાષાની સરવાણીને રજુ કરશે તેમ ડો. મહેશ ઠાકરની યાદીમાં જણાવ્યું છે.

# આગાખાન પ્રિસ્કુલને બાળ કેળવણીનો શ્રેષ્ઠ રાષ્ટ્રીય કક્ષાનો એવોર્ડ એનાયત

## બાળ કેળવણી અને સમાજ સેવામાં જાણીતી




અબતક, રાજકોટ

સૌરાષ્ટ્રના બાળ કેળવણી ક્ષેત્રે જાણીતી શૈક્ષણીક સંસ્થા આગાખાન પ્રિસ્કૂલ્સ ભારતની 'મોસ્ટ રિસ્પેક્ટેડ અર્લી ચાઈલ્ડહુડ એજ્યુકેશન બ્રાંડ' તરીકે સન્માનિત કરવામાં આવી છે.

૧૯૯૯થી કાર્યરત એવી શિક્ષણ ક્ષેત્રે ભારતની સુપ્રતિષ્ઠિત સંસ્થા એજ્યુકેશન વર્લ્ડ દ્વારા તારીખ ૩૧મી જાન્યુઆરી ૨૦૨૬નાં રોજ બેંગ્લોર મુકામે જાહેર કરાયેલ એવોર્ડ્સમાં આગાખાન પ્રિસ્કૂલ્સે પૂર્વ પ્રાથમિક શિક્ષણ ક્ષેત્રમાં ઉત્કૃષ્ઠ કામગીરી બદલ સુપ્રતિષ્ઠિત 'મોસ્ટ રિસ્પેક્ટેડ અર્લી ચાઈલ્ડહુડ એજ્યુકેશન બ્રાંડ' કેટેગરીમાં રાષ્ટ્ર કક્ષાએ ચતુર્થ સ્થાન પ્રાપ્ત કરેલ છે. આ એવોર્ડ્સ માટે સમગ્ર દેશની અનેક અગ્રેસર શૈક્ષણિક સંસ્થાઓ દ્વારા નામાંકન કરવામાં આવેલ હતા.

આ ઉપરાંત આગાખાન પ્રિસ્કૂલ જીવાપર (જામનગર)ને બેસ્ટ ટેકનોલોજી ઈન્ટીગ્રેશન કેટેગરીમાં સમગ્ર ભારતમાં સાતમું સ્થાન અને સમગ્ર ગુજરાતમાં પ્રથમ સ્થાન, આગાખાન પ્રિસ્કૂલ કેરા (જી. કચ્છ)ને આઉટસ્ટેન્ડિંગ લીડરશીપ કેટેગરીમાં સમગ્ર ભારતમાં નવમું સ્થાન, સમગ્ર ગુજરાતમાં દ્વિતીય સ્થાન અને કચ્છ જીલ્લામાં પ્રથમ સ્થાન તેમજ આગાખાન પ્રિસ્કૂલ કેનેડીપુર (જુનાગઢ)ને હેલ્થ ન્યુટ્રીશિયન એન્ડ સેફ્ટી કેટેગરીમાં સમગ્ર ભારતમાં દસમું સ્થાન, સમગ્ર ગુજરાતમાં દ્વિતીય સ્થાન અને જુનાગઢ જીલ્લામાં પ્રથમ સ્થાન પ્રાપ્ત થયેલ છે. આગાખાન એજ્યુકેશન સર્વિસ, ઈન્ડિયાએ આગાખાન સ્કૂલ્સનાં વૈશ્વિક નેટવર્કનો એક ભાગ છે જે ૧૩ દેશોમાં ૨૦૦થી વધુ શાળાઓ અને શૈક્ષણિક કાર્યક્રમોનું સંચાલન કરે છે. AKESI હાલમાં ભારતમાં આઠ શાળાઓ, એક હોસ્ટેલ અને ઓગણીસ પ્રિસ્કૂલ્સનું સંચાલન કરે છે, આગાખાન પ્રિસ્કૂલ્સ એજ્યુકેશન વર્લ્ડ ઈન્ડિયા (EW ઈન્ડિયા) સ્કૂલ રેન્કિંગ્સ દ્વારા સતત છ વર્ષથી દેશની ટોચની ૧૦ સૌથી પ્રતિષ્ઠિત પ્રિસ્કૂલ એજ્યુકેશન બ્રાન્ડ્સમાં સ્થાન મેળવે છે.

# ડાયાબિટીસ અને હૃદયરોગ વચ્ચે છે એક વણદેખો સંબંધ

## હૃદય રોગ, ડાયાબીટીસથી સુરક્ષા માટે સ્વસ્થ્ય જીવન શૈલી, નિયમીત વ્યાયામ શુધ્ધ શાકહાર ભોજન અને જંકફુડ રહેવાની સલાહ અપનાવી જરૂરી



સંકલનઃ ડો. કુલદીપ શ્રીમાળી
એમ.ડી. મેડીસન એન્ડ કીટીકલ કેર સ્પેશ્યાલીસ્ટ

અબતક, રાજકોટ

ડાયાબીટીસ માત્ર બ્લડ સુગર વધવાની સમસ્યા નથી. પરંતુ તે શરીરના અનેક અંગો પર અસર કરે છે. ખાસ કરીને હૃદય પર ઘણા લોકોને ખબર નથી કે લાંબા સમય સુધી અનિયંત્રિત ડાયાબીટીસ હૃદયરોગનું જોખમ નોંધપાત્ર રીતે વધારી શકે છે તેથી ડાયાબીટીસ અને હૃદય રોગ વચ્ચેનો આ છુપાયેલો સંબંધ સમજવો ખુબ જરુરી છે.

જયારે બ્લડ સુગર સતત ઊંચુ રહે છે ત્યારે તે રકતવાહિનીઓ અને નસોને નુકશાન પહોંચાડે છે. પરિણામે ધમનીઓ કઠોર થવા લાગે છે. બ્લડ પ્રેસર વધે છે અને હાર્ટ એટેડ અથવા સ્ટ્રોકનો ખતરો વધી શકે છે. ડાયાબીટીસ ધરાવતા દર્દીઓમાં કોલેસ્ટ્રોલ વધવું, જાડાપણું, હાઈ બ્લડ પ્રેસર અને શારીરિક અક્રિયાશીલતા જેવી સમસ્યાઓ પણ સામાન્ય હોય છે. જે હૃદય રોગના જોખમને વધુ વધારે છે.

ઘણા વખત હૃદયરોગના લક્ષણો સ્પષ્ટ દેખાતા નથી. ડાયાબીટીસ ધરાવતા દર્દીઓમાં સાઈલેન્ટ હાર્ટ એટેક પણ થઈ શકે છે. જેમાં સામાન્ય લક્ષણો ઓછા દેખાય છે.

સ્વચ્છ જીવનશૈલી અપનાવવી ખુબ જરુરી છે. નિયમિત વ્યાયામ તણાવ નિયંત્રણ પુરતી ઊંઘ અને સંતુલિક આહાર હૃદય અને ડાયાબીટીસ બન્ને માટે લાભદાયક છે. વધુ મીઠું, પ્રોટીનયુકત ખોરાકને પ્રાથમિકતા આપવી જોઈએ.

નિયમિત બ્લડ ટેસ્ટ ઈ.સી.જી. ઈકો અથવા ડોકટરની સલાહ મુજબ અન્ય તપાસો કરાવવાથી હૃદય સંબંધીત જોખમ વહેલી તકે જાણી શકાય છે. ડોકટરની સલાહ મુજબ દવાઓ નિયમિત લેવી અને બ્લડ સુગર બ્લડ પ્રેશર તથા કોલેસ્ટ્રોલનું નિયંત્રણ રાખવું ખુબ મહત્વપૂર્ણ છે.

# લોહાણા સેવા મંડળ ટ્રસ્ટ સંચાલિત કૃષ્ણ ચિકિત્સાલયમાં ફિઝિયોથેરાપિસ્ટની રાહત દરની સેવા જરૂરિયાતમંદો માટે બની આશિર્વાદરૂપ

અબતક, રાજકોટ

રાજકોટ સહિત સૌરાષ્ટ્રમાં માનવસેવા માટે કાર્યરત સંસ્થાઓમાં જાણીતી લોહાણા સેવા મંડળ ટ્રસ્ટ સંચાલિત શ્રીકૃષ્ણ ચિકિત્સાલય માં જરૂરિયાત મંદ દર્દીઓ માટે ફિઝિયોથેરાપિસ્ટની રાહત દરે ઉપલબ્ધ સેવા જરૂરિયાત મંદો માટે આશીર્વાદરૂપ બની છે.

શહેરના કનક રોડ બસ સ્ટેન્ડ પાછળ શ્રીકૃષ્ણ ચિકિત્સાલય ખાતે સવારે ૧૦ થી ૧ ડોક્ટર રામ વર્મા સેવા આપશે આ કેમ્પમાં હાડકાના દર્દો સાંધાના દુખાવા સ્નાયુના દુખાવા પેરાલીસીસ હાડકાના ઓપરેશન બાદ જરૂર મુજબની સારવાર બાળકોના જન્મજાત ખોટખા પણ કમર અને ગરદન ખંભા ના દુખાવા તેમજ બાળકોના લખવા રમતગમતથી થતી ઈજા ગાદી પછી જેવી અને લખવાની સારવાર તેમજ આર્યુવેદિક સારવાર ડાયનોકલીન શહીદ અલગ અલગ થેરાપી ની સારવાર આપવામાં આવશે આ સેવાનો લાભ લેવા નટુભાઈ કોટક ની યાદીમાં જણાવ્યું છે.

# ઈગ્નુમાં હવે ઘર બેઠા ફેબટીક ડીઝાઈનનાં ૪ વર્ષના અનુસ્નાતક કોર્ષની મળશે સવલત

## અંગ્રેજી માધ્યમાં ૩ વર્ષ-૬ વર્ષના કોર્ષ માટે વાર્ષિક ૧૧૦૦૦ની ફી ભરી જીવનના ડીઝાઈન ક્ષેત્રે પગભર થવાની તક

અબતક, રાજકોટ

ઈન્દીરા ગાંધીનેશનલ ઓપન યુનિ. દ્વારા ફેકટીક ડીઝાઈન ક્ષેત્રે ૪ વર્ષના અનુસ્નાતક કોર્ષની ઘર બેઠા અભ્યાસની સવલતની જાહેરાત કરી છે.

ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી એ સ્કૂલ ઓફ કન્ટીન્યુઈંગ એજ્યુકેશન દ્વારા જાન્યુઆરી ૨૦૨૬ ના પ્રવેશ માટે ફેબ્રિક અને એપેરલ ડિઝાઈનમાં B.Sc. ચાર વર્ષના અંડરગ્રેજ્યુએટ પ્રોગ્રામ તરીકે શરૂ કરવાની જાહેરાત કરી છે. ઓપન એન્ડ ડિસ્ટન્સ લર્નિંગ મોડમાં ઓફર કરાયેલ આ સર્જનાત્મક કાર્યક્રમ અગ્રણી અભ્યાસક્રમ અને ક્રેડિટ ફ્રેમવર્ક અનુસાર ડિઝાઈન કરવામાં આવ્યો છે અને રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ સાથે સંરેખિત છે.

ફેબ્રિક અને એપેરલ ડિઝાઈનમાં B.Sc. કાર્યક્રમનો ઉદ્દેશ્ય વિદ્યાર્થીઓને ટેકસટાઈલ વિજ્ઞાન, ફેશન ડિઝાઈન અને ગાર્મેન્ટ બાંધકામમાં મજબૂત પાયો અને વ્યવહારુ કુશળતાથી સજ્જ કરવાનો છે. તે ટેકસટાઈલની વૈજ્ઞાનિક સમજને સર્જનાત્મક ડિઝાઈન અને તકનીકી તાલીમ સાથે એકીકૃત કરે છે, વિદ્યાર્થીઓને ઉદ્યોગ-લક્ષી ભૂમિકાઓ માટે તૈયાર કરે છે. આ કાર્યક્રમ નવીનતા, ટકાઉપણું અને વ્યાવસાયિક યોગ્યતા પર ભાર મૂકે છે, જે સ્નાતકોને ટેકસટાઈલ અને એપેરલ ઉદ્યોગ, ઉદ્યોગસાહસિકતા અથવા ઉચ્ચ શિક્ષણમાં કારકિર્દી બનાવવા માટે સક્ષમ બનાવે છે. શિક્ષકોને ફેબ્રિક અને એપેરલ મેન્યુફેકચરિંગ ઉદ્યોગની વ્યાપક સમજ પૂરી પાડવા પાડવામાં મદદ કરશે. વિદ્યાર્થીઓને ફેબ્રિક અને એપેરલ ઉત્પાદન માટે જરૂરી ટેકનિકલ જ્ઞાન અને વ્યવહારુ કૌશલ્યોથી સજ્જ કરવામાં મદદ કરશે.

ફેબ્રિક અને એપેરલ ક્ષેત્ર માટે વિશિષ્ટ ઉત્પાદન પ્રક્રિયાઓમાં કુશળતા વિકસાવવામાં મદદ કરશે.

મુખ્ય મુદ્દાઓ લાયકાત ૧૦+૨ (વિજ્ઞાન સાથે), શિક્ષણનું માધ્યમ અંગ્રેજી, સમયગાળો ઓછામાં ઓછા ૩ વર્ષ; મહત્તમ ૬ વર્ષ, ફી માળખું રૂ. ૧૧,૦૦૦ પ્રતિ વર્ષ (વત્તા લાગુ નોંધણી અને વિકાસ ફી),કાર્યક્રમ ક્રેડિટ્સ ૩ વર્ષમાં ૧૨૦ ક્રેડિટ્સ અને પરીક્ષા મોડ વાર્ષિક ઘર બેઠા પરીક્ષા લેવાશે

પ્રથમ વર્ષ પછીઃ ફેબ્રિક અને એપેરલ ડિઝાઈનમાં UG પ્રમાણપત્ર, બીજા વર્ષ પછીઃ ફેબ્રિક અને એપેરલ ડિઝાઈનમાં UG ડિપ્લોમા, ત્રીજા વર્ષ પછી ફેબ્રિક અને એપેરલ ડિઝાઈનમાં ઈ.જભ., ચોથા વર્ષ પછી ઈ.જભ. (ઓનર્સ) ફેબ્રિક અને એપેરલ ડિઝાઈનમાં દેશભરના વિદ્યાર્થીઓ માટે સુલભતા સુનિશ્ચિત કરવા માટે, પ્રિન્ટ અને ડિજિટલ બંને ફોર્મેટમાં અભ્યાસ સામગ્રી પૂરી પાડવામાં આવશે.

પ્રોગ્રામના સ્નાતકો ટેકસટાઈલ/ફેબ્રિક ડિઝાઈનર, ફેશન ડિઝાઈનર, એપેરલ પેટર્ન મેકર અથવા ટેકનિકલ ડિઝાઈનર, ફેશન ઈલસ્ટ્રેટર, ફેશન મર્ચેન્ડાઈઝર અથવા ખરીદનાર, વિઝ્યુઅલ મર્ચેન્ડાઈઝર અને ફેશન એજ્યુકેટર અથવા ટ્રેનર જેવા વિવિધ કારકિર્દી માર્ગો અપનાવવા માટે સારી રીતે તૈયાર હશે. સરકારી કૌશલ્ય કેન્દ્રો, ફેશન કોલેજો અને તાલીમ સંસ્થાઓ સહિત ખાનગી અને જાહેર બંને ક્ષેત્રોમાં તકો અસ્તિત્વમાં છે. સ્નાતકો આ પ્રોગ્રામમાંથી શીખેલી કુશળતાનો ઉપયોગ કરીને પોતાનું સ્ટાર્ટઅપ શરૂ કરીને ઉદ્યોગસાહસિક પણ બની શકે છે.

# અંબાજીમાં શક્તિ કોરીડોરના પ્રથમ તબક્કાના રૂ. ૯૫૦ કરોડના કામોનું ખાતમુહૂર્ત

## આદ્યશક્તિ ધામ અંબાજીનું હોલિસ્ટિક અને ફ્યુચરિસ્ટિક ડેવલપમેન્ટ થઈ રહ્યુ છે: મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ

**અબતક રાજકોટ**

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આદ્યશક્તિ ધામ અંબાજીમાં કુલ ૧,૬૩૨ કરોડના અંદાજિત ખર્ચે નિર્માણ થનારા અંબાજી કોરિડોરના પ્રથમ તબક્કાના રૂ. ૯૫૦ કરોડના વિવિધ વિકાસ કામોના ખાતમુહૂર્ત સંપન્ન કર્યા હતા.આગામી ૨૫ વર્ષોની યાત્રિક સુવિધાઓને ધ્યાનમાં રાખીને અંબાજીમાં શક્તિ કોરીડોર માટે રૂ.૧,૬૩૨ કરોડનો વિઝનરી માસ્ટર પ્લાન તૈયાર કરવામાં આવ્યો છે.મુખ્યમંત્રીએ અંબાજી કોરિડોરના આ પ્રથમ તબક્કાના જે કામોના ખાતમુહૂર્ત કર્યા છે, તેનાથી આવનારા દિવસોમાં યાત્રિકોને મલ્ટી લેવલ પાર્કિંગ, અન્ડરપાસ રોડ, યાત્રી નિવાસ પાથવે, દિવ્ય દર્શન ચોક, શકિતપીઠ, એમ્ફી થિયેટર અને લાઈટ એન્ડ સાઉન્ડ શો સહિતની બહુવિધ ટુરિસ્ટ એમેનિટીઝ મળશે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ ગૌરવશાળી સમારોહના અધ્યક્ષ સ્થાનેથી સ્પષ્ટપણે જણાવ્યું કે, આદ્યશકિતના પરમ ઉપાસક વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણા અને માર્ગદર્શનમાં આદ્યશકિતપીઠ અંબાજીનું હોલિસ્ટિક અને ફ્યુચરિસ્ટિક ડેવલપમેન્ટ થઈ રહ્યું છે.





મુખ્યમંત્રી સાથે આ બહુવિધ વિકાસકામોના ખાતમુહૂર્ત પ્રસંગે રાજ્યમંત્રી મંડળના મંત્રી પ્રવીણભાઈ માળી, ડો. જયરામભાઈ ગામીત, કમલેશભાઈ પટેલ, સ્વરૂપજી ઠાકોર અને બનાસકાંઠા જિલ્લાના ધારાસભ્યો, પદાધિકારીઓ પણ સહભાગી થયા હતા.મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ અવસરે કહ્યું કે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ આદ્યશક્તિની આરાધના અને સોમનાથ સ્વાભિમાન પર્વથી લઈને દેશના યાત્રાધામોના નવિનીકરણના કામો વિકાસ ભી વિરાસત ભીના મંત્ર સાથે હાથ ધર્યા છે. કાશી વિશ્વનાથ કોરિડોર, મહાકાલ લોક, કેદારનાથ અને વૈજનાથ ધામ જેવા પવિત્ર સ્થળોના વિકાસને નવી ઓળખ મળી છે. અયોધ્યામાં ભવ્ય રામ મંદિરનું નિર્માણ અને પાવાગઢમાં પાંચસો વર્ષ બાદ ધ્વજારોહણ જેવી ઐતિહાસિક ઘટનાઓ પણ તેમના નેતૃત્વમાં પાર પડી છે.

મુખ્યમંત્રીએ વધુમાં જણાવ્યું કે, ૫૧ શક્તિપીઠોમાં વિશિષ્ટ સ્થાન ધરાવતા અંબાજી ધામના વિકાસ માટેનું વડાપ્રધાનનું વિઝન સાકાર થઈ રહ્યું છે. દર વર્ષે ૫૧ શક્તિપીઠ પરિક્રમા મહોત્સવનું સફળ આયોજન કરવામાં આવે છે, તેમાં લાખો શ્રદ્ધાળુઓ માતાજીના દર્શનનો લાભ લે છે. તાજેતરમાં યોજાયેલા પરિક્રમા મહોત્સવમાં પાંચ લાખથી વધુ ભક્તોએ ભાગ લીધો હતો તેનો તેમણે ઉલ્લેખ કર્યો હતો. યાત્રાધામોના વિકાસને પ્રવાસન સાથે જોડતા વડાપ્રધાનના અભિગમને અનુસરીને અંબાજીમાં ગબ્બર ખાતે દેશનો સૌથી મોટો લાઈટ એન્ડ સાઉન્ડ શો શરૂ કરવામાં આવ્યો છે તેમજ પરિક્રમા પથ અને સાંસ્કૃતિક વિલેજ જેવા પ્રકલ્પોથી યાત્રિકોને નવી સુવિધાઓ મળી રહી છે તેમ તેમણે ઉમેર્યુ હતું.વડાપ્રધાનના નેતૃત્વમાં અંબાજી-તારંગા રેલ પ્રોજેકટથી આ વિસ્તારની કનેક્ટિવિટી મજબૂત બનશે. તેના પરિણામે યાત્રાળુઓની સુવિધા વધશે અને સ્થાનિક આર્થિક વિકાસને ગતિ મળશે. ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ દ્વારા રાજ્યના વિવિધ યાત્રાધામોમાં અત્યાર સુધીમાં કરોડોના વિકાસકાર્યો પૂર્ણ કરવામાં આવ્યા છે અને આવનારા સમયમાં વધુ વિકાસ કામોનું આયોજન કરવામાં આવ્યું છે તેમ તેમણે ઉમેર્યુ હતું.

# વિંછીયાના અમરાપુર ગામની સીમમાંથી વિદેશી દારૂની મિનિ ફેક્ટરી ઝડપાઈ

### શરાબની ૨૧૮ બોટલ, વિદેશી દારૂ, દારૂ બનાવવાનું લિકવીડ સહિત રૂ. ૧.૪૮ લાખના મુદ્દામાલ સાથે બે સગીર સહીત ચાર શખ્સો ઝડપાયા : વાડી માલિકની શોધખોળ

### રણજીત વાસાણીએ પોતાની વાડીમાં થોડાક સમયથી જીતેશ સોલંકી સાથે ભાગીદારીમાં ભેળસેળયુક્ત શરાબ બનાવી પ્યાસીઓના આરોગ્ય સાથે ગંભીર ચેડા કરતા'તા

### સસ્તી શરાબને સ્કોચની બોટલમાં ભરી ઉંચા ભાવે છૂટકમાં વેચાણ કરતા'તા : એક ઘાણવો ઉતારી રોકડી કરી લીધા બાદ બીજીવાર પ્રોડકશન શરૂ કરતા ઝડપાયા

**અબતક, રાજકોટ**

રાજકોટ જિલ્લાના વિછીયા તાલુકાના અમરાપુર ગામની સીમમાંથી વિદેશી દારૂ બનાવવાની મીની ફેકટરી ઝડપાતા ખળભળાટ મચી જવા પામ્યો છે. રૂરલ એલસીબી ટીમે વાડીમાં ત્રાટકી દારૂની અલગ અલગ બોટલ, વિદેશી દારૂ, લિક્વિડ મળી કુલ રૂ. ૧.૪૮ લાખના મુદ્દામાલ સાથે બે સગીર સહિત ચાર શખ્સોની ધરપકડ કરી હતી.

પ્રાપ્ત વિગત અનુસાર રાજકોટ રેન્જ આઈજી અશોકકુમાર યાદવ અને જિલ્લા પોલીસ અધિક્ષક વિજયસિંહ ગુર્જર દ્વારા દારૂ જુગારની ગેરકાયદેસર પ્રવૃત્તિઓ કરતા શખ્સો વિરુદ્ધ 'ઝીરો ટોલરન્સ ટુ પ્રોહીબીશન એન્ડ ગેમ્બલિંગ' પોલીસી હેઠળ કાર્યવાહી કરી ગેરકાયદેસર પ્રવૃત્તિઓને નેસ્ત નાબૂદ કરવા સૂચના આપી હતી. જે સૂચના અનુસંધાને રાજકોટ રૂરલ એલસીબી પીઆઈ વી વી ઓડેદરાના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ એચ સી ગોહિલ, કે એમ ચાવડા અને આર વી ભીમાણીની રાહબરી હેઠળ એલસીબીની ટીમ વિછીયા પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતી. દરમિયાન અમરાપુર ગામની સીમમાંથી ભારતીય બનાવટનો વિદેશી દારૂ બનાવવાની મીની ફેક્ટરી ઝડપી લઈ દારૂની ૨૧૮ બોટલ, વિદેશી દારૂનો જથ્થો, દારૂ બનાવવાનું ૩૦ લીટર લિક્વિડ મળી કુલ રૂ. ૧,૪૮,૩૯૬ ના મુદ્દામાલ સાથે જીતેશ વીરાભાઈ સોલંકી (ઉવ ૨૭ રહે. સમઢીયાળા ગામ, વિછીયા, રાજકોટ), પ્રદીપ કાળુભાઈ સાગઠીયા (ઉવ ૧૮ રહે. વિંછીયા, રાજકોટ) અને બે બાળ કિશોરોને ઝડપી લેવાયા હતા. જ્યારે વાડી માલિક રણજીત નાથાભાઈ વાસાણીની શોધખોળ શરૂ કરવામાં આવી હતી.





### પ્યાસીઓ ચેતજો... સ્કોચની બોટલમાં મળતો મોંઘો શરાબ તમારા સ્વાસ્થ્યને 'મોંઘો' પડી શકે છે..!

પ્રાપ્ત વિગત અનુસાર ઝડપાયેલી ટોળકી સસ્તા વિદેશી દારૂમાં ભેળશેળ કરી મોંઘીદાટ શરાબની બોટલમાં ભરી સ્કોચના નામે પ્યાસીઓને પધરાવી ઉંચી કિંમત ઉઘરાવી લેતી હતી. જે શરાબ સ્વાસ્થ્ય માટે જોખમકારક સાબિત થઇ શકે છે. જેથી પ્યાસીઓએ આવો શરાબ લેતી પૂર્વે સો વાર ચેતવાં જેવો બનાવ સામે આવ્યો છે.



### રાજકોટ રૂરલ એલસીબી પીઆઈ વી વી ઓડેદરા, પીએસઆઈ એચ સી ગોહિલ, કે એમ ચાવડા અને આર વી ભીમાણીની ટીમનો સપાટો

પોલીસની પ્રાથમિક તપાસમાં સામે આવ્યું હતું કે, થોડા સમય પૂર્વે વાડી માલિક રણજીત વાસાણીએ જીતેશ સોલંકી સાથે મળી ભાગીદારીમાં ભેળસેળયુક્ત શરાબ બનાવવાનું કારસ્તાન શરૂ કર્યું હતું.

બંને શખ્સો પ્રદીપ સાગઠીયા તેમજ બે બાળ કિશોરને મજૂરીએ રાખી ભેળશેળયુક્ત શરાબ બનાવતા હતા. ટોળકીએ અગાઉ એકવાર દારૂનો ઘાણવો ઉતારી સસ્તી શરાબને મોંઘીદાટ બોટલમાં ભરી ઉંચા ભાવે છૂટકમાં વેચી રોકડી કરી લીધી હતી.

બાદ ફરીવાર તેમણે પ્રોડકશન શરૂ કરતાં રૂરલ એલસીબીની ટીમે ત્રાટકી મીની ફેક્ટરી ઝડપી પાડી હતી.

## ગોંડલના કમર કોટડા ગામે નશામાં ધૂત બે યુવાનોનો વૃદ્ધ પર જીવલેણ હુમલો

**અબતક, રાજકોટ**

ગોંડલ તાલુકાના કમરકોટડા ગામમાં નશાખોરોનો આતંક સામે આવ્યો છે. ગામમાં જાહેરમાં ગાળાગાળી કરતા બે શખ્સોને ઠપકો આપતા એક વૃદ્ધને બે શખ્સોએ લાકડી વડે હુમલો કરી તેમને બેભાન કરી દેતા ચકચાર મચી ગઈ છે. ગંભીર રીતે ઘવાયેલા વૃદ્ધને સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે.પ્રાપ્ત વિગતો મુજબ, કમરકોટડા ગામમાં રહેતા ચોથાભાઈ વશરામભાઈ પાટડીયા (ઉં.વ. ૭૦) ગઈકાલે બપોરે ૩ વાગ્યાની આસપાસ પોતાના ઘર પાસે હતા. આ સમયે ગામના જ જેન્તીભાઈ પાટડીયા અને દીક્ષિતભાઈ નામના બે શખ્સો નશાની હાલતમાં ત્યાંથી પસાર થતા હતા અને જાહેરમાં ગાળાગાળી કરી રહ્યા હતા. વૃદ્ધ ચોથાભાઈએ તેમને ગાળો ન બોલવા માટે ઠપકો આપ્યો હતો. ઠપકો આપતા બંને એ જગડો કરી વૃદ્ધને માથા તેમજ શરીરના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા વૃદ્ધ ઘટનાસ્થળે જ બેભાન થઈ ઢળી પડ્યા હતા. તેમને તાત્કાલિક બેભાન હાલતમાં સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા છે. ચોથાભાઈને સંતાનમાં એક દીકરો અને એક દીકરી છે, જેમાં તેમનો પુત્ર ડ્રાઈવિંગ કરી પરિવારનું ગુજરાન ચલાવે છે. આ મામલે સ્થાનિક પોલીસે ગુનો નોંધી હુમલાખોરો સામે કાયદેસરની તપાસ હાથ ધરી છે.

## ગાંધીજીના હત્યારા નાથુરામ ગોડસેને હીરો બનાવવાનો હીન પ્રયાસ

### હું નાથુરામ ગોડ્સેનાટકનો કોંગ્રેસ વિરોધ કરશે

**અબતક રાજકોટ**

શહેરના હેમુ ગઢવી હોલ ખાતે આજે રાત્રે ૯:૧૫ કલાકે હું નાથુરામ ગોડ્સેનું નાટક યોજવાનું છે. જેનો વિરોધ કોંગ્રેસ દ્વારા કરવામાં આવ્યો છે.

ગાંધીજીના હત્યારાને હીરો બનાવવાના પ્રયત્ન થઈ રહ્યો હોવાનો આક્ષેપ કોંગ્રેસના પ્રવક્તા પાર્થિવરાજ કઠવાડિયાએ કર્યા છે .નાથુરામ ગોડ્સેના નાટક સામે વાંધો ઉઠાવ્યો છે.ગાંધીના ગુજરાતમાં ગોડ્સેને હીરો નહીં બનવા દઈએ તેવી પાર્થિવરાજએ જણાવ્યું હતું.

હું નાથુરામ ગોડ્સે નામનું નાટક ગુજરાતમાં કેવી રીતે યોજાઈ શકે?તે પણ સવાલ છે.અગાઉ આ નાટક સુરત, વડોદરા, ભાવનગરમાં પણ યોજાઈ ચૂક્યું છે.

આ દેશનો હિરો મહાત્મા ગાંધી છે, ગોડ્સે નહીં તેમ જણાવ્યું હતું.

આઝાદ દેશનો પ્રથમ આતંકી નથુરામને હીરો બનાવવાના પ્રયત્ન થઈ રહ્યો છે. વડાપ્રધાન જ્યારે વિશ્વના નેતાઓને બોલાવે ત્યારે મહાત્મા ગાંધીની સમાધિ પર લઈ જાય છે. ગાંધીની હત્યા કરનારનું મહિમામંડન થાય એને મંજૂરી કેમ આપવામાં આવી? તેવો સવાલ કર્યો છે.

## લોધિકાના વીરવા ગામે છ દિવસની બીમારીએ એક વર્ષના બાળકનો ભોગ લીધો

### શરદી બાદ રડતાં રડતાં અચાનક બેભાન થતા જનાના હોસ્પિટલમાં સારવારમાં દમ તોડ્યો

**અબતક, રાજકોટ**

લોધિકા તાલુકાના વીરવા ગામમાં રહેતા કોળી પરિવારના એક વર્ષના માસૂમ બાળકનું ટૂંકી બીમારી બાદ મોત નીપજતા પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું છે. શરદીની તકલીફ બાદ અચાનક તબિયત લથડતા બાળકને સારવાર માટે રાજકોટ લાવવામાં આવ્યું હતું, પરંતુ સારવાર મળે તે પહેલા જ તેણે દમ તોડી દીધો હતો.પ્રાપ્ત વિગતો મુજબ, વીરવા ગામમાં રહેતા અને કારખાનામાં મજૂરી કામ કરતા પ્રદીપભાઈ ટીડાણીના પુત્ર વિહાન (ઉં.વ. ૧) ને છેલ્લા છ દિવસથી શરદીની તકલીફ હતી. આજે સવારે બાળક અચાનક રડવા લાગ્યું હતું અને જોતજોતામાં બેભાન થઈ ગયું હતું. પરિવારે તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે વિહાનને રાજકોટની જનાના હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડ્યો હતો. જનાના હોસ્પિટલ ખાતે ફરજ પરના તબીબોએ બાળકને તપાસી મૃત જાહેર કર્યો હતો. ત્યારબાદ બાળકના મૃતદેહને પીએમ માટે રાજકોટ સિવિલ હોસ્પિટલના કોલ્ડ રૂમમાં ખસેડવામાં આવ્યો હતો. પીએમ રિપોર્ટ બાદ જ મોતના ચોક્કસ કારણની જાણ થશે.પોલીસની પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે મૃતક વિહાન બે ભાઈઓમાં નાનો હતો. તેના પિતા પ્રદીપભાઈ કારખાનામાં કામ કરી પરિવારનું ગુજરાન ચલાવે છે. ઘટનાને લઈ પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું છે.. પોલીસે આ અંગે નોંધ કરી આગળની તપાસ હાથ ધરી છે.

### કરલો દુનિયા મુઠ્ઠી મેં....

# રિલાયન્સ કન્ઝયુમર પ્રોડક્ટ કંપનીએ ઓસ્ટ્રેલિયાની નેક્સબાના સ્થાપક ગ્રુપનો મોટો હિસ્સો કર્યો હસ્તગત

### નેક્સબા સાથેના સોદાથી આરસીપીએલ વૈશ્વિક બજારમાં ઓસ્ટ્રેલિયામાં કર્યુ પગરણ

**અબતક, રાજકોટ**

રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડની એફએમસીજી પાંખ, રિલાયન્સ કન્ઝ્યુમર પ્રોડક્ટ્સ લિમિટેડે ઓસ્ટ્રેલિયાના લોકપ્રિય 'બેટર-ફોર-યુ' બેવરેજ બિઝનેસ ગુડનેસ ગ્રૂપ ગ્લોબલ પ્રા. લિ.માં બહુમતી હિસ્સો હસ્તગત કર્યો છે. આ ઐતિહાસિક સોદાને પગલે ઓસ્ટ્રેલિયાના ઝડપથી વિકસતા કન્ઝ્યુમર ગુડ્સ માર્કેટમાં રિલાયન્સનો પ્રવેશ અંકિત થયો છે, અને તે જ સમયે કંપની 'કિફાયતી કિંમતે વૈશ્વિક ગુણવત્તા'પૂરી પાડવાની પોતાની પ્રતિબદ્ધતાને ફરી દોહરાવે છે.

આ વ્યૂહાત્મક ભાગીદારી હેઠળ, આરસીપીએલ ભારત સહિતના નવા બજારોમાં ઓસ્ટ્રેલિયન ક્રિકેટ કેપ્ટન પેટ કમિન્સ સાથે સાથે મળીને તૈયાર કરવામાં આવેલી હાઈડ્રેશન બ્રાન્ડ- નેક્સબા અને પેસ - જેવી ગુડનેસ ગ્રુપની મુખ્ય હેલ્ધી બેવરેજીસ બ્રાન્ડ્સને પ્રમોટ કરવામાં મદદરૂપ થશે.

આ ભાગીદારી હેલ્થ-બેઝ્ડ પીણાંનો પોર્ટફોલિયો વિકસાવવા માટેના આરસીપીએલના પ્રયાસોને વધુ મજબૂત બનાવે છે અને ભારતમાંથી ઝડપથી ઉભરતા વૈશ્વિક એફએમસીજી પ્લેયર તરીકે તેની સ્થિતિને વધુ મજબૂત બનાવે છે. આ કંપની અગાઉથી જ દુબઈ, કતાર, ઓમાન, બહેરિન, નેપાળ અને શ્રીલંકા જેવા ચાવીરૂપ વૈશ્વિક બજારોમાં પ્રવેશી ચૂકી છે. આરસીપીએલ પાસે રેસકીક અને સન ક્રશ જ્યુસ, ઝીરો-સુગર અને હર્બલ-નેચરલ બેવરેજ બ્રાન્ડ શુન્યા જેવા હેલ્ધી બેવરેજીસનો મજબૂત પોર્ટફોલિયો છે.

રિલાયન્સ કન્ઝ્યુમર પ્રોડક્ટ્સ લિમિટેડના ડિરેક્ટર ટી. કૃષ્ણકુમારે જણાવ્યું હતું કે, આ વ્યૂહાત્મક ભાગીદારી આરસીપીએલને ભારતમાંથી વૈશ્વિક એફએમસીજી કંપની તરીકે સ્થાપિત કરવાની દિશામાંનું એક સાહસિક પગલું છે.

આ ભાગીદારી પર ટિપ્પણી કરતા, ગુડનેસ ગ્રુપના સ્થાપક ટ્રોય ડગ્લાસે જણાવ્યું હતું કે, અમને એ બાબતનો ખૂબ રોમાંચ થઈ રહ્યો છે કે અમારી બ્રાન્ડ્સ અને નવતર સંશોધનોનો ખૂબ જ મજબૂત રીતે પડઘો પડ્યો છે અને અમારા વ્યૂહાત્મક ભાગીદાર આરસીપીએલ આપણા સહુના માટેની વ્યાપારી તકોને ઓળખે છે. આરસીપીએલ સૌથી ઝડપથી વિકસતા પ્લેયર્સમાંની એક છે અને એક અગ્રણી એફએમસીજી કંપની છે. આરસીપીએલમાં, અમને અમારી ઉત્ક્રાંતિના ભાગરૂપે એક અત્યંત મજબૂત અને સુસંસ્કૃત ભાગીદાર મળ્યો છે, જેની સાથે અમે આગામી પાંચ વર્ષમાં ૫૦ જેટલા પશ્ચિમી બજારોમાં વૈશ્વિક ખેલાડી બનીશું. આ ભાગીદારી અમારા વ્યાપારને 'બેટર-ફોર-યુ' શ્રેણીમાં વૈશ્વિક અગ્રણી બનવાની તક પૂરી પાડશે.

સિડની-સ્થિત ગુડનેસ ગ્રુપ ગ્લોબલએ ઓસ્ટ્રેલિયામાં એક પ્રખ્યાત પ્લાયર છે જે ઓસ્ટ્રેલિયા અને ૨૧ અન્ય વૈશ્વિક બજારોમાં ગ્રાહકોને વૈશ્વિક ગુણવત્તાવાળા હેલ્ધી બેવરેજીની પસંદગીઓ પૂરી પાડવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે.


જા.નં.૬૮૭૯ | તા.૦૫/૦૨/૨૦૨૬

**મોરબી મહાનગરપાલિકા**

**ઓનલાઈન જાહેર નિવિદા**

આથી મોરબી મહાનગરપાલિકા, મોરબી જી.મોરબી ને વિવિધ યોજના હેઠળ નીચે મુજબની વિગતે કામગીરી કરાવવા માટે ઓનલાઈન ટેન્ડર મંગાવવામાં આવે છે.

| અ. નં. | કામની વિગત | ટેન્ડર ફી | ઇ.એમ.ડી.ની રકમ | કામની અંદાજીત રૂ. |
|---|---|---|---|---|
| ૧ | મોરબી મહાનગરપાલિકા હદમાં લાતી પ્લોટ વિસ્તારમાં રોડ બનાવવાનું કામ. | ૨૩,૫૦૦/- | ૨૦,૧૯,૮૦૦/- | ૨૦.૨૦ કરોડ |
| ૨ | મોરબી મહાનગરપાલિકા હદ વિસ્તારમાં પાડાપુલની અપસ્ટ્રીમમાં કેબલસ્ટે બ્રીજ બનાવવા DPR પ્રુફ ચેકીંગ અન્વયે એજન્સી નિમણુક કરવા અંગે. | ૩,૦૦૦/- | ૫૦,૦૦૦/- | - |
| ૩ | મોરબી મહાનગરપાલિકા હદ વિસ્તારના તમામ ક્લસ્ટરમાં કલસ્ટર ઓફીસ બનાવવાનું કામ.(બીજો પ્રયત્ન) | ૧૫,૦૦૦/- | ૭,૪૪,૭૭૨/- | ૭.૪૪ કરોડ |
| ૪ | મોરબી મહાનગરપાલિકા હદ વિસ્તારમાં પાડાપુલની ડાઉનસ્ટ્રીમમાં બ્રીજ બનાવવાનું કામ. | ૨૩,૫૦૦/- | ૩૩,૧૪,૦૦૦/- | ૩૩.૧૩ કરોડ |
| ૫ | મોરબી મહાનગરપાલિકા હદ વિસ્તારમાં નટરાજ ફાટક થી અરૂણોદય સર્કલ (વેજીટેબલ રોડ) સુધી આઇકોનીક સી.સી.રોડ બનાવવાનું કામ.(ત્રીજો પ્રયત્ન) | ૧૫,૦૦૦/- | ૫,૧૨,૧૦૦/- | ૫.૧૨ કરોડ |
| ૬ | મોરબી મહાનગરપાલિકા હદ વિસ્તારમાં સેન્ટમેરી ફાટક થી LC-૩૬ ROB (નવલખી ફાટક) સુધી આઇકોનીક સી.સી.રોડ બનાવવાનું કામ. (ત્રીજો પ્રયત્ન) | ૪,૫૦૦/- | ૨,૨૨,૮૦૦/- | ૨.૨૨ કરોડ |
| ૭ | મોરબી મહાનગરપાલિકા હદ વિસ્તારમાં શકત શનાળા ખાતે તળાવના બ્યુટીફીકેશનનું કામ | ૨૩,૫૦૦/- | ૧૦,૬૮,૭૫૫/- | ૧૦.૬૮ કરોડ |
| ૮ | મોરબી મહાનગરપાલિકા હદ વિસ્તારમાં નાની વાવડી ખાતે પાર્ક બનાવવાનું કામ | ૪,૫૦૦/- | ૧,૦૫,૯૮૦/- | ૧.૦૬ કરોડ |

| | |
|---|---|
| ટેન્ડર ડાઉનલોડ તથા અપલોડ માટેની છેલ્લી તારીખ તથા સમય | તા.૨૧/૦૨/૨૦૨૬ ના રોજ ૧૮:૦૦ કલાક સુધી |
| ફક્ત ઓરીજીનલ ટેન્ડર ફી, ઈ.એમ.ડી. અને નોન બ્લેકલીસ્ટનું એફીડેવીટ પહોચતા કરવાની તારીખ, સમય તથા સરનામુ | તા.૦૨/૦૩/૨૦૨૬ ના ૧૮:૦૦ કલાક સુધી, સીટી ઈજનેર, મોરબી મહાનગરપાલિકા, જી.મોરબી |
| ટેકનીકલ બીડ ખોલવાની તારીખ(જો શક્ય હોય તો) | તા.૦૪/૦૩/૨૦૨૬ ના રોજ ૧૨:૦૦ કલાકે |
| પ્રાઈઝ બીડ ખોલવાની તારીખ(જો શક્ય હોય તો) | તા.૦૪/૦૩/૨૦૨૬ ના રોજ ૦૧:૦૦ કલાકે |

ઉપરોક્ત કામ અંગેની તમામ જરૂરી માહિતી તેમજ શરતો અને કરારની વિગતો અને ટેન્ડર ડાઉનલોડ તથા અપલોડ માટે www.nprocure.com વેબસાઇટ ઉપર તા.૦૭/૦૨/૨૦૨૫ના રોજથી જોવા વિનંતી. સદર કામ અંગેના તમામ હક્ક અધિકાર મહાનગરપાલિકાને અબાધિત રહેશે.

નાયબ કમિશનર(પ્રો.)
મોરબી મહાનગરપાલિકા

માહિતી -રાજ- ૧૭૪૬ -૨૦૨૫-૨૦૨૬

# અન્નનળીમાં નાખેલી નળી નીકળી ગયા બાદ કુળવધુનું મોત

## સંતાન સુખ પ્રાપ્ત ન થતા પરિણીતાએ ૧૦ મહિના પૂર્વે એસિડ પી આપઘાતનો પ્રયાસ કર્યો હતો

**અબતક, રાજકોટ**

શહેરના જામનગર રોડ પર આવેલા ઘંટેશ્વર ૨૫ વારિયા વિસ્તારમાં રહેતી ૨૦ વર્ષીય પરિણીતાએ સંતાન સુખ ન મળતા આઘાતમાં આવી ૧૦ મહિના પૂર્વે એસિડ પી લીધું હતું. લાંબી સારવાર બાદ આખરે આજે ઘરે બેભાન થઈ જતા તેનું મોત નીપજ્યું છે. આ બનાવથી પરિવારમાં ભારે શોક વ્યાપી ગયો છે.મળતી વિગતો મુજબ, ઘંટેશ્વર વિસ્તારમાં રહેતા સારિકાબેન માઈકલભાઈ મારવાડી (ઉં.વ. ૨૦) ના લગ્ન ત્રણ વર્ષ પૂર્વે થયા હતા. લગ્ન જીવનથી સંતાન સુખ પ્રાપ્ત ન થતા હોવાથી સારિકાબેન પરેશાન રહેતા હતા. આ આઘાતમાં તેમણે ૧૦ મહિના પહેલા એસિડ ગટગટાવીને આપઘાતનો પ્રયાસ કર્યો હતો. એસિડ પીવાને કારણે ગંભીર હાલતમાં તેમને પ્રથમ અમદાવાદ અને ત્યારબાદ રાજકોટની હોસ્પિટલમાં સારવાર આપવામાં આવી હતી. એસિડના કારણે આંતરડા અને અન્નનળીમાં નુકસાન થયું હોવાથી તબીબોએ શરીરમાં નળી નાખી હતી.ગઈકાલે અચાનક આ નળી નીકળી જતા તેમને ફરી સિવિલ હોસ્પિટલ ખસેડાયા હતા, જ્યાં નળી નાખી તેમને રજા આપવામાં આવી હતી. જોકે, ઘરે પહોંચ્યા બાદ આજે સવારે તેઓ અચાનક બેભાન થઈ ગયા હતા અને મોત નીપજ્યું હતું. મૃતક સારિકાબેનના પતિ લુહારી કામ કરીને પરિવારનું ગુજરાન ચલાવે છે. આ બનાવ અંગે જાણ થતા જ પોલીસે હોસ્પિટલ પહોંચી જરૂરી કાર્યવાહી કરી હતી અને મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડી વધુ તપાસ હાથ ધરી છે.

# નાગરિક બેંક ચોક પાસે અકસ્માતમાં યુવાનનું મોત

## સુરતથી લગ્ન પ્રસંગમાં આવેલા યુવકનું બાઈક સ્લીપ થતા મોત, સાળાનો આબાદ બચાવ

**અબતક, રાજકોટ**

રાજકોટમાં લગ્ન પ્રસંગમાં હાજરી આપવા આવેલા સુરતના ૩૮ વર્ષીય યુવકનું નાગરિક બેંક ચોક નજીક બાઈક સ્લીપ થઈ જતાં ગંભીર ઈજાઓ પહોંચતા મોત નીપજ્યું હતું. આ અકસ્માતમાં બાઈકની પાછળ બેઠેલા તેના સાળાનો આબાદ બચાવ થયો છે, પરંતુ યુવાનના મોતથી પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું છે. મૂળ અમરેલીના જારિયા ગામના વતની અને હાલ સુરતમાં રહી શાકભાજીનો વ્યવસાય કરતા ચેતનભાઈ રતિભાઈ સોલંકી (ઉ.વ. ૩૮) રાજકોટમાં પોતાના કુટુંબમાં લગ્ન પ્રસંગ હોવાથી આવ્યા હતા. આજે સવારે આશરે આઠેક વાગ્યે તેઓ પોતાના સાળા પ્રવીણભાઈ સાથે મોટરસાયકલ પર સવાર થઈને જઈ રહ્યા હતા. ભૂતખાના ચોકથી આગળ નાગરિક બેંક પાસે આવેલા પેટ્રોલ પંપ સામે અચાનક તેમનું બાઈક સ્લીપ થઈ ગયું હતું. આ અકસ્માતમાં ચેતનભાઈને માથાના તેમજ શરીરના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા તાત્કાલિક રાજકોટ સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. જોકે, ટૂંકી સારવાર બાદ તેમનું મોત નીપજ્યું હતું. સદનસીબે પાછળ બેઠેલા પ્રવીણભાઈને કોઈ મોટી ઈજા થઈ નહોતી.મૃતક ચેતનભાઈ ચાર ભાઈ અને એક બહેનમાં વચેટ હતા. તેમના અવસાનથી ત્રણ દીકરાઓએ પિતાની છત્રછાયા ગુમાવી છે. લગ્નના હરખ વચ્ચે અચાનક બનેલી આ ઘટનાથી પરિવારમાં અરેરાટી ફેલાઈ છે. પોલીસે આ અંગે જરૂરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ડ્રિમસિટીમાં ટ્રાન્સપોર્ટના ધંધાર્થી વનરાજ નિમાવતે દારૂના નશામાં ખેલ નાખ્યા

## મોડી રાતે સ્થાનિકો સાથે ઝઘડો કરી વાતાવરણ તંગ બનાવતા પોલીસે દબોચી ગુનો નોંધ્યો

**અબતક, રાજકોટ**

રૈયારોડ નજીક આવેલ ડ્રિમસીટીમાં ટ્રાન્સપોર્ટના ધંધાર્થી વનરાજ નિમાવતે દારૂના નશામાં ખેલ કરી મોડી રાતે સ્થાનીક લોકો સાથે ઝઘડો કરી વાતાવરણ તંગ કરતાં પોલીસે દોડી જઈ તેને પકડી પાડી ગુનો નોંધી કાર્યવાહી કરી હતો.

બનાવ અંગે ફરીયાદી બનેલ યુની. પોલીસ મથકના કોન્સ્ટેબલ રીનાબેને આરોપી તરીકે વનરાજ મહેન્દ્ર નિમાવત (ઉ.વ.૩૯, ધંધો ટ્રાન્સપોર્ટ, રહે ડ્રીમ સીટી સોપાન હાઈટ્સની સામે સી ૨-૧૧૦૧) નું નામ આપી જણાવ્યું હતું કે, ગઈકાલે તેઓ રાતના ૧૧૨ જનરક્ષક વાનમાં ફરજ પર ડ્રાયવર ભગવાનભાઈ ત્રમટા સાથે હતા, જે દરમ્યાન રાતના ૧૨ વાગ્યાની આસપાસ કોલ મળેલ કે, ડ્રીમ સીટી સોપાન હાઈટ્સ એપાર્ટમેન્ટ ખાતે એક વ્યક્તિ ઝઘડો કરે છે, તે બાબતે યોગ્ય કાર્યવાહી કરવાનું જણાવતાં મોડી રાતના ૦૧ વાગ્યે ત્યાં દોડી જઈ કોલ કરનારને મળતાં તેમને એપાર્ટમેન્ટમાં ઝઘડો કરનાર વ્યક્તિ બતાવતાં જે વ્યક્તિનું નામ પૂછતાં પોતાનું નામ વનરાજ મહેન્દ્ર નિમાવત હોવાનું થોથરાતી જીભે જણાવેલ હતું.

જેથી તે શખ્સે કેફી પ્રવાહી પીધેલ હોવાની વાસ આવતાં પોલીસ મથકે લાવી તેના વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

# પાડોશીને સોનાનો ચેઈન આપ્યા બાદ પરત ન આપતા મહિલાનો આપઘાતનો પ્રયાસ

## સોનાનો ચેઈન બતાવવાના બહાને લઈ ફરાર થઈ જતા પરિણીતાએ ઝેરી દવા ગટગટાવી

**અબતક, રાજકોટ**

શહેરના કેવડાવાડી વિસ્તારમાં ચોંકાવનારી ઘટના સામે આવી છે, જેમાં પાડોશીએ વિશ્વાસઘાત કરી સોનાનો ચેઈન પરત ન કરતા એક ૨૬ વર્ષીય પરિણીતાએ આપઘાતનો પ્રયાસ કર્યો છે. જેને તાત્કાલિક સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.પ્રાપ્ત વિગતો અનુસાર, કેવડાવાડી શેરી નંબર ૧૪, ગુંદાવાડી પોલીસ ચોકી પાસે રહેતા નિરૂપમાબેન પ્રદીપભાઈ માહીજા (ઉં.વ. ૨૬) નામના મહિલાએ ગઈકાલે પોતાના ઘરે દવાની ટીકડીઓ ખાઈ લેતા તેમને સારવાર અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. તપાસમાં જાણવા મળ્યું છે કે નિરૂપમાબેનના પતિ સોની કામ કરીને પરિવારનું ગુજરાન ચલાવે છે. થોડા દિવસો પહેલા તેમના પાડોશમાં રહેતો મંથન નામનો યુવક નિરૂપમાબેન પાસે આવ્યો હતો અને એવું બહાનું બતાવ્યું હતું કે, તેણે તેની ગર્લફ્રેન્ડને સોનાનો ચેઈન બતાવવો છે, જે બતાવીને તે તુરંત પરત કરી દેશે. પાડોશી હોવાના નાતે મહિલાએ તેના પર વિશ્વાસ મૂકી સોનાનો ચેઈન આપ્યો હતો. જોકે, ત્યારબાદ મંથન ચેઈન લઈને ફરાર થઈ ગયો હતો અને પરત આવ્યો નહોતો. પોતાની સાથે થયેલા આ વિશ્વાસઘાત અને આર્થિક નુકસાનના આઘાતમાં નિરૂપમાબેને અંતિમ પગલું ભરવાનો પ્રયાસ કર્યો હતો. આ ઘટનાની જાણ થતા જ સ્થાનિક પોલીસે ગુનો નોંધી મંથન નામના શખ્સની શોધખોળ હાથ ધરી છે.

(ત્રીજા પાનાનું ચાલું)

### આત્માની ઓળખ...

તેવા જ્ઞાનવિધિના પ્રયોગ દ્વારા.

શાશ્વત સુખના આ માર્ગની શોધ પરમ પૂજ્ય દાદા ભગવાન દ્વારા થઇ હતી. તેમણે અજોડ એવું આધ્યાત્મિક વિજ્ઞાન, જે અક્રમ વિજ્ઞાનના નામથી પ્રસિદ્ધ થયુ. તે જગત માટે ખુલ્લું કર્યું. દુનિયાના બધા જ મનુષ્યો કળિકાળના આશ્ચર્ય સમાન આ જ્ઞાનને પ્રાપ્ત કરી દુઃખોથી મુક્ત થાય એ જ ભાવનાથી પરમ પુજ્ય દાદા ભગવાન દીક્ષિત અને આત્મજ્ઞાની પુજ્ય નીરુમાના સહાધ્યાયી આત્મજ્ઞાની પુજ્ય દીપકભાઈ વિશ્વભરમાં વિચરણ કરી સત્સંગ અને જ્ઞાનવિધિ કરાવી રહ્યા છે. જ્ઞાનવિધિમાં અડતાલીસ મિનિટ આત્મા-અનાત્માના ભેદ પાડનારા વાક્યો બોલાવવામાં આવે છે. ત્યાર બાદ વ્યવહારિક ઉદાહરણ સાથે પાંચ આજ્ઞાઓ વિગતવાર સમજાવવામાં આવે છે. પાંચ આજ્ઞામાં નવા કર્મો બંધાય નહીં અને જૂના કર્મોની સંપૂર્ણ નિર્જરા થાય તેવી રીતે જીવન જીવવાની વ્યવહારિક ચાવીઓ મળે છે. આ ઉમદા સમજણ થકી સંસાર વ્યવહારની ફરજો બજાવતા ઉભા થતા ચિંતા કે દુઃખ આપણને સ્પર્શી સકતા નથી.

આવો અમૂલ્ય જ્ઞાનવિધિનો વૈજ્ઞાનિક પ્રયોગ પૂજ્ય દીપકભાઈના રાજકોટ સત્સંગ કાર્યક્રમ અંતર્ગત ૮ ફેબ્રુઆરી રવિવારે સાંજે ૫ થી ૮.૩૦ યોજવામાં આવ્યો છે. મવડી ખાતે આવેલ ઈન્ડોર સ્ટેડિયમ સામેના ઓપન ગ્રાઉન્ડમાં યોજવામાં આવેલ આ જ્ઞાનવિધિમાં ૧૮ વર્ષથી મોટી ઉંમરના કોઈ પણ ધર્મ, પ્રાંત કે જાતિના લોકો ભાગ લઈ શકે છે. ઉલ્લેખનીય છે કે જ્ઞાનવિધિ અને સત્સંગ કાર્યક્રમ નિઃશુલ્ક હોય છે.

કાર્યક્રમના છેલ્લા દિવસે એટલે કે સોમવારે સાંજે ૭ થી ૧૦ દરમ્યાન પણ પૂજ્ય દીપકભાઈનો પ્રશ્નોત્તરી સત્સંગ રહેશે.

અક્રમ વિજ્ઞાન અને જ્ઞાનવિધિની વધુ વિગત www.dadabhagwan.org વેબસાઈટ ઉપર મેળવી શકાશે.

### વોર્ડ ઓફિસર...

જવાબદારી છે, અને દરેક વોર્ડમાં સ્વચ્છતા દેખાય તે રીતે કામગીરી થવી જોઈએ.

બેઠકમાં આવનારા સ્વચ્છ સર્વેક્ષણ ૨૦૨૬માં રાજકોટ શહેરને અવ્વલ ક્રમે લાવવાનો દૃઢ સંકલ્પ વ્યક્ત કરવામાં આવ્યો હતો. આ હેતુસર શહેરના દરેક વિસ્તારને સ્વચ્છ, ગંદકી રહિત અને વ્યવસ્થિત બનાવવા માટે સતત મોનિટરિંગ, ફીલ્ડ વિઝિટ, સરપ્રાઈઝ ચેક અને રિવ્યૂ મિટિંગ્સ હાથ ધરવામાં આવશે.

સ્વચ્છતા અભિયાનને સફળ બનાવવા માટે નાગરિકોની સક્રિય ભાગીદારીને કેન્દ્રસ્થાને રાખવામાં આવી છે. કચરાનું સ્ત્રોત પર વિભાજન (વેટ-ડ્રાય સેગ્રેગેશન), ડોર-ટુ-ડોર કચરા સંકલન સાથે સહકાર, ખુલ્લામાં કચરો ન ફેંકવો, જાહેર સ્થળો અને જાહેર સંપત્તિની સ્વચ્છતા જાળવવી તેમજ આરોગ્યપ્રદ આદતો અપનાવવા નાગરિકોને સતત પ્રોત્સાહિત કરવામાં આવશે.

### વિદ્યાર્થી વાંચનાલય...

પરીક્ષાલક્ષી અને વિષયલક્ષી પુસ્તકો તથા મેગેઝીનની વ્યવસ્થા પણ કરવામાં આવી છે

રાજકોટ મહાનગરપાલિકા સંચાલિત વોર્ડ વાઈઝ વિદ્યાર્થી વાંચનાલયોમાં છેલ્લા એક વર્ષમાં ૪૨૮૧૩ વિદ્યાર્થીઓએ ઉપયોગ કર્યો છે. સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરતાં અને ધોરણ ૧૦ થી ૧૨ માં અભ્યાસ કરતાં વોર્ડ વિસ્તારમાં નજીકમાં વિદ્યાર્થીઓને પોતાની કારકીર્દી અભ્યાસ કે વાંચન માટે નજીકના વિદ્યાર્થી વાંચનાલયનો ઉપયોગ કરવા અનુરોધ કરવામાં આવે છે.

### સ્પોર્ટસ ઈન્ફ્રાસ્ટ્રક્ચર...

પ્રત્યે પ્રોત્સાહન મળે તેવા ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકાસ પર પણ વિચારણા કરવામાં આવી. આવનારા સમયમાં શહેરમાં રમતગમતની સુવિધાઓ એવી રીતે વિકસાવવામાં આવશે કે જેમાં તમામ વર્ગના નાગરિકો સરળતાથી ઉપયોગ કરી શકે અને રમતગમતની પ્રવૃત્તિઓમાં જોડાઈ શકે.

આ બેઠકમાં મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરા સાથે વિવિધ સ્પોર્ટ્સના નિષ્ણાંતો જેવા કે, ઝાપડીયા અનિલભાઈ, મહેતા અમીષભાઈ,કૈશિકભાઈ અઢીયા, હાપલીયા કિશોરભાઈ, ટોળીયા મયુરભાઈ, નૈમિષભાઈ ભારદ્વાજ, હર્ષભાઈ પુજારા, અમિતભાઈ, દિવેચા મહેશભાઈ, પરમરાજસિંહ રાણા, રંગાણી ભાવેશભાઈ અને નીખીલભાઈ ધામેચા હાજર રહી ભવિષ્યના રમતગમતના આયોજન વિશે ચર્ચા કરી હતી.

(ચોથા પાનાનું ચાલુ)

### પ્રહરી જીતુભાઈ સોરઠીયા...

આવે છે. જો કોઈ બહેન અગમ્ય કારણોસર આવી ન શકે, તો સ્વયંસેવકો દ્વારા તેમના ઘર સુધી કીટ પહોંચાડવામાં આવે છે.

ચોથા વર્ષના પ્રારંભે જીતુભાઈએ રાષ્ટ્રની સેવામાં શહીદ થયેલા વીરોના પરિવારોને મદદરૂપ થવા તેમજ વધુમાં વધુ જરૂરિયાતમંદો સુધી પહોંચવાનો દ્રઢ સંકલ્પ કર્યો છે. એ માટે સંપર્ક કરવા હેતુ મો.૯૭૧૪૧૦૮૦૪૭ ઉપર જાણ કરવા તેઓએ જાહેર અપીલ કરી છે. જીતુભાઈની આગેવાનીમાં મવડી લેઉઆ પટેલ સોશ્યલ ગ્રુપ છેલ્લા ૮ વર્ષથી દર વર્ષે ૨૧ દીકરીઓના સમૂહ લગ્ન અને તેજસ્વી વિદ્યાર્થીઓ માટે સરસ્વતી સન્માન સમારોહ જેવા અનેક સેવાકીય પ્રોજેક્ટ્સ પણ ચલાવી રહ્યું છે.

### ૯૭૮ આંગણવાડી કેન્દ્રો...

સમગ્ર રાજ્યમાં આ ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. ઝુંબેશનો મુખ્ય હેતુ આંગણવાડી કેન્દ્રોની માળખાકીય સુવિધાઓમાં સુધારા સાથે મજબૂતી અને સૌંદર્યીકરણ સુનિશ્ચિત કરવાનો છે.

જિલ્લા વિકાસ અધિકારી, રાજકોટના માર્ગદર્શન હેઠળ પ્રોગ્રામ ઓફિસર () કચેરી મારફતે તાલુકા કક્ષાએ પોતાના મકાન ધરાવતા આંગણવાડી કેન્દ્રોને સ્માર્ટ અને ચાઈલ્ડ-ફ્રેન્ડલી બનાવવા માટે ઉપલબ્ધ વિવિધ ગ્રાન્ટમાંથી આયોજનબદ્ધ રીતે કામગીરી હાથ ધરવામાં આવી રહી છે.

આ સમગ્ર પહેલ દ્વારા રાજકોટ જિલ્લામાં બાળકોના સર્વાંગી વિકાસ અને ગુણવત્તાયુક્ત પૂર્વ-પ્રાથમિક શિક્ષણ માટે મજબૂત પાયો પુરો પાડશે.

(૧૧માં પાનાનું ચાલુ)

### મારવાડી યુનિવર્સિટી

ચેટમાં વિદ્યાર્થીઓએ તેમની વ્યક્તિગત સફર, ક્રિએટિવિટીના પડકારો અને એન્ટરટેઈનમેન્ટ ઈન્ડસ્ટ્રીની બદલતી દિશા વિશે સીધા પ્રશ્નો પૂછ્યા. આ સેશનમાં 'કેમિકલ જેવી' ઊર્જા સાથે 'રીયલ' અનુભવોની વાતો થતાં વિદ્યાર્થીઓ ખાસ રસ લેતા જોવા મળ્યા.

મારવાડી યુનિવર્સિટીના ટ્રસ્ટી ધ્રુવ મારવાડી એ કહ્યું કે એમ્પુલેટ ૨૦૨૬નો ઉદ્દેશ યુવાનોને એક એવું પ્લેટફોર્મ આપવાનો છે જ્યાં તેઓ પોતાની વાત ખુલ્લેઆમ કહી શકે, નવી રીતે વિચાર કરી શકે અને આત્મવિશ્વાસ સાથે આગળ વધી શકે. તેમના જણાવ્યા મુજબ ફેસ્ટની વિશાળતા અને વિવિધતા યુનિવર્સિટીની વિદ્યાર્થી-કેન્દ્રિત પ્રવૃત્તિઓની દિશા બતાવે છે.પ્રથમ સાંજનો ખાસ હાઈલાઈટ વિદ્યાર્થીઓ દ્વારા આયોજિત ફેશન શો રહ્યો. વિદ્યાર્થીઓએ આધુનિક ડિઝાઈન સેન્સ, ઈનોવેશન અને સ્ટેજ કોન્ફિડન્સ સાથે રેમ્પ પર પોતાની રજૂઆત કરી. ફેસ્ટનું 'સ્ટુડન્ટ એમ્પાવરમેન્ટ'નું મેસેજ આ ઈવેન્ટમાં સ્પષ્ટ દેખાયું.કુલ મળીને, એમ્પુલેટ ૨૦૨૬માં સંગીત, કોમેડી, સંવાદ અને સ્ટુડન્ટ-ટેલેન્ટનું મિશ્રણ જોવા મળ્યું-અને રાજકોટના યુવા વર્ગમાં આ ફેસ્ટ ફરી એકવાર ચર્ચાનો વિષય બન્યો.

### વી.વી.પી. એન્જી કોલેજ

સાંસ્કૃતિક અને સ્પોર્ટસ પ્રવૃત્તિઓ પણ વીવીપીમાં વિદ્યાર્થીઓ માટે ઉપલબ્ધ હોવાના કારણે જ વીવીપીનાં વિદ્યાર્થીઓ દરેક ક્ષેત્રે પોતાનું પોતાના પરિવાર અને વીવીપીનું નામ રોશન કરે છે.

આ તકે સંસ્થાના ટ્રસ્ટીઓ કૌશિકભાઈ શુકલ, ડો. સંજીવભાઈ ઓઝા, હર્ષલભાઈ મણીઆર, ડો. નરેન્દ્રભાઈ દવે, ડો. નવિનભાઈ શેઠ, આચાર્ય ડો. પિયુષભાઈ વણઝારા, કર્મચારી ગણ દ્વારા વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવવામાં આવ્યાં હતાં

### આપેલું વચન મુખ્યમંત્રી

મેળવી. આ મુલાકાત માત્ર ઔપચારિક કાર્યક્રમ ન રહી, પરંતુ લાગણી અને વિશ્વાસનો જીવંત સંવાદ બની ગઈ.આ પ્રસંગે દીકરી સામ્યાએ શ્લોક પાઠ કરીને પોતાની પ્રતિભા દર્શાવી. તેનાથી પ્રભાવિત થઈ મુખ્યમંત્રીએ દીકરીને આશીર્વાદ આપતાં કહ્યું, તું મન લગાવીને ભણજે અને મોટી થઈને કલેક્ટર બનજે. આ શબ્દો દીકરી માટે માત્ર આશીર્વાદ નહીં પરંતુ ભવિષ્ય માટે પ્રેરણારૂપ બની રહ્યા.

સામ્યાએ પણ આનંદ અને આત્મવિશ્વાસ સાથે કહ્યું કે, દાદાએ વાત યાદ રાખી અને આજે મારી સ્કૂલમાં આવ્યા. આજે મારું સપનું પૂરું થયું. દીકરીની આ લાગણી સમગ્ર શાળા પરિવાર અને ઉપસ્થિત સૌ માટે ભાવુક ક્ષણ બની.

આ ઘટના મુખ્યમંત્રીની માનવીય સંવેદનશીલતા, બાળકો પ્રત્યેના લાગણીસભર અભિગમ અને 'જે કહીએ તે કરી બતાવીએ' તેવી કાર્યશૈલીને ઉજાગર કરે છે. રાજ્યભરના શિક્ષણજગત, વાલીઓ અને વિદ્યાર્થીઓમાં આ પ્રસંગે વિશેષ આનંદ અને પ્રેરણાની લાગણી પ્રસરીગ

(૧૨માં પાનાનું ચાલુ)

### વિશ્વ વિજેતાનો તાજ જીત્યો

વર્ષીય ઓપનર વૈભવ એક સમયે તો ઈંગ્લેન્ડના બોલર્સ સામે લગભગ ત્રાટક્યો હતો. વૈભવે ૮૦ બોલમાં ૧૭૫ રન ફટકાર્યા હતા. આમ તેણે અંડર-૧૯ વર્લ્ડ કપમાં સૌથી ઝડપી ૧૫૦ રનનો વિક્રમ પોતાના નામે કર્યો હતો.

તેણે માત્ર ૭૧ બોલમાં ૧૫૦ રન પૂરા કર્યા હતા. અગાઉ ઈંગ્લેન્ડના બેન માયેસે સ્કોટલેન્ડ સામે ૯૮ બોલમાં ૧૫૦ રન ફટકાર્યા હતા. અંતે ૮૦ બોલમાં ૧૫ ચોગ્ગા અને ૧૫ સિક્સર ફટકારીને વૈભવ સૂર્યવંશી આઉટ થયો હતો. જોકે તેણે આ સાથે ભારતના જંગી સ્કોરનો પાયો રચી દીધો હતો. તેના ઉપરાંત આયુષ મ્હાત્રેએ ૫૧ બોલમાં ૫૩ રન ફટકાર્યા હતા તો અભિજ્ઞાન કુન્ડુએ ૪૦ અને કનિષ્ક ચૌહાણે ૨૦ બોલમાં ૩૭ રનનું યોગદાન આપ્યું હતું.મેચ જીતવા માટે ૪૧૨ રનના ટારગેટ સામે રમતી ઈંગ્લેન્ડની ટીમ સમગ્ર મેચના કોઈ પણ તબક્કામાં જીતવાની દાવેદાર બની શકી ન હતી એટલું જ નહીં પરંતુ તે પડકાર આપવાની સ્થિતિમાં પણ આવી ન હતી.ભારતીય બોલિંગ અને ફિલ્ડિંગ સામે ઈંગ્લેન્ડની ટીમ લાચાર બની ગઈ હતી અને માત્ર ઔપચારિકતા ખાતર ઈનિંગ્સ પૂરી કરતી હોય તેવી રીતે રમતી જોવા મળી હતી. ફાલ્કનરે જોરદાર લડત આપીને સદી ફટકારી હતી જેને કારણે ઈંગ્લેન્ડનો પરાજય થોડા સમય માટે પાછો ઠેલાયો હતો પરંતુ પરિણામમાં ફરક પડ્યો ન હતો. ઓપનર બેન ડોકિન્સે શરૂઆત સારી કરી હતી. તેણે ૫૬ બોલમાં સાત ચોગ્ગા અને બે સિક્સર સાથે ૬૬ રન ફટકાર્યા હતા. ત્રીજા ક્રમના બેન માયેસે પણ સાત ચોગ્ગા અને બે સિક્સર ફટકારી હતી અને ૨૮ બોલમાં ૪૫ રન ફટકાર્યા હતા. જોકે આ બંનેની બેટિંગ દરમિયાન પણ ઈંગ્લેન્ડ ટારગેટ સુધી પહોંચી શકે તેમ જણાતું ન હતું. ૨૨મી ઓવર સુધીમાં ઈંગ્લેન્ડે ૧૭૭ રનમા સાત વિકેટ ગુમાવી દીધી ત્યાર બાદ તેમનો પ્રતિકાર શમી ગયો હતો. કાલેબ ફાલ્કનરે થોડી લડત આપી હતી પરંતુ ત્યાં સુધીમાં ભારતનો વિજય નિશ્ચિત થઈ ગયો હતો.

### ઉતાવળીયું નહિ પરંતુ ભયમુક્ત "ભારત"

જેમાં બાંગ્લાદેશે ભારત આવીને રમવાનો ઈનકાર કરતાં તેને હકાલપટ્ટીનો સામનો કરવો પડ્યો હતો અને તેને બદલે આઈસીસીએ સ્કોટલેન્ડની ટીમને સામેલ કરી દીધી હતી.સ્કોટલેન્ડની ટીમ આજથી વર્લ્ડ કપના પ્રારંભે કોલકાતા ખાતે વેસ્ટ ઈન્ડિઝ સામે રમશે. શનિવારે ત્રણ અલગ અલગ સ્થળે મેચો રમાનારી છે જેમાં ભારત-યુએસએ અને વિન્ડિઝ-સ્કોટલેન્ડ ઉપરાંત કોલંબો ખાતે પાકિસ્તાન અને નેધરલેન્ડ્સ વચ્ચે મુકાબલો થશે.આ વખતે સૌની નજર સૂર્યકુમાર યાદવની આગેવાની હેઠળની ભારતીય ટીમ પર છે અને તેની પાસેથી ૨૦૨૪માં રોહિત શર્માની ટીમે જીતેલા ટાઈટલને જાળવી રાખવાની અપેક્ષા રખાય છે. આ વખતે ઓસ્ટ્રેલિયા, ઈંગ્લેન્ડ અને ન્યૂઝીલેન્ડ-સાઉથ આફ્રિકા જેવી પરંપરાગત હરીફ ટીમો ઉપરાંત નામિબિયા, સ્કોટલેન્ડ કે ઈટાલી જેવી ટીમો સહિત ૨૦ ટીમ રમવાની છે પરંતુ પાકિસ્તાન અને બાંગ્લાદેશના વિવાદે મેદાન પરની સ્પર્ધાના તત્વને કોરાણે રાખી દીધું છે. શનિવારથી મેદાન પરની રમતનો પ્રારંભ થશે ત્યારે એવી અપેક્ષા રખાય છે કે આ તમામ વિવાદો ભુલાઈ જશે અને માત્ર અને માત્ર ક્રિકેટ પર જ ધ્યાન રહેશે.

(છેલ્લા પાનાનું ચાલુ)

### જામનગર મોટી ખાવડી...

બાદમાં તેમને નશાનો વેંપલો કરવાનો વિચાર આવતા તેઓ ડ્રગ્સનો જથ્થો પંજાબથી લાવી અહીં છૂટક વેચાણ કરવાની ફિરાકમાં પંજાબથી ફિલીપ્સ ઉર્ફે ફૌજી નામના શખ્સે હેરોઈનનો જથ્થો આપ્યાનું સામે આવ્યું છે. જેથી મુખ્ય સૂત્રધાર ફૌજીને પકડવા પોલિસે ચક્રો ગતિમાન કર્યા છે.

### નકલી દુધ...

જ્યારે વર્ષ ૨૦૨૨-૨૩માં ૯૭૮ નમૂનાઓ નિષ્ફળ ઠરી, જે અત્યાર સુધીનું ઉચ્ચતમ આંકડો છે. વર્ષ ૨૦૨૩-૨૪માં ૯૧૦ નમૂનાઓ નિષ્ફળ ઠર્યા અને રૂ. ૧૧ કરોડની કિંમતના ૩૫૧ ટન અખાદ્ય પદાર્થો જપ્ત કરવામાં આવ્યા હતા.વર્ષ ૨૦૨૪-૨૫માં (નવેમ્બર સુધી) કુલ ૫,૩૭૧ નમૂનાઓમાંથી ૪૪૪ નમૂનાઓ નિષ્ફળ ઠર્યા છે. વર્ષ ૨૦૨૫-૨૬માં (ચાલુ વર્ષ) ખાસ કરીને મસાલા મિશ્રણના કેસોમાં વધારો નોંધાઈ રહ્યો છે, જોકે સંપૂર્ણ વર્ષનો ડેટા હજુ ઉપલબ્ધ નથી. વર્ષ ૨૦૨૨-૨૩માં નિષ્ફળ નમૂનાઓનું પ્રમાણ સૌથી વધુ હતું, ત્યારબાદ સંખ્યામાં થોડો ઘટાડો થયો છે, પરંતુ વર્ષ ૨૦૨૪માં ટકાવારીની દ્રષ્ટિએ તીવ્ર વધારો નોંધાયો છે. દૂધ, પનીર, મસાલા અને તેલમાં સમસ્યા સતત યથાવત છે.

અમલીકરણમાં ગંભીર ખામીઓ છે. રાષ્ટ્રીય સ્તરે માત્ર ૧૫% જેટલા નિયમભંગ કરનારાઓ સામે જ અસરકારક કાર્યવાહી થાય છે. તા. ૧-૧-૨૦૨૩થી ૩૧-૧૦-૨૦૨૪ દરમિયાન AMCના ફુડ સેફ્ટી ઓફિસરોએ એન્ફોર્સમેન્ટ માટે ફુડ સેમ્પલ લેવા પાછળ પ્રજાના કુલ રૂ. ૧૨,૯૬,૩૩૬/- જેટલા રૂપિયા ખર્ચ્યા છે. આટલો ખર્ચ થવા છતાં મોટાભાગના ફુડ સેમ્પલો લેબોરેટરીમાં પાસ થવાના રિપોર્ટ આવે છે, જે દર્શાવે છે કે ફુડ અધિકારીઓ જાણબૂઝીને એવા જ નમૂનાઓ લે છે જે લેબમાં પાસ થઈ જાય. આ સમગ્ર પ્રક્રિયામાં મોટું કૌભાંડ ચાલી રહ્યું હોવાનો સંદેહ છે અને સામાન્ય નાગરિકોને શુદ્ધ ખોરાક ભાગ્યે જ મળતો હોય તેવી સ્થિતિ છે.હોટલ, રેસ્ટોરન્ટ તથા ખાદ્ય નાસ્તાની લારીઓએ ગ્રાહકોને સ્પષ્ટ રીતે દેખાય તેવા મોટા અક્ષરોમાં બોર્ડ લગાવી ખોરાક ક્યા કુકિંગ માધ્યમમાં તૈયાર થયો છે (જેમ કે સિંગતેલ, પામોલિન તેલ વગેરે) તે દર્શાવવું ફરજિયાત છે. છતાં આ જોગવાઈઓનું પાલન થતું નથી, જેના કારણે નાગરિકોમાં હાર્ટ એટેક જેવી ગંભીર બિમારીઓનું જોખમ વધે છે. અમદાવાદ શહેર સહિત સમગ્ર ગુજરાતમાં ફુડ અધિકારીઓ આ નિયમોનો યોગ્ય અમલ કરાવતા નથી.આ સમગ્ર ડેટા સાબિત કરે છે કે ફુડ સેફ્ટીનો કાયદો હોવા છતાં સપ્લાય ચેઈન, લેબોરેટરી પ્રક્રિયા અને અમલીકરણમાં ગંભીર ખામીઓ છે. ગુજરાતમાં સુરક્ષિત ખોરાક સુનિશ્ચિત કરવા માટે FSSAI તથા FDCAએ તેમના વાર્ષિક રિપોર્ટ્સમાં વિગતવાર ડેટા જાહેર કરવો જોઈએ અને ગ્રાહકોની ફરિયાદોને ગંભીરતાથી લઈ તાત્કાલિક અને કડક પગલાં ભરવા જોઈએ.

### ચૂંટાયેલા મહિલા સરપંચ...

આપે છે અથવા સરકારી કામકાજમાં બિનજરૂરી દખલગીરી કરે છે. આ પ્રથા લોકશાહીના મૂલ્યો અને કાયદાકીય જોગવાઈઓનું ઉલ્લંઘન છે. જેને અટકાવવા આકરા આદેશ આપવામાં આવ્યા છે.

પંચાયતની તમામ સભા કે અન્ય બેઠકોમાં માત્ર ચૂંટાયેલા મહિલા પ્રતિનિધિ જ હાજર રહે તે સુનિશ્ચિત કરવું. તેમના બદલે તેમના પતિ કે અન્ય કોઈ સંબંધી બેઠકમાં બેસી શકશે નહીં. ગ્રામ પંચાયતના રેકોર્ડ, ચેકબુક કે અન્ય સરકારી દસ્તાવેજો પર માત્ર ચૂંટાયેલા પ્રતિનિધિની જ સહી હોવી જોઈએ.. જો કોઈ કિસ્સામાં મહિલા પ્રતિનિધિના સ્થાને અન્ય વ્યક્તિ વહીવટ કરતી જણાશે. તો સંબંધિત તલાટી-કમ-મંત્રી સામે પણ શિસ્તભંગના પગલા લેવામાં આવશે.તાલુકા કક્ષાએથી સમયાંતરે આ બાબતે આકસ્મિક તપાસ કરવી અને જો આવી ગેરરીતિ જણાય તો ગુજરાત પંચાયત અધિનિયમ હેઠળ પદાધિકારીને હોદા પરથી દૂર કરવા સુધીની કાર્યવાહી/દરખાસ્ત રજૂ કરવી.આ સૂચનાઓનો અમલ તાત્કાલિક અસરથી તમામ ગ્રામ પંચાયતોમાં થાય તે જોવાની જવાબદારી આપશ્રીની રહેશે.

### સાવજોની રખેવાળી...

૧૧૫ કિમીના વિસ્તારમાં સિંહોના રક્ષણ માટે એક ખાસ 'આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ' આધારિત ઈન્ટ્રુઝન ડિટેક્શન સિસ્ટમ મંજૂર કરી છે. જો કોઈ સિંહ રેલવે ટ્રેકની નજીક આવશે, તો આ એઆઈ સિસ્ટમ તરત જ ટ્રેનના ડ્રાઈવર , સ્ટેશન માસ્ટર અને કંટ્રોલ રૂમને એલર્ટ મોકલશે. જેથી સમયસર ટ્રેન રોકી શકાય અથવા તેની ગતિ ધીમી કરી શકાય. સિંહોની અવરજવર માટે અત્યારે બે અંડરપાસ છે, જ્યારે વધુ પાંચ નવા અંડરપાસ બનાવવાનું કામ ચાલુ છે. વન વિભાગ અને રેલવે વિભાગ વચ્ચે દર મહિને મીટિંગ થાય છેજેથી સિંહોની સુરક્ષામાં કોઈ ક્યાસ ન રહી જાય.

### ઉનાળો 'લાલચોળ'...

ભાવનગરનું તાપમાન ૩૨.૩ ડિગ્રી, દમણનું તાપમાન ૩૨.૪ ડિગ્રી, દ્વારકાનું તાપમાન ૩૧.૮ ડિગ્રી અને જામનગરનું મહતમ તાપમાન ૨૯.૮ ડિગ્રી નોંધાયું હતુ.

આગામી ૨૦મી ફેબ્રુઆરી બાદ શિયાળો સતાવાર વિદાય લેશે. ઉનાળાનું આગમન થશે. મહતમ તાપમાનમાં ક્રમશઃ વધારો નોંધાશે.

# જાણીતા ધારાશાસ્ત્રી કિશોરભાઈ કોટકનું અવસાન



એડવોકેટ કિશોરકુમાર મૂળજીભાઈ કોટક (ઉંમર ૭૫) તે સ્વ મુળજીભાઈ વાલજીભાઈ કોટક તથા સ્વ નિર્મળાબેન મૂળજીભાઈ કોટક ના પુત્ર તથા મંજુલાબેન ના પતિ અને દિલીપભાઈ તથા એડવોકેટ રમેશભાઈ ના ભાઈ અને કીર્તિબેન ભગવાનભાઈ ગોપલાણી, નેહાબેન ભાર્ગવકુમાર ઠક્કર, અમરીષાબેન તેજસકુમાર ત્રિવેદીના પિતાશ્રી, તેમજ હર્ષભાઈ, તપનભાઈના મોટા બાપુજી તેમજ અમરેલી વાળા સ્વ.વિઠલદાસ પોપટલાલ વસાણી ના જમાઈ અને સ્વ. કિરીટભાઈ, વિજયભાઈ, પ્રદીપભાઈ,અતુલભાઈ ના બનેવી નું તા. ૭ શનિવાર ના રોજ અવસાન થયું છે.

ગુજરાત પ્રદેશ અધિવક્તા પરિષદના મહત્ત્વના સ્તંભ રાષ્ટ્રીય પૂર્વ ઉપાધ્યક્ષ અને વરિષ્ઠ ધારાશાસ્ત્રી કિશોરભાઈ કોટકનું ૭૫ વર્ષની વયે દુઃખદ અવસાન વેરાવળ ખાતે થયેલ છે . ધારાશાસ્ત્રી કિશોરભાઈ કોટક વકીલાતના વ્યવસાય માં ૧૯૭૬ થી જોડાયેલા હતા. તેઓ રાષ્ટ્રીય સ્વંયસેવક સંઘના જ એક ક્ષેત્ર અધિવક્તા પરિષદ સાથે ત્રણ દાયકાથી જોડાયેલા હતા. તેઓ ગુજરાત પ્રાંત અધિવકતા પરિષદ ના પ્રાંત પ્રમુખ તરીકે તેમજ રાષ્ટ્રીય કક્ષાએ અધિવક્તા પરિષદ ના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ તરીકે જવાબદારી સંભાળી ચૂકયા છે. કોટક અધિવક્તા પરિષદના અત્યાર સુધીના તમામ રાષ્ટ્રીય અધિવેશન માં મહત્ત્વની જવાબદારી સંભાળી ચુક્યા છે. કોટક સોમનાથ વેરાવળ ખાતે વિદ્યાભારતી દ્વારા સંચાલીત સરસ્વતી શિશુમંદિરના મેનેજિંગ ટ્રસ્ટી તરીકે કાર્યરત રહ્યા હતા. કોટક વેરાવળ ખાતેની જાણીતી એવી પીપલ્સ કો-ઓપરેટીવ બેંકમાં વર્ષો સુધી ડીરેક્ટર અને ચેરમેન જેવી મહત્ત્વની જવાબદારી સંભાળી ચુક્યા છે.

# દુઃખદ અવસાન

## સદ્ગતના આત્માને શાંતિ અને સ્વજનને સધિયારો મળે એ જ પ્રભુ પ્રાર્થના



**રાજકોટ :** મૂળ જેતલસર હાલ રાજકોટ નિવાસી અશોકભાઈ જટાશંકરભાઈ પંડયા (ઉ.૬૫) તે હિનાબેનના પતિ, જયાબેન પંડયાના ભત્રીજા, પાર્થ, વિવેકના પિતા, વિધિબેનના સસરા, સ્વ. નરેન્દ્રભાઈ, કીર્તિભાઈ, સ્વ. ગિરીશભાઈ, પુષ્પાબેન, કુંદનબેન, નિતાબેનના ભાઈ, સ્વ. રમેશભાઈ ઠાકર, હર્ષદભાઈ ઠાકર, શૈલેશભાઈ ઠાકરના બનેવી, દ્વિજાના દાદાનું તા.૬ ના રોજ અવસાન થયું છે. તેમનું બેસણું તા.૯ ને સોમવારે, સાંજે ૪-૩૦થી ૫-૩૦, ગીતા મંદિર, જંકશન પ્લોટ, મેઈન રોડ, જંકશન પોલીસ ચોકીની બાજુમાં, રાજકોટ ખાતે રાખેલ છે.

**રાજકોટ:** રાજકોટ નિવાસી પ્રમોદકુમાર વનમાળીદાસ જસાણી (ઉ.વ.૭૩)નું તા. ૪ ને બુધવારના રોજ અવસાન થયેલ છે. સરોજબેનના પતિ, મેહુલ, મનીષાના પિતા, યુવરાજના દાદા, ગીરીશભાઈ, ભુપેન્દ્રભાઈ, કિશોરભાઈ, કુસુમબેનના ભાઈ, શશીકાન્તભાઈ, પ્રફુલભાઈ, કોકિલાબેનના બનેવી, જીતેન્દ્રભાઈ મોહનભાઈ કેસરીયાના સાઢુભાઈ, હિતેષભાઈ લક્ષ્મીદાસ રાજાણીના વેવાઈનું અવસાન થયેલ છે. તેમનું ઉઠમણું તથા સસરા પક્ષની સાદડી તા. ૯ ને સોમવારે ૪ થી ૫ દરમિયાન જીનેશ્વર એપાર્ટમેન્ટ ૨૦૧/એ પટેલ ચોક, નાગેશ્વર મંદિર મેઈન રોડ, જામનગર રોડ, રાજકોટ ખાતે રાખેલ છે.

**જસદણ:** લેઉઆ પટેલ શાંતાબેન ગોરધનભાઈ છાયાણી (ઉ.વ.૯૦) તે જેન્તીભાઈ, નાગજીભાઈ, હિંમતભાઈના માતાનું તા.૬ ફેબ્રુઆરી ૨૦૨૬ને શુક્રવારના રોજ જસદણ અવસાન થયેલ છે સદ્ગતની ઉત્તરક્રિયા તા.૧૬ ફેબ્રુઆરી ૨૦૨૬ને સોમવારના રોજ તેમના નિવાસસ્થાન આટકોટ રોડ, મધુરમ મારબલ પાછળ, બિલેશ્વર સોસાયટી જસદણ ખાતે રાખવામાં આવેલ છે ટેલિફોનીક શોક સંદેશો મો.૯૫૮૬૯ ૬૭૩૬૭, ૯૯૨૪૯ ૬૯૪૨૭,૯૯૨૪૦ ૬૮૦૮૨ ઉપર વ્યકત કરવો.

**રાજકોટ:** રાજકોટ નિવાસી હાલ અમદાવાદ સ્વ. જયંતિલાલ કેશવજી મહેતાના પુત્ર અતુલભાઈ (ઉ.વ.૬૩) તે બીપીનભાઈ, અશ્વિનભાઈ, શૈલેષભાઈ, મીનાબેન, બીનાબેનના ભાઈ, શ્રેય, કિંજલના પિતા, ભાવિ, શ્રેણિક, મૈત્રી, સમકિતના કાકા, અજીતભાઈ નંદલાલ શેઠના જમાઈનું તા. ૪ ને બુધવારના રોજ અવસાન થયેલ છે. સદગતનું બેસણું તા. ૯ ને સોમવારે બપોરે ૪ થી ૫ દરમિયાન 'ભાવી' ૧-વર્ધમાન નગર, પેલેસ રોડ, રાજકોટ ખાતે રાખેલ છે.

**ગોંડલ:** સકીનાબેન સૈફદ્દીનભાઈ ભારમલ તે હકીમુદ્દીનભાઈ શેખકુરબાનહુસેન કપાસીના પત્ની (અબ્બાસી ફાર્મસી વાળા), તે તાહાભાઈ કપાસીના માતા, ઝોએબભાઈ કપાસી ( કે.એસ. ગાંધીવાળા) ના ભાભીમાનું ગોંડલ મુકામે તા. ૬-૨ ને શુક્રવારના રોજ અવસાન થયેલ છે. તેમની જીયારતના સીપારા ૧૧.૩૦ કલાકે કદીમ મસ્જીદ રવિવાર તા. ૮-૨ ના રોજ (આંબલી શેરી) માં ગોંડલ ખાતે રાખેલ છે.

Editor, Printer and Publisher: Satishbhai Shantilal Mehta, Owner: Arham Publication - Rajkot, Printed and Published from Arham Publication, Abtak Media House, Rashtriya Shala Road, Rajkot - 360001, Gujarat.

# રામેશ્વર મહાદેવ મંદિરના તાળા તોડી દાનપેટીમાંથી રોકડની ચોરી: કુખ્યાત બેલડી ઝબ્બે

## લોખંડની જાળી તોડી તસ્કરો ત્રાટક્યાં'તા : ત્રણ દાન પેટીમાંથી મતા ઉઠાવી કબાટ તોડવાનો પણ હીનપ્રયાસ કર્યો'તો

**અબતક, રાજકોટ**

કોઠારીયા રોડ આવેલા રામેશ્વર મંદિરમાં તસ્કરો ત્રાટક્યાં હતા. મંદિરના તાળા તોડી દાનપેટીમાંથી રોકડની ચોરી કરી તસ્કરો નાસી છૂટતાં પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કરી ગણતરીની કલાકોમાં જ કુખ્યાત બેલડીને દબોચી લઈ રૂ.૫૩ હજારનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. બનાવની વિગતો પર નજર કરવામાં આવે તો કોઠારીયા મેઈન રોડ પર મેહુલનગર શેરી નં.૬ માં રહેતાં ઘનશ્યામભાઈ મહેશભાઈ ત્રીવેદી (ઉ.વ.૪૨) એ નોંધાવેલ ફરીયાદમાં જણાવ્યું હતું કે, તેઓ સુતા હનુમાન મંદિર રોડ પુનીત સોસાયટી ચોકમાં આવેલ રામેશ્વર મહાદેવ મંદિરમાં પુજારી તરીકે સેવા આપે છે. આ મંદિરના ટ્રસ્ટી ધીરુભાઈ ગોવિંદભાઈ પટેલ છે, આ મંદિરમા સવારના સમયે મોટાભાઈ દિલીપભાઈ ત્રીવેદી પુજા કરે છે તથા સાંજના સમયે તેઓ પુજા કરે છે. તેઓના પિતાજી મહેશભાઈ તથા દિકરો બ્રિજેશ નિયમીત રાત્રીના સમયે આ મંદિરમા બનાવેલ રૂમમા સુવે છે.

ફરિયાદીએ જણાવ્યું હતું કે, ગઈ તા.૦૩ ના રાત્રીના સવા નવેક વાગ્યાની આસપાસ મંદિરમાં પુજાને લગત કામ કાજ પતાવી મંદિરના મેઈન ગેઈટ પર તથા બાજુમા રહેલ લોખંડની જાળીને તાળું મારી ઘરે જવા નીકળી ગયેલ હતો. પિતા તથા મોટો દિકરો બન્ને મંદિરમા બનાવેલ રૂમમા સુવા માટે જતા રહેલ હતા. બીજા દિવસે તા.૦૪ ના વહેલી સવારના સાડા ચારેક વાગ્યાની આસપાસ તેઓ ઘરે સુતેલ હતાં. ત્યારે મોટા ભાઈ દીલીપભાઈનો ફોન આવેલ કે, આપડા રામેશ્વર મંદિરમા તાળા તુટેલ છે, તું મંદિરે આવ તેમ વાત કરતા તેઓ પુનીત સોસાયટી ચોકમા આવેલ રામેશ્વર મંદીર પર ગયેલ ત્યા મેઈન ગેઈટ પાસે મોટા ભાઈ ઉભેલ હતા. મંદિરમા જોતા મેઈન ગેઈટની બાજુમાં રહેલ



લોખંડની જાળીનો લોક તુટેલ હતો, જેથી ચોરી થઈ હોવાની શંકા જતા બન્ને ભાઈઓએ મંદિરમા જઈ જોયુ તો મંદિરમા શીવ મંદિરની અંદર લોખંડની ત્રણ દાન પેટી હોય જે ત્રણેયના તાળા તુટેલ હતા અને તેની અંદર રહેલ પૈસા જોવામા આવેલ નહિ. શીવ મંદિરની બાજુમાં લાકડાનું ટેબલ હોય જેમા પિતાજી હવનના પૈસા રાખતા હોય તે ટેબલના બન્ને ડ્રોવરના લોક પણ તુટેલ અને તેની અંદર રહેલ રૂપિયા જોવામા આવેલ નહિ, ટેબલની બાજુમાં એક લોખંડનો કબાટ હતો. જે કબાટનો દરવાજા તોડવાનો પ્રયાસ કરેલ હોવાના કારણે દરવાજો વળી ગયેલ હોવાનું જોવામા આવેલ હતું. જેથી તુરંત જ મંદિરના રૂમમાં સુતેલ મારા પિતા તથા દિકરાને ઉઠાડી ચોરી થયા અંગેની જાણ કરી બધી જગ્યાએ ચેક કરતા ટેબલના ડ્રોવરમા રોકડ રૂ.૧૫ હજાર હતા તે તેમજ ત્રણેય દાન પેટીમા મળી આશરે ૨ હજાર જેટલા છુટા ચીલર રૂપીયા હતા તે જોવામા આવેલ નહી. બનાવ અંગેની ફરીયાદ પરથી ગુનો નોંધી તસ્કરોને પકડવા ભકિતનગર પોલિસ મથકના પીઆઈ મયુરધ્વજસિંહ સરવૈયા અને પીએસઆઈ જે જે ગોહિલની ટીમેં ચક્રો ગતિમાન કર્યા હતાં. પોલિસે બનાવસ્થળની આસપાસના સીસીટીવી ફૂટેજ ચકાસવાનું શરુ કર્યું હતું. દરમિયાન હેડ કોન્સ્ટેબલ મયુરદાન બાટી અને કોન્સ્ટેબલ યોગીરાજસિંહ જાડેજાને ખાનગી રાહે બાતમી મળી હતી કે, રામેશ્વર મહાદેવ મંદિરમાં ચોરીને અંજામ આપનાર સીસીટીવીમાં દેખાતા શખ્સો ઢેબર રોડ પીડીએમ ફાટક, રોકડીયા હનુમાનજી મંદિર પાસે ઉભેલા છે. જેથી ભક્તિનગર પોલિસે તાત્કાલિક બંનેને ઉઠાવી લઈ યુક્તિ પ્રયુક્તિથી પૂછપરછ કરતા બંનેએ ગુનાની કબૂલાત આપતા ૩૦ ગુનામાં સંડોવાયેલ મેહુલ ઉર્ફે ભૂરી ઉર્ફે મામો ધનજીભાઈ જેઠવા(ઉવ ૨૮ રહે. ચામુંડા નિવાસ, નવલનગર શેરી નં.-૨, મવડી, રાજકોટ) અને ૧૫ ગુનામાં સંડોવાયેલ ભરત પોપટભાઈ પરમાર(ઉવ ૨૩ રહે. શીતળાધાર પચીસ વારીયા ક્વાર્ટર, કોઠારીયા સોલવંટ, રાજકોટ)ની ધરપકડ કરી હતી. પોલિસે બંને શખ્સો પાસેથી અલગ અલગ દરની ચલણી નોટો, અલગ અલગ નંગ અને એક્સેસ મોટરસાયકલ મળી કુલ રૂ. ૫૩,૫૧૫ નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

### ભક્તિનગર પોલિસે ગણતરીની કલાકોમાં જ સીસીટીવી ફૂટેજના આધારે મેહુલ ઉર્ફે ભૂરી અને ભરત પોપટને દબોચી ૫૩ હજારનો મુદ્દામાલ કબ્જે કર્યો

# જૂનાગઢ શિવરાત્રિના મેળામાં સી.સી. ટી.વી.નો ચમત્કાર ધાર્મિક છેતરપિંડી ઉપર લગામ

### શિવરાત્રીના મેળામાં બનાવટી નાગા બાવાથી સાવધાન રહેવા વિજ્ઞાન જાથાની અપીલ

**અબતક,રાજકોટ**

જુનાગઢના શિવરાત્રી મેળાને મીની મહાકુંભનો દરજ્જો મળ્યો છે ત્યારથી સરકારી તંત્રે ખાસ પ્રકારની વ્યવસ્થા ગોઠવવાથી શ્રદ્ધાળુઓ માટે લાભપ્રદ સાબિત થયું છે.

મેળામાં ઠેરઠેર છુપીઆ કેમેરા ગોઠવવાના કારણે છેતરપિંડી, અશોભનીય વર્તન, વાણી, વ્યવહાર ઉપર નિયંત્રણ આવ્યું છે તેમાં બેમત નથી. આ વર્ષે મીની કુંભમેળો ફેબ્રુઆરી તા. ૧૧ થી તા. ૧૫ સુધી યોજાવાનો છે જેમાં સૌ કોઈને આદર સાથે ધાર્મિક અહોભાવ જોવા મળે છે.

## ટેક્નોલોજીના કારણે બનાવટી નાગા બાવાઓ ઉપર નિયંત્રણ અને મેળામાં સુશાસન વ્યવસ્થાને બિરદાવતું વિજ્ઞાન જાથા

પાછલા વર્ષોમાં પરપ્રાંતિય સાથે બનાવટી નાગા બાવાના તર્કટથી અનેક શ્રદ્ધાળુઓ ભોગ બન્યાના કિસ્સા પ્રકાશમાં આવ્યા હતા. પરંતુ છેલ્લા ૪ વર્ષથી છુપા કેમેરાના કારણે છેતરપિંડીના બનાવો અટકયા છે તેવું સ્પષ્ટ જોવા મળે છે. આ વર્ષે બનાવટી પરપ્રાંતીય બાવાઓથી સાવધાની રાખવા ભારત જન વિજ્ઞાન જાથાની કચેરીએ અપીલ કરી છે.

જાથાના ચેરમેન અને એડવોકેટ જયંત પંડયાએ જણાવ્યું કે અગાઉના વર્ષોમાં મેળા ઉપરાંત બનાવટી વેશભૂષામાં ધાર્મિક વેશપરિધાન, નાગા બાવાનું તર્કટ રૂપ ધારણ કરીને લોકો સાથે છેતરપિંડીના કિસ્સામાં જાથાએ નજરે જોઈ પર્દાફાશ કર્યા હતા. તેમાં મદારી અને ગુન્હાહિત માનસ ધરાવતા લેભાગુ બનાવટી વેશધારણ કરી પોતાના શરીર ઉપર અંગ કસરત, કેફી પીણું, પ્રસાદમાં મિશ્રણ કરી બેશુદ્ધ અવસ્થાનો લાભ લેતા નજરે પડયા હતા તેવા અનેક કિસ્સા જાથાએ લોકો સમક્ષ મુકયા છે તેના કારણે દર વર્ષ જુનાગઢ શિવરાત્રીના મેળામાં સર્વાંગી સાવધાની રાખવા લોકોને જાગૃત કરવામાં આવે છે. જાથા ઈશ્વર-ભગવાન વિરોધી સંસ્થા નથી. સાચા સાધુ-સંતો પ્રત્યેમ કાયમ આદર રાખે છે. સરકાર તરફના તકેદારીના પ્રયાસો સરાહનીય જોવા મળે છે.

બનાવટી બાવા ખાસ કરીને યુવાવર્ગને નિશાન બનાવી ચલમની ઘુંટનો આગ્રહ રાખી યેનકેન છેતરપિંડી કરે છે. બેભાન અવસ્થામાં આવતાની સાથે શરીર ઉપરની ચીજવસ્તુ ગાયબ થઈ જાય છે. વર્તમાન સ્થિતિ ધ્યાને રાખી પુરતી તકેદારી સાથે બનાવટી નાગાબાવાના અંગ કસરતો, પ્રસાદ, ચલમની ઘુંટ, કેફી પદાર્થ ઉન્માદના કારણે પીવાથી પોતાના શરીર ઉપરની કિંમતી વસ્તુઓ, રૂપિયાના પાકીટ, સોનાના ચેઈન, દાગીના ગુમ ન થાય તે માટે ભારત જન વિજ્ઞાન જાથાની રાજ્ય કચેરી લોકોને અનુરોધ કરે છે.

# પ્રતિબંધિત પ્લાસ્ટીક વાપરતા ૨૦૮ આસામીઓને દંડ

**અબતક, રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેન્ટ (એમેન્ડમેન્ટ) રૂલ્સ-૨૦૨૧ અન્વયે ૫ દિવસમાં ત્રણેય ઝોન વિસ્તારમાં અલગ અલગ મુખ્ય માર્ગો પર સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગની ટીમ દ્વારા પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરવાની તથા ગંદકી કરતા આસામી પાસેથી દંડ વસુલ કરવાની કામગીરી હાથ ધરવામાંઆવી હતી. જેમાં ૨૦૮ આસામીઓ પાસેથી રૂ ૭૯૮૦૦/ નો વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવ્યો હતો. ઉપરોક્ત કામગીરી મ્યુનિસિપલ કમિશનરની સુચના અને નાયબ મ્યુનિસિપલ



કમિશનરના માર્ગદર્શન હેઠળ પર્યાવરણ ઈજનેર તેમજ ત્રણેય ઝોનના નાયબ પર્યાવરણ ઈજનેરના સુપરવિઝનમાં આસી. પર્યાવરણ ઈજનેર/ સેનીટેશન ઓફિસરહાજરીમાં સેનેટરી ઈન્સ્પેકટર/ સેનેટરી સબ ઈન્સ્પેકટર દ્વારા કરવામાં આવેલ.

# ઈન્ડિયન આર્મીમાં જોડાઈ કેરિયર બનાવવાની સુવર્ણ તક: કાલે કોર્પોરેશન દ્વારા સેમિનાર

**અબતક, રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા વોર્ડ નં. ૯ સ્થિત બાબુભાઈ વૈધ લાયબ્રેરી ખાતે કાલે સવારે ૧૦:૦૦ કલાકે કેરિયર ઓર્પોચ્યુનીટી ઈન ઈન્ડિયન આર્મી વિષય પર કાર્યક્રમનું આયોજન કરાયું છે.

આ કાર્યક્રમ દરમિયાન ભારતીય સેનામાં ઉપલબ્ધ વિવિધ પ્રવેશ માર્ગો જેમ કે સૈનિક જનરલ ડ્યુટી, ટેક્નિકલ ટ્રેડ, કલાર્ક, ટ્રેડ્સમેન, ઓફિસર એન્ટ્રી સ્કીમ્સ સહિતની વિગતો અંગે માહિતી આપવામાં આવશે. સાથે સાથે

## પેરેડાઈઝ હોલ સામે બાબુભાઈ વૈદ્ય લાયબ્રેરી ખાતે કાલે યોજાશે કાર્યક્રમ

ભરતી પ્રક્રિયા, શૈક્ષણિક લાયકાત, શારીરિક ક્ષમતા માપદંડ, લેખિત પરીક્ષા, તાલીમ પ્રક્રિયા તેમજ સેવામાં મળતી સુવિધાઓ અંગે વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવશે.

મહાપાલિકાનો હેતુ માત્ર શૈક્ષણિક સુવિધાઓ પૂરું પાડવાનો નથી, પરંતુ યુવાનોને યોગ્ય દિશામાં માર્ગદર્શન આપી તેમનું સર્વાંગી વિકાસ સુનિશ્ચિત કરવાનો છે. ભારતીય સેવામાં કારકિર્દી બનાવવા ઈચ્છુક યુવાઓ માટે આવા માર્ગદર્શન કાર્યક્રમો ખૂબ જ મહત્વપૂર્ણ હોય છે, જેનાથી તેઓ સાચી માહિતીના આધારે પોતાની તૈયારી કરી શકે. આ કાર્યક્રમ દ્વારા યુવાનોમાં આત્મવિશ્વાસ, દેશપ્રેમ અને શિસ્તની ભાવના વિકસે તેમજ તેઓ રાષ્ટ્રના સુરક્ષા તંત્રમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી શકે તેવો ઉદ્દેશ રાખવામાં આવ્યો છે.

# પાળ રોડ પર પ્રસંગમાં ગયેલા વેપારીની કારમાંથી રૂ.૮.૫૦ લાખની મતાની ચોરી

## ઓતમ પાર્ટી પ્લોટ નજીક પાર્ક કરેલી યુનિવર્સીટી રોડના વેપારીની બીએમડબ્લ્યુ કારને નિશાન બનાવતા તસ્કરો : દાગીના અને કપડા ભરેલ ચાર બેગ ડેકીમાંથી ઉઠાવી ગયા

**અબતક, રાજકોટ**

રાજકોટ નજીક આવેલ પાળ રોડ પરના ઓતમ પાર્ટી પ્લોટ પાસે પાર્ક કરેલ બીએમડબલ્યુ કારમાંથી રૂ.૮.૫૦ લાખની મતાની ચોરી થયાનો બનાવ સામે આવતાં પોલીસમાં દોડધામ મચી હતી. યુની. રોડ પર રહેતાં વેપારી સગાઈ પ્રસંગમાં પરીવાર સાથે ગયાં ત્યારે રોકડ, દાગીના અને કપડા ભરેલ ચાર બેગ કારની ડેકીમાં રાખી હતી. તસ્કરોએ કારની પાછળનો કાચ તોડી ચોરીને અંજામ આપ્યો હતો. બનાવ અંગે લોધીકા પોલીસ અને એલસીબીની ટીમે તપાસ આદરી હતી.

બનાવ અંગે રાજકોટમાં યુની. રોડ પર બી.ટી.સવાણી કિડની હોસ્પિટલ સામે રહેતાં જયેન્દ્રભાઈ રામજીભાઈ આદરોજા (ઉ.વ.૩૭) એ નોંધાવેલ ફરીયાદમાં જણાવ્યું હતું કે, તેઓ પત્નિ નિર્મીતા, મોટા ભાઈ રવિભાઈ, ભાભી સોનલબેન, બા શાંતાબેન, બાપુજી રામજીભાઈ અને બાળકો સાથે અલગ અલગ બે ગાડીઓ લઈને ઘરેથી નીકળેલ હતા. જેમાં એક તેઓની બીએમડબલ્યુ કાર નં. જીજે. ૦૩ એમબી.૦૫૯૬ માં તેઓ અને તેમના પત્નિ, મોટા ભાઈ અને ભાભી મવડી પાળ રોડ ઉપર આવેલ ઓતમ પાર્ટી પ્લોટમાં કાકાની દીકરીની સગાઈના પ્રસંગમાં ગઈ તા.૦૫ ના આશરે સાંજના સાડા પાંચેક વાગ્યે આવેલ હતા. તેઓની ગાડીમાં આખા પરિવારના કપડા, સોનાના દાગીના તથા રોકડ રૂપિયા અલગ અલગ બે હેન્ડબેગ તથા બે ટ્રોલી બેગમાં રાખી ગાડીમાં રાખેલ હતા. સગાઈનો પ્રસંગ પુરો કરી મોરબી એક લગ્ન પ્રસંગમાં જવાનું હતું જેથી આ સામાન ગાડીમાંથી ઉતારેલ નહી ગાડીમાં રહેવા દીધેલ હતો ગાડી બહાર રોડ સાઈડમાં સેન્ડ બેરી ફાર્મના બોર્ડ પાસે રાખેલ હતી. આઠેક વાગ્યાના સમયે તેઓ ગાડીમાંથી એક બેગ લેવા માટે આવી જોયુ તો કારની પાછળનો કાચ તુટેલ અને તેમાં અંદર રાખેલ બે મોટી ટ્રોલી બેગ જેમાં આખા ઘરના કપડા તથા બે હેન્ડ બેગ જેમાં માતા પિતાના કપડા, રોકડા રૂ.૫૦ હજાર તથા સોનાના દાગીના જેમાં પેન્ડલ સેટ નંગ- ૪, સોનાનો પેન્ડલ સાથેનો ચેઈન -૨, સોનાના બ્રેસલેટ નંગ-૩, સોનાની વીંટી અલગ અલગ માપની નાની મોટી આશરે ૧૮ નંગ, સોનાની ઘડીયાળ વગેરે દાગીના હતા. તે બેગ સાથે કોઈ અજાણ્યા ચોર ચોરી કરી લઈ ગયેલનું જોવા મળ્યું હતું. જેથી સોનાના દાગીના રૂ.૮ લાખ અને બેગમાં રોકડા રૂ. ૫૦ હજાર મળી કુલ રૂ.૮.૫૦ લાખની મતાની ચોરી થતાં પોલીસ ફરીયાદ નોંધાવી હતી. બનાવ અંગેની ફરીયાદ પરથી લોધીકા પોલીસે ગુનો નોંધી તપાસનો ધમધમાટ આદર્યો હતો. જે તપાસમાં રૂરલ એલસીબીની ટીમ પણ જોડાઈ હતી અને તસ્કરો સુધી પહોંચવા તજવીજ આદરી હતી.

# પત્ની વતનથી પરત ન આવતા પેઈન્ટરનો ગળાફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું

**અબતક, રાજકોટ**

શહેરના કોઠારીયા મેઈન રોડ પર આવેલ જડેશ્વર પાર્ક-૪ માં રહેતા ૨૬ વર્ષીય પરપ્રાંતીય યુવાનની પત્ની વતનથી પરત ન આવતી હોવાના દુઃખમાં ગળાફાંસો ખાઈ આપઘાત કરી લેતા અરેરાટી વ્યાપી ગઈ છે. વધુ વિગત મુજબ મૂળ ઉત્તરપ્રદેશના વતની અને હાલ શહેરના જડેશ્વર પાર્ક-૪ માં રહી કલર કામ કરતા પ્રમોદ પ્રાગનારાયણ નિષાદ (ઉં.વ. ૨૬) એ ઘરે પતરાના એંગલ સાથે મફલર બાંધી ગળેફાંસો ખાઈ લીધો હતો. જેનું મોત નીપજ્યું હતું. પોલીસની પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે

## સસરાના અવસાન બાદ પત્ની વતનથી ન આવતા લાગી આવતા પગલું ભર્યું

કે પ્રમોદના લગ્ન માત્ર બે મહિના પહેલા જ થયા હતા. લગ્ન બાદ પત્નીના પિતાનું અવસાન થતા તે વતન ગઈ હતી. પત્ની પરત ન આવતી હોવાથી પ્રમોદ સતત ચિંતામાં રહેતો હતો. તે તે કલર કામ કરતો હતો અને ત્રણ ભાઈઓમાં સૌથી નાનો હતો અને હજુ પાંચ દિવસ પહેલા જ વતનથી પરત રાજકોટ આવ્યો હતો. ગઈકાલે સવારે પ્રમોદે તેની સાથે રહેતા અન્ય શ્રમિકોને કહ્યું હતું કે, ''આજે મારું માથું દુખે છે, એટલે હું કામ પર નહીં આવું.'' આ કહીને તે રૂમમાં સૂઈ ગયો હતો. સાંજે સાત વાગ્યે જ્યારે તેના સાથીદારો કામેથી પરત આવ્યા ત્યારે રૂમનો દરવાજો અંદરથી બંધ હતો. વારંવાર ખટખટાવવા છતાં દરવાજો ન ખુલતા અંતે દરવાજો તોડવામાં આવ્યો હતો, જ્યાં પ્રમોદ લટકેલી હાલતમાં મળી આવ્યો હતો. ભક્તિનગર પોલીસ સ્ટેશનના સ્ટાફે ઘટનાસ્થળે પહોંચી મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે ખસેડી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# મેટોડાથી ૧૭૯૩ બોટલ શરાબ ભરેલી બોલેરો ઝડપાઈ: રૂ.૧૦.૦૭ લાખનો મુદ્દામાલ કબ્જે

### પશુ દવાની આડમાં દારૂની હેરાફેરી કરતો ચોટીલાના કાળાસર ગામના શખસની ધરપકડ: વેરાવળમાં માલ મંગાવનાર બુટલેગરની શોધખોળ

**અબતક, રાજકોટ**

રાજકોટ ગ્રામ્ય એલસીબીની ટીમે મેટોડા જીઆઈડીસી ગેઈટ નં.૩ પાસે ફોર્ચ્યુન સ્કેવર કોમ્પલેક્ષ નજીક દારૂ ભરેલી બોલેરો ઝડપી લીધી હતી. બોલેરોમાં પશુ દવાની આડમાં ૧૭૯૩ બોટલ દારૂ અને છ બીયરના ટીન સહિતનો જથ્થો છુપાવ્યો હતો. પોલીસે બોલેરો ચાલકની ધરપકડ કરી રૂ.૫ લાખની કિંમતનો દારૂ અને બોલેરો સહિત કુલ રૂ.૧૦.૦૭ લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો. વેરાવળમાં દારૂ મગાવનાર શખસને ઝડપી લેવા તપાસ હાથ ધરી છે.

દારૂના આ દરોડાની જાણવા મળતી વિગતો મુજબજ રાજકોટ ગ્રામ્ય એલ.સી.બી પીઆઈ વી.વી.ઓડેદરાની માર્ગદર્શન હેઠળ પી.એસ.આઈ એચ.સી ગોહિલ અને આર.વી ભીમાણીની રાહબરીમાં એએસઆઈ બ્રીજરાજસિંહ જાડેજા, રવિદેવભાઈ બારડ, રોહિતભાઈ બકોત્રા, હેડ કોન્સ્ટેબલ છત્રપાલસિંહ જાડેજા સહિતનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતો. દરમિયાન બાતમી મળી હતી કે, મેટોડા જીઆઈડીસી ગેટ નંબર ૩ માં ફોર્ચ્યુન સ્કેવર કોમ્પલેક્ષ પાસે રોડ પર એક બોલેરો મેક્સ વાહનમાં પશુ દવાની ડોલની આડમાં વિદેશી દારૂના જથ્થાની હેરફેર થઈ રહી છે. આ બાતમીના આધારે પોલીસની ટીમ અહીં પહોંચી તપાસ કરતા અહીં ફોર્ચ્યુન સ્કેવર કોમ્પ્લેક્સ પાસે મહિન્દ્રા બોલેરો મેક્સ નંબર જજે ૩ બીઝેડ ૯૬૫૬ મળી આવી હતી. પોલીસે બોલેરોના ચાલકની પુછતાછ કરતાં તેણે પોતાનું નામ વશરામ વિરમભાઈ વકાતર (ઉ.વ. ૩૬ રહે. કાળાસર ગામ તા. ચોટીલા) હોવાનું જણાવ્યું હતું. બોલેરોમાં પોલીસે તપાસ કરતા પાછળ ઠાઠામાં પ્લાસ્ટિકની મોટી ડોલ હતી જેમાં દારૂનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે બોલેરોમાંથી ૧૭૯૩ બોટલ દારૂ કિંમત રૂપિયા ૫,૦૦,૭૬૦ અને બિયરના છ ટીન કિંમત રૂપિયા ૧૧૭૫ નો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે બોલેરો ચાલકની અટક કરી હતી. પોલીસે બોલેરો ચાલકની સઘન પૂછપરછ કરતા તેણે જણાવ્યું હતું કે, તેને વોટસએપ નંબર ૯૦૮૨૪ ૦૩૭૩૯ થી વોટસએપ કોલ આવ્યો હતો અને દારૂનો જથ્થો ભરી વેરાવળ આવવાનું કહ્યું હતું અને તેણે ઓનલાઈન પેમેન્ટ કર્યું હોવાનું જણાવ્યું હતું. પોલીસે દારૂનો જથ્થો, બોલેરો કાર સહિત કુલ રૂપિયા ૧૦.૦૭ લાખનો મુદ્દામાલ કબજે કરી દારૂનો જથ્થો મંગાવનાર શખસને ઝડપી લેવા તપાસ હાથ ધરી છે.

# વિશ્વના કુલ ડિજિટલ પેમેન્ટમાં ભારતનો હિસ્સો ૫૦ ટકા

## બજેટ 'ગ્રેઈન થી ગીગાબાઈટ' સુધીના તમામ ક્ષેત્રને સમાવતું અને 'જન વિશ્વાસથી જન કલ્યાણ'ના મંત્રને સાર્થક કરતું બજેટ છેઃ અનુરાગ ઠાકુર

**અબતક, રાજકોટ**

'મોદી સરકાર'ના કેન્દ્રીય બજેટ ૨૦૨૬-૨૭ સંદર્ભે ભારતીય જનતા પાર્ટીના સાંસદ અને પૂર્વ કેન્દ્રીય મંત્રી અનુરાગ ઠાકુરની વિશેષ ઉપસ્થિતિમાં વડોદરા ખાતે પ્રોફેશનલ મીટ યોજાઈ હતી.

પૂર્વ કેન્દ્રીય મંત્રી અને સાંસદ અનુરાગ ઠાકુરે જણાવ્યું હતું કે, આ બજેટ 'ગ્રેઈન થી ગીગાબાઈટ' સુધીના તમામ ક્ષેત્રને સમાવતું અને 'જન વિશ્વાસ થી જન કલ્યાણ'ના મંત્રને સાર્થક કરતું બજેટ છે. ગત વર્ષે ૫૦.૬૫ લાખ કરોડનું બજેટ હતું, જ્યારે આ વર્ષે ૫૩.૪૭ લાખ કરોડનું બજેટ રજૂ થયું છે.

ડિજિટલ ક્ષેત્રે ભારતની સિદ્ધિઓ વર્ણવતા તેમણે કહ્યું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ જ્યારે ડિજિટલ પેમેન્ટની વાત કરી ત્યારે વિપક્ષી નેતા મજાક ઉડાવતા હતા, પરંતુ આજે એક 'ચાયવાલા' ના નેતૃત્વમાં ભારતે ગામડે-ગામડે પ્રૠ પહોંચાડ્યું છે. આજે વિશ્વના કુલ ડિજિટલ પેમેન્ટના ૫૦% એકલા ભારતમાં થાય છે. સરકારે પ્રૠ અને ગામડે-ગામડે સસ્તો ડેટા પહોંચાડ્યો છે. સ્ટાર્ટઅપ ક્ષેત્રે પણ



૨૦૧૪માં માત્ર ૩૫૪ સ્ટાર્ટઅપ હતા જે આજે વધીને ૨.૦૪ લાખ થયા છે, જેમાં ૧૨૦ યુનિકોર્ન છે જેનાથી દેશમાં અંદાજે ૨૦ લાખ લોકોને રોજગારી મળી છે.

રાષ્ટ્રીય સુરક્ષાના મુદ્દે રાહુલ ગાંધીને આડેહાથ લેતા ઠાકુરે સવાલ કર્યો હતો કે, ''જ્યારે ડોકલામની ઘટના બની અને ચીન ઘૂસણખોરીનો પ્રયાસ કરતું હતું, ત્યારે રાહુલ ગાંધી ચીની એમ્બેસેડર સાથે દિલ્હીના બંધ રૂમમાં શું કરી રહ્યા હતા?'' તેમણે સ્પષ્ટ કર્યું કે મોદી સરકારમાં સેનાને ખુલ્લી છૂટ આપવામાં આવી છે અને ભારત આજે દુનિયાના કોઈપણ દેશ સામે ઝૂકયા વગર આંખમાં આંખ મિલાવીને વાત કરે છે. જે કોંગ્રેસ ૬૦ વર્ષમાં ન કરી શકી તે મોદી સરકારે ૧૧ વર્ષમાં કરી બતાવ્યું છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી પોતે દરેક દિવાળી પરિવાર સાથે નહીં પણ દેશના જવાનો સાથે સરહદ પર ઉજવે છે, તેથી દેશની સુરક્ષા બાબતે કોંગ્રેસના જ્ઞાનની દેશને જરૂર નથી.

અનુરાગ ઠાકુરે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળના ૧૧ વર્ષના ભ્રષ્ટાચારમુક્ત શાસન અને ઈમાનદાર પ્રયાસોથી ભારત ૨૦૪૭ સુધીમાં ચોક્કસપણે 'વિકસિત ભારત' બનશે. આ પ્રસંગે ગુજરાત પ્રદેશ ભાજપ યુવા મોરચાન અધ્યક્ષ અને વડોદરાના સાંસદ ડો. હેમાંગભાઈ જોષી એ પ્રાસંગિક સંબોધન કરી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં વૈશ્વિક સ્તરે ભારતની વધતી તાકાત અને બજેટની વિકાસ અને જનહિતને સુનિશ્ચિત કરતી જોગવાઈઓ અંગે વાત કરી હતી. વડોદરા મહાનગર ભાજપા અધ્યક્ષ ડો. જયપ્રકાશ સોનીએ સ્વાગત પ્રવચન કર્યું હતું.

# રાજકોટવાસીઓ પણ એકપણ રૂપિયાનો કરબોજ ઝીંકાશે તો જોયા જેવી થશે: કોંગ્રેસની લાલ આંખ

## કોર્પોરેશનનું બજેટ વાસ્તવિક નહીં આંકડાની માયાજાળ: રાજાણી, સાગઠીયા અને વાઘેલા

**અબતક, રાજકોટ**

રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશનનું બજેટ એટલે આંકડા માયાજાળ છે.વાસ્તવિકતાથી ખુબ દૂર છે.પ્રજાલક્ષી પાયાની જરૂરિયાત કરતા કર્મચારીઓના પગાર ખર્ચ માં અને સરકારી તાયફાઓમાજ અડધુ બજેટ ખર્ચાય જાય છે. કેન્દ્રથી લઈ કોર્પોરેશન સુધી ભાજપનું શાસન પણ હજુ સુધી દુષ્કાળ સમયે ટ્રેન મારફત રાજકોટને પાણી પહોંચાડનાર પાણી-પુરવઠાના લાખો માફ કરાવવા જોઈએ.સત્તાની લાલસામા ઉતાવળે રાજકોટ મા સમાવિષ્ટ મોટામૌવા માધાપર ઘંટેશ્વરના વિસ્તારોની પ્રાથમિક સુવિધાઓ માટે ભાજપ સરકારે ઠેંગો બતાવતા જનતાના શિરે ટેક્ષ નાંખી નાણા વસુલવાનુ કારસ્તાન તેમ શહેર કોંગ્રેસના પૂર્વ પ્રમુખ અતુલ રાજાણી અને વિપક્ષી નેતા વશરામભાઈ સાગઠિયાએ જણાવ્યુ છે.



રાજકોટની જનતા ઉપર એક રુપિયાનો વેરો વધારો સાંખી નહી લેવાય વિપક્ષ નેતા વશરામભાઈ સાગઠીયા, પ્રદેશ કોંગ્રેસ ઉપપ્રમુખ ગાયત્રીબા વાઘેલા પૂર્વ શહેર કોંગ્રેસ પ્રમુખ અતુલ રાજાણીએ જણાવ્યું હતું.મહાપાલિકાના વર્ષ ૨૦૨૬-૨૭ નું બજેટ રજુ કરી મ્યુનિસિપલ કમિશ્નર ભાજપ શાસકો સમક્ષ રજુ કરી છે ગત વર્ષ મા સુચવેલા કામોમાંથી ૭૦ થી ૮૦% કામો હજુ અધ્ધરતાલ છે ત્યાં પ્રજા ઉપર જુદા જુદા હેડ થી વેરો નાંખી પ્રજાના ખિસ્સા ખંખેરી વિકાસ કરવાની વાત બજેટ મા રજુ કરાઈ છે તે સક્ષમ વિપક્ષ તરીકે કોંગ્રેસ કયારે સાંખી નહી લે વિકાસ કરવા માટે કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર પાસેથી લેવાની હક્ક ની ગ્રાન્ટ ના નાણા લાવી વિકાસ કરો ડીઝીટલ ઓનલાઈન સેવાઓ ને સુદ્રઢ બનાવી પગાર ખર્ચ અને જનતાની મુશ્કેલીઓને નિવારવી જોઈએ જ્યાં ખાટલે મોટી ખોટ ઓનલાઈન સેવાઓ હાલતા ખોરવાઈ જાય છે.

શહેરમાં રોડ-રસ્તાઓનો હાલત ખસ્તા છે એકપણ રોડ લાઈન દોરી મુજબ નથી.અંધેર નગરીને ગંડુ રાજાની જેમ રોડ-રસ્તાઓના કામોમા કે રિકાર્પેટ ના કામો પુરા થાય તેના બીજા જ દીવસે રોડ ખોદકામ ચાલુ થઈ જાય છે ડામર ઉપર ડામર અને ફુટપાથને ઉંચા કરવાના જે રીતે કામો થાય છે તે પ્રજા જોઈ રહી છે શહેરમાં ડોર ટુ ડોર કચરાના કલેકશન ના કરોડોના આંધણ પછી પણ હજુ શુધી શહેર કચરા મુક્ત થઈ શકયુ નથી શહેરની જનતા ને પુરતા ફોર્સ થી ૨૦ મીનીટ પાણી પણ મળતુ નથી દીવસે દીવસે વિકરાળ બનતિ ટ્રાફિક સમસ્યા નો કોઈ ઉકેલ નથી આજીની ગાંડી વેલના કારણે છેવાડાના વિસ્તારો મચ્છર ના ઉપદ્રવ થી ત્રાહીમામ છે શહેર મા નવા ભળેલા માધાપર મનહરપુર મોટામૌવા મુંજકા ઘંટેશ્વર સહીત મોટાભાગનાં વિસ્તારો આજે પાંચ વર્ષ એ રોડ-રસ્તાઓ ડ્રેનેજ લાઈટ સફાઈ ભુગર્ભ ગટર લાઈટ જેવી પ્રાથમિક સુવિધાઓ થી વંચિત છે જયારે કોર્પોરેશન ટેક્ષ વગર સુવિધાએ તગડો વેરો તો વસુલેજ છે રાજકોટ રાજપથ લી. સિટી બસ સેવાઓ પણ કંગાળ છે ત્યારે આવા અનેક પાયાના પ્રજાને પિડતા પાયાના પ્રશ્નોના કાયમી ઉકેલની નાણાંકીય જોગવાઈ કરવી જરૂરી છે.શહેરના સર્વાંગી વિકાસ માટે કેન્દ્ર અને રાજ્ય સરકાર પાસેથી જુદા જુદા પ્રોજેક્ટો મારફત ગ્રાંટ મેળવી સાથે પગાર ખર્ચ અને ભાજપ સરકારના ઉત્સવના નામે વપરાતા પ્રજાના પરસેવાની કમાણીના નાણાનો દુર્વ્યય અટકાવવો જોઈએઅને ઓછા ખર્ચે માનવી ત્યાં સુવીધા અને માનવી ત્યાં વિકાસ ના મંત્ર ને સાર્થક કરવો જોઈએ નહી કે પ્રજા ઉપર દમન કારી કરવેરો નાંખી કમિશનરે સુચવેલ કરવેરો ભાજપ શાસકો જો સ્વીકાર સે તો રાજકોટની પ્રજા સાથે મોટો દ્રોહ ગણાશે જે સક્ષમ વિપક્ષ તરીકે કોંગ્રેસ કયારે સાખી નહી લે અને પ્રજાને સાથે રાખી પ્રજા વચ્ચે જઈ ભાજપ સરકાર વિરુદ્ધ લોકજુવાળ ઉભો કરાસે જેનુ પરિણામ ભોગવવા ભાજપ શાસકો તૈયાર રહશે તેમ વશરામભાઈ સાગઠીયા, ગાયત્રીબા વાઘેલા અને અતુલ રાજાણીએ જણાવ્યું હતું.

# ટાટ એચએસની પ્રિલિમ ૨૯ માર્ચે લેવાશે

## ઉમેદવારો પરીક્ષા માટે ૧૦થી ૧૯ ફેબ્રુઆરી સુધી ઓનલાઈન રજિસ્ટ્રેશન કરી શકશે

**અબતક, રાજકોટ**

રાજ્ય પરીક્ષા બોર્ડે શિક્ષક અભિરૂચી કસોટી ઉચ્ચતર માધ્યમિકનું જાહેરનામું બહાર પાડ્યું છે. જે અનુસાર માધ્યમિક શાળામાં શિક્ષક બનવા માટે ૧૦ ફેબ્રુઆરીથી ૧૯ ફેબ્રુઆરી દરમિયાન ઓનલાઈન રજિસ્ટ્રેશન કરાવી શકાશે. રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા ટાટ એચએસપ્રિલિમ પરીક્ષા ૨૯ માર્ચના રોજ લેવાની જાહેરાત કરાઈ છે. પ્રિલિમ પરીક્ષામાં નક્કી કરેલા કટ ઓફ કરતા વધુ ગુણ મેળવનારા ઉમેદવારો ત્યારબાદ મે-૨૦૨૬માં લેવાનારી મેઈન્સની પરીક્ષા આપી શકશે.રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ અને મિશન સ્કૂલ્સ ઓફ એક્સેલન્સના લક્ષ્યો મુજબ ગુણવત્તાયુક્ત શિક્ષણના હેતુ સિદ્ધ કરવા માટે ઉમેદવારોની ક્ષમતા ચકાસવા માટે દ્વિસ્તરીય સ્વરૂપ સાથે શિક્ષક અભિરૂચી કસોટીનું આયોજન કરવાનું ઠરાવવામાં આવ્યું છે. જેથી રાજ્યમાં નોંધાયેલી સરકારી, ગ્રાન્ટેડ અને ખાનગી ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષક તરીકેની ઉમેદવારી કરવા માટે નિયત લાયકાત ધરાવતા ઉમેદવારો માટે ટેટ ઉચ્ચતર માધ્યમિક પરીક્ષા અંગેનું રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે.ટેટ ઉચ્ચતર માધ્યમિક માટે જાહેરનામું બહાર પાડવામાં આવ્યા બાદ હવે ૧૦ ફેબ્રુઆરીથી ૧૯ ફેબ્રુઆરી દરમિયાન ઉમેદવારો માટે રજિસ્ટ્રેશન ફોર્મ ભરવાની મુદ્દત આપવામાં આવશે. ઉપરાંત ૧૦ ફેબ્રુઆરીથી ૨૦ ફેબ્રુઆરી દરમિયાન ઉમેદવારો નેટ બેન્કીંગ મારફતે ફી ભરી શકશે તેવી વ્યવસ્થા પણ રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા કરવામાં આવી છે. આ તમામ પ્રક્રિયા પૂર્ણ થયા બાદ ૨૯ માર્ચના રોજ ટેટ ઉચ્ચતર માધ્યમિકની પ્રાથમિક પરીક્ષા એટલે કે પ્રિલિમ પરીક્ષા લેવામાં આવશે. ત્યારબાદ તેમાં મેરિટમાં આવેલા ઉમેદવારોની મે-૨૦૨૬માં મુખ્ય પરીક્ષા એટલે કે મેઈન્સની પરીક્ષા લેવામાં આવશે.

પરીક્ષાનું આયોજન રાજ્ય પરીક્ષા બોર્ડના સંચાલક હેઠળ નક્કી કરેલા કેન્દ્રો ખાતે જિલ્લા શિક્ષણાધિકારી મારફતે કરવામાં આવશે. પરીક્ષા માટે અનામત કેટેગરીના ઉમેદવારોની ફી રૂ. ૪૦૦ અને સામાન્ય કેટેગરીના ઉમેદવારોની ફી રૂ. ૫૦૦ નક્કી કરવામાં આવી છે. પરીક્ષામાં ઉચ્ચતર માધ્યમિક શાળામાં શિખવવામાં આવતા વિષયોની કસોટી યોજવામાં આવશે. જેમાં એકાઉન્ટ એન્ડ કોમર્સ, બાયોલોજી, કેમેસ્ટ્રી, કમ્પ્યૂટર, ઈકોનોમિક્સ, અંગ્રેજી, જ્યોગ્રાફી, ગુજરાતી, હિન્દી, હિસ્ટ્રી, કૃષિ વિદ્યા, ગણિત, ફિલોસોફી, ફિઝિક્સ, સાયકોલોજી, સંસ્કૃત, સોશિયોલોજી, આંકડાશાસ્ત્ર, શારિરીક શિક્ષણ વિષયોની કસોટી યોજવામાં આવશે.

# ભારત રંગ મહોત્સવ ૨૦૨૬નું દમણમાં આયોજન

## રાષ્ટ્રીય નાટ્ય વિદ્યાલય અને સંસ્કૃતિ મંત્રાલયના સહયોગથી ૧૦ ફેબ્રુઆરીએ બે ગુજરાતી નાટકોની રજૂઆત

**અબતક, રાજકોટ**

રાષ્ટ્રીય નાટ્ય વિદ્યાલય અને ભારત સરકારના સંસ્કૃતિ મંત્રાલય દ્વારા આયોજિત ૨૫મો ભારત રંગ મહોત્સવ-૨૦૨૬ અંતર્ગત દમણમાં નાટ્ય પ્રસ્તુતિઓનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમ દાદરા અને નગર હવેલી તથા દમણ અને દીવના સંઘ શાસિત પ્રદેશના પ્રશાસનના સહયોગથી યોજાઈ રહ્યો છે. મહોત્સવ અંતર્ગત સ્વામી વિવેકાનંદ ઓડિટોરિયમ, ગવર્મેન્ટ કોલેજ, નાની દમણ ખાતે તા. ૯ અને ૧૦ ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ સાંજે ૬.૩૦ વાગ્યે બે ગુજરાતી નાટકો રજૂ થશે. ૯ ફેબ્રુઆરીએ કમર નાટક અને ૧૦ ફેબ્રુઆરીએ સીતા નો વેશ નાટક રજૂ કરવામાં આવશે.

ભારત રંગ મહોત્સવ-૨૦૨૬ ૨૭ જાન્યુઆરીથી ૨૦ ફેબ્રુઆરી સુધી દેશભરમાં યોજાઈ રહ્યો છે, જેમાં ભારત તથા વિદેશના નાટ્ય જૂથો ભાગ લઈ રહ્યા છે.

# રિતૂ તાવડે મુંબઈના નવા મેયર બનશે શિંદે જૂથને મળ્યું ડેપ્યુટી મેયર પદ

## ૨૯ વર્ષ બાદ મુંબઈને ભાજપના નેતૃત્વ હેઠળના મેયર મળશે, જે મુંબઈના રાજકીય સમીકરણોમાં એક મોટું પરિવર્તન લાવશે

**અબતક, રાજકોટ**

દેશની આર્થિક રાજધાની મુંબઈના મેયર પદને લઈને ચાલી રહેલા સસ્પેન્સનો આખરે અંત આવ્યો છે. મુંબઈ મહાનગરપાલિકાના ઈતિહાસમાં દાયકાઓ પછી ભારતીય જનતા પાર્ટી પોતાનો મેયર બેસાડવા જઈ રહી છે. ભાજપના હાઈકમાન્ડે વરિષ્ઠ નગરસેવિકા રિતૂ તાવડેના નામ પર સત્તાવાર મહોર મારી છે. મુંબઈ ભાજપ અધ્યક્ષ અમિત સાતમએ બીએમસી મુખ્યાલય ખાતે આ ઐતિહાસિક નિર્ણયની જાહેરાત કરી હતી. ૨૯ વર્ષ બાદ મુંબઈને ભાજપના નેતૃત્વ હેઠળના મેયર મળશે, જે મુંબઈના રાજકીય સમીકરણોમાં એક મોટું પરિવર્તન માનવામાં આવી રહ્યું છે.રિતૂ તાવડેએ શનિવારે ભવ્ય રીતે પોતાનું નામાંકન પત્ર દાખલ કર્યું હતું. આ પ્રસંગે ભાજપના વરિષ્ઠ નેતાઓની હાજરીમાં ૧૦ પંડિતોને બોલાવીને મંત્રોચ્ચાર અને શંખનાદ કરવામાં આવ્યો હતો. એક તરફ શિવાજી મહારાજના જયઘોષ થઈ રહ્યા હતા તો બીજી તરફ ભાજપના કાર્યકરોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. રિતૂ તાવડે ઘાટકોપર વિસ્તારના ત્રણ ટર્મથી કોર્પોરેટર છે અને તેઓ મુંબઈ મહાનગરપાલિકાની શિક્ષણ સમિતિના અધ્યક્ષ તરીકે પણ સેવા આપી ચૂકયા છે. તેમની છબી એક મિલનસાર અને પાયાના કાર્યકર તરીકેની છે, જે તેમને મેયર પદના પ્રબળ દાવેદાર બનાવે છે.

### રિતૂ તાવડેની રાજકીય સફર

રિતૂ તાવડે ભાજપના જૂના અને વિશ્વાસુ નેતા માનવામાં આવે છે. તેઓ ૨૦૧૨માં વોર્ડ નંબર ૧૨૭ થી પ્રથમ વખત જીત્યા હતા. ત્યારબાદ ૨૦૧૭માં ઘાટકોપરના વોર્ડ નંબર ૧૨૧ અને ૨૦૨૫ની ચૂંટણીમાં વોર્ડ નંબર ૧૩૨ માંથી ભવ્ય વિજય મેળવ્યો હતો. ગ્રાઉન્ડ લેવલ પર તેમની પકડ અને વહીવટી અનુભવને કારણે જ પક્ષે મુંબઈ જેવી મહત્વની મહાનગરપાલિકાનું સુકાન સોંપવાનું નક્કી કર્યું છે. તેમના મેયર બનવાથી મુંબઈના પાયાના પ્રશ્નો, ખાસ કરીને શિક્ષણ અને આરોગ્ય ક્ષેત્રે મોટા ફેરફારો આવવાની અપેક્ષા છે.



આ વખતે ભાજપ અને શિવસેના (શિંદે જૂથ) વચ્ચે સત્તાની વહેંચણી ખૂબ જ સંતુલિત રીતે કરવામાં આવી છે. મહાયુતિ ગઠબંધન હેઠળ ડેપ્યુટી મેયર પદ શિવસેના શિંદે જૂથના ફાળે ગયું છે, જેમાં સંજય શંકર ઘાડીની પસંદગી કરવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે બીએમસીમાં બહુમતી માટે ૧૧૪ બેઠકોની જરૂર હોય છે. ભાજપ પાસે ૮૯ બેઠકો છે, જ્યારે શિંદે જૂથ પાસે ૨૯ બેઠકો છે. આ બંને પક્ષોના જોડાણથી આંકડો ૧૧૮ પર પહોંચે છે, જે બહુમતી કરતા વધારે છે. બીજી તરફ ઉદ્ધવ ઠાકરે જૂથ ૬૫ બેઠકો સાથે વિપક્ષમાં બેસશે.

# બજેટમાં તમામ વર્ગના ઉત્થાન-વિકાસની ભાવના અને ૨૦૪૭ની પરિકલ્પના: બ્રિજેશ મેરજા

## રાજકોટ જીલ્લા ભાજપ યુવા મોરચા દ્વારા બજેટ યુવા સંવાદ કાર્યક્રમ યોજાયો

**અબતક, રાજકોટ**




વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીજીના દ્રઢ નેતૃત્વમાં ભારત જ્યારે 'વિકસિત રાષ્ટ્ર' બનવાના સંકલ્પ સાથે આગળ વધી રહ્યું છે, ત્યારે કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારામનજી દ્વારા સંસદમાં રજૂ કરવામાં આવ્યું. જેકેન્દ્રીય બજેટ અંતર્ગત પ્રદેશ વકતા રાજ્યના પૂર્વ મંત્રી બ્રિજેશભાઈ મેરજા તથા રાજકોટ જીલ્લા ભાજપ અધ્યક્ષ અલ્પેશભાઈ ઢોલરીયા, નરેન્દ્રસિંહ જાડેજા, હરેશભાઈ હેરભા, રવિભાઈ માંકડિયાની ઉપસ્થિતિમાં રાજકોટ જીલ્લા ભાજપ યુવા મોરચા દ્વારા કમલમ જીલ્લા ભાજપ કાર્યાલય ખાતે 'યુવા સંવાદ' કાર્યક્રમ યોજાયો હતો.

આ યુવા સંવાદ કાર્યક્રમમાં જીલ્લા ભાજપ મંત્રી સતીશભાઈ ભીમજીયાણી, જીલ્લા યુવા મોરચા પ્રભારી ડો.દિપકભાઈ પીપળીયા, દેવભાઈ કોરડીયા, મહામંત્રી સુરજભાઈ ડેર, જીલ્લા કિસાન મોરચા ડેનીશભાઈ હદવાણી, ગોવિંદભાઈ કિહલા, રાજેન્દ્રભાઈ ધારૈયા, નીલેશભાઈ દોશી, રાજકોટ તાલુકા પંચાયત કા.ચેરમેન ભરતભાઈ ડાભી સહીતના જીલ્લા યુવા મોરચાના હોદેદારો, કારોબારી સભ્ય ઓ, મંડલના પ્રમુખ-મહામંત્રી ઓ સહીતના કાર્યકર્તાઓ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

આયુવા સંવાદ કાર્યક્રમમાં પ્રદેશ વકતા બ્રિજેશભાઈ મેરજાએ ઉપસ્થિત યુવાઓને બજેટ વિષે માર્ગદર્શન આપતા જણાવ્યું હતું કે, સર્વજન હિતાય, સર્વજન સુખાય ગણાવતા સંતુલિત વિકાસ આ બજેટ ગરીબ, મધ્યમ વર્ગ, ખેડૂત, યુવા અને મહિલાઓ સહિત સમાજના તમામ વર્ગોને સ્પર્શે છે, દેશને વિકસિત ભારત તરફ લઈ જનારું દિશાદર્શક બજેટ છે. આ બજેટમાં ગરીબ, યુવા, ખેડૂત, મહિલા, મધ્યમ વર્ગ અને વેપારી વર્ગ સૌને સાથે લઈને આગળ વધવાની સ્પષ્ટ દૃષ્ટિ રજૂ કરવામાં આવી છે. જીલ્લા ભાજપ અધ્યક્ષશ્રી અલ્પેશભાઈ ઢોલરીયાએ જણાવ્યું હતું કે,બજેટમાં આશરે ૭ ટકાના આર્થિક વિકાસ દરને હાંસલ કરવાનો લક્ષ્ય રાખવામાં આવ્યો છે.

રાજકોટ જીલ્લા ભાજપ મહામંત્રી ઓ નરેન્દ્રસિંહ જાડેજાએ વધુમાં જણાવ્યું હતું કે,આત્મ નિર્ભરતા: ઉદ્યોગકારો અને નાના વેપારીઓ માટેની જોગવાઈઓ ભારતને આત્મ નિર્ભર બનાવવાની દિશામાં મજબૂત કદમ છે, કાર્યક્રમનું સંચાલન પ્રમુખ દેવભાઈ કોરડીયા, સ્વાગત રવિભાઈ માંકડિયા, આભાર વિધિ સુરજભાઈ ડેરે કરી હતી.

# પાંચ વોર્ડમાં પાણીકાપ વચ્ચે વાલ્વ તૂટતા હજારો લીટર પાણીનો વેડફાટ

**અબતક, રાજકોટ**

કોર્પોરેશન દ્વારા આજે પાણીના ટાંકાની સફાઈ અને પાઈપલાઈન જોડાણના બહાને શહેરના પાંચ વોર્ડમાં પાણીકાપ ઝીંકવામાં આવ્યો છેતો બીજી તરફ વાલ્વ તૂટવાના કારણે પાણીનો ખુબ જ વેડફાટ થઈ રહ્યો છે.

શહેરના ગોંડલ ચોકડી પાસે સાંઢીયા પુલથી કોઠારીયા તરફ જવાના રસ્તે પાણીની પાઈપલાઈનનો વાલ્વ તૂટ્યો હતો.

વ્હેલી સવારે ત્રણ વાગ્યે વાલ્વમાં ભંગાણ થતા પાણીનો મોટા પ્રમાણમાં બગાડ થયો હતો.રોડ પર જાણે નદીઓ વહેતી હોય તેવું લાગી રહ્યું હતું. બાય પાસ સર્વિસ રોડ પાસે જળ બાંબાકર જેવી સ્થિતિ સર્જાય હતી.આજીડેમથી પુનિત નગરના ટાંકામાં પાણી જતું હોય તેનો વાલ્વ તૂટ્યો હતો.




# ૬ આયુર્વેદ કોલેજોએ નીટ પર્સન્ટાઈલ ન ધરાવતાં છાત્રોના પ્રવેશ અંગે તપાસનો આદેશ

## આયુર્વેદમાં પાંચ વર્ષનો અભ્યાસ કર્યા પછી પણ ૧૫૦થી વધુ વિદ્યાર્થીને ડિગ્રી ન મળે તેવી સ્થિતિ!: અગાઉ હાઈકોર્ટે પણ આ પ્રવેશ રદ કર્યા પછી મામલો સુપ્રીમમાં ગયો હતો, સુપ્રીમ કોર્ટે પણ પ્રવેશ રદ કરી તપાસ કમિટી બનાવવા આદેશ કર્યો

**અબતક, રાજકોટ**

રાજયમાં વર્ષ ૨૦૧૯-૨૦ની પ્રવેશ કાર્યવાહી અંતર્ગત આયુર્વેદ કોલેજમાં વિદ્યાર્થીઓને પ્રવેશ માટે નીટમાં જરૂરી પર્સન્ટાઈલ ન હોવા છતાં ૬ આયુર્વેદ કોલેજોએ વિદ્યાર્થીઓને પ્રવેશ ફાળવી દીધા હતા. લાંબા કાનૂની વિવાદ બાદ સુપ્રીમ કોર્ટ દ્વારા પણ આ તમામ પ્રવેશ રદ કરવાના હાઈકોર્ટને નિર્ણયને માન્ય રાખીને સમગ્ર મામલાની તપાસ માટે કમિટી બનાવવા આદેશ કર્યો છે. આમ, જે તે સમયે પ્રવેશની લઘુતમ લાયકાત ન ધરાવતાં અંદાજે ૧૫૦થી વધુ વિદ્યાર્થીઓએ પાંચ વર્ષ અભ્યાસ કર્યા પછી પણ ડિગ્રી ન મળે તેવી સ્થિતિ ઊભી થઈ છે. આયુર્વેદ અને હોમિયોપેથીમાં પ્રવેશ માટે નીટ લાગુ કરવામાં આવ્યા બાદ જરૂરી પર્સન્ટાઈલ ધરાવતાં હોય તેવા વિદ્યાર્થીઓ જ પ્રવેશપાત્ર બનતાં હોય છે. સૂત્રો કહે છે કે વર્ષ ૨૦૧૯-૨૦માં બીન અનામત કેટેગરીમાં પ્રવેશ લેવો હોય તો નીટમાં ઓછામાં ઓછા ૫૦ પર્સન્ટાઈલ હોવા જરૂરી હતા. રાજયની ૬ આયુર્વેદ કોલેજોએ બેઠકો ખાલી હોવાના કારણે જે તે સમયે નીટમાં પુરતા પર્સન્ટાઈલ ન ધરાવતાં હોવાછતાં અનેક વિદ્યાર્થીઓને પ્રવેશ ફાળવી દીધા હતા. આમ પ્રવેશની લઘુતમ લાયકાત પણ ન હોવાછતાં શરતી પ્રવેશ ફાળવી દેવામાં આવ્યા હતા. સૂત્રો કહે છે કે, કોલેજ સંચાલકોએ વિદ્યાર્થીઓને એવી બાંયેધરી કે આશ્વાસન આપ્યું હતું કે, કેન્દ્ર સરકાર દરવર્ષે પાછળથી પર્સન્ટાઈલમાં ઘટાડો કરતી હોય છે. જેના કારણે પ્રવેશ આપ્યા પછી પર્સન્ટાઈલમાં ઘટાડો કરવામાં આવે ત્યારે પ્રવેશને માન્ય કરી દેવામાં આવશે. મહત્વની વાત એ કે, જે તે સમયે પર્સન્ટાઈલમાં ઘટાડો ન થતાં આ મુદ્દે કાનૂની લડત શરૂ થઈ હતી. સૌથી પહેલા સીંગલ જજ પાસે મામલો ગયો હતો. જેમાં વિદ્યાર્થીઓના પ્રવેશ માન્ય રાખવા ઈન્કાર કરી દેવામાં આવ્યો હતો. શરતી પ્રવેશમાં એવો ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે, પ્રવેશ કટ ઓફ માર્કસમાં ઘટાડો થાય તે માટે આયુષ મંત્રાલયની મંજૂરી જરૂરી છે. જોકે, ડિવિઝન બેંચમાં એવી સ્પષ્ટતા કરવામાં આવી હતી કે, પ્રવેશ માટે લઘુતમ પર્સન્ટાઈલ હોય તે જરૂરી છે. હાઈકોર્ટના ચુકાદાને સુપ્રીમ કોર્ટમાં પડકારવામાં આવ્યો હતો. જેમાં કોર્ટે ચુકાદામાં દખલ કરવા ઈન્કાર કરી દીધો હતો. એટલું જ નહીં, કોર્ટે વિદ્યાર્થીઓ જરૂરી પર્સન્ટાઈલ ધરાવતાં ન હોવાછતાં પ્રવેશ આપવાના કિસ્સામાં તપાસનો આદેશ કર્યો હતો. કોર્ટ દ્વારા તમામ કોલેજોને નોટિસ આપીને આ કિસ્સામાં એફિડેવિટ ફાઈલ કરવા માટેનો આદેશ કર્યો હતો. એટલું જ નહીં, એ સ્થિતિ અંગે પણ સ્પષ્ટતા કરવા તાકીદ કરવામાં આવી છે કે, વિદ્યાર્થીઓને અભ્યાસ દરમિયાન બીજા,ત્રીજા કે ચોથા વર્ષ દરમિયાન પણ કેમ જાણ કરવામાં આવી નહોતી. આ સિવાય ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી અને સેન્ટ્રલ કાઉન્સિલ ઓફ ઈન્ડિયા મેડિસિનને જોઈન્ટ કમિટી બનાવીને આ સમગ્ર મામલાની તપાસ કરવાનો આદેશ કરવામાં આવ્યો હતો.

### કઈ કઈ કોલેજોએ વિદ્યાર્થીઓને પ્રવેશ આપી દીધા હતા

રાજ્યન ૬ કોલેજોએ આયુર્વેદમાં પ્રવેશ માટે નીટમાં જરૂરી પર્સન્ટાઈલ ન હોવાછતાં પ્રવેશ ફાળવી દીધો હતો. આ કોલેજોમાં અનન્યા કોલેજ ઓફ આયુર્વેદ, ભાર્ગવ આયુર્વેદ કોલેજ, ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ આયુર્વેદ, બી.જી. ગરૈયા આયુર્વેદ કોલેજ અને ગ્લોબલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ આયુર્વેદ અને જય જલારામ આયુર્વેદ મેડિકલ કોલેજનો સમાવેશ થાય છે.

# શિવરાત્રી પર્વની પૂર્વ તૈયારીઓમાં કેસરિયા ધ્વજાથી શોભાતું રંગીલું રાજકોટ

## શહેરના વિવિધ સર્કલોમાં ફરકતી કેસરિયા ધજાઓ, ભક્તિમય વાતાવરણ સર્જાયું

**અબતક, રાજકોટ**

મહા શિવરાત્રીના પાવન પર્વને લઈને રાજકોટ શહેરમાં ઉત્સાહ અને ભકિતભાવનો માહોલ સર્જાયો છે. શહેરમાં વિવિધ સ્થળોએ ઉજવણીની તૈયારીઓ શરૂ થઈ ગઈ છે. ખાસ કરીને રાજકોટના મુખ્ય સર્કલો અને માર્ગો પર કેસરિયા ધજાઓ ફરકાવવામાં આવી છે, જેના કારણે સમગ્ર શહેર ભક્તિમય અને ઉત્સવમય રંગમાં રંગાઈ ગયું છે.શહેરના અનેક , સર્કલો અને મુખ્ય માર્ગો પર લગાવવામાં આવેલી કેસરિયા ધજાઓથી શિવભકતોમાં આનંદની લાગણી જોવા મળી રહી છે. ધજાઓ સાથે શિવભક્તિનો સંદેશ પ્રસરતો દેખાઈ રહ્યો છે.

મહા શિવરાત્રીને ધ્યાનમાં રાખીને મંદિરોમાં પણ વિશેષ આયોજન કરવામાં આવી રહ્યું છે. શિવાલયોમાં સાફસફાઈ, શણગાર અને ભકતોની સુવિધા માટે વ્યવસ્થાઓ કરવામાં આવી રહી છે. સાથે સાથે શહેરમાં શાંતિપૂર્ણ





અને શ્રદ્ધાભેર પર્વ ઉજવવા માટે સંકલ્પ વ્યકત કરવામાં આવી રહ્યો છે.

કેસરિયા ધજાઓથી શોભિત રાજકોટ શહેર મહા શિવરાત્રીના પર્વની આગવી ઓળખ ઉભી કરી રહ્યું છે અને શહેરભરમાં ભક્તિ, આસ્થા અને ઉત્સાહનો સુંદર સંગમ જોવા મળી રહ્યો છે.

શહેરના અનેક વિસ્તારોમાં શિવભક્તિ આધારિત ભજન, જાગરણ અને સાંસ્કૃતિક કાર્યક્રમોની તૈયારી પણ શરૂ થઈ ગઈ છે. યુવાનો અને સ્વયંસેવકો મહા શિવરાત્રીના પર્વને ભવ્ય અને શાંતિપૂર્ણ રીતે ઉજવવા ઉત્સાહપૂર્વક જોડાયા છે. વિવિધ સામાજિક અને ધાર્મિક સંસ્થાઓ દ્વારા રાત્રી જાગરણ, શિવ મહિમા ગાન અને સેવાકીય પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવી રહ્યું છે.

# મારવાડી યુનિવર્સિટીના એમ્યુલેટમાં છલકાયો યુવા ઉત્સાહ

## ત્રણ દિવસમાં ૧૫ હજારથી વધુ વિદ્યાર્થીઓએ ૭૦થી વધુ ઈવેન્ટસમાં લીધો ભાગ


**અબતક,રાજકોટ**

મારવાડી યુનિવર્સિટીના કેમ્પસમાં છેલ્લા ત્રણ દિવસથી યુવાનોનો ઉત્સાહ, સંગીતના તાલ, હાસ્યના ઠહાકા અને ક્રિએટિવિટીની ઝલક એકસાથે જોવા મળી. યુનિવર્સિટીના ફ્લેગશિપ યુથ ફેસ્ટ એમ્યુલેટ ૨૦૨૬નું ૪થી ૬ ફેબ્રુઆરી દરમિયાન આયોજન થયું. અગાઉ ખઅ ક્ષ્રસ્તર્તિ તરીકે ઓળખાતો આ ફેસ્ટ આ વખતે નવા નામ અને વધુ મોટા કેનવાસ સાથે સામે આવ્યો. આયોજનકર્તાઓ મુજબ ત્રણ દિવસમાં ૧૫ હજારથી વધુ વિદ્યાર્થીઓ જોડાયા અને ૭૦થી વધુ ઈવેન્ટ્સમાં ભાગ લીધો.

ફેસ્ટનું સૌથી મોટું આકર્ષણ મ્યુઝિકલ નાઈટ્સ રહ્યું. પહેલા



દિવસે રેપર ડિવાઈનના બીટ્સે કેમ્પસને કન્સર્ટ ગ્રાઉન્ડમાં ફેરવી દીધો-વિદ્યાર્થીઓ ઉત્સાહથી ઝૂમતા રહ્યા અને આખો માહોલ 'ઓન ફાયર' બની ગયો. ત્યારબાદ જાણીતા પ્લેબેક સિંગર શાનના



મધુર ગીતોએ માહોલને ભાવસભર બનાવી દીધો. વિદ્યાર્થીઓ માટે આ રાત માત્ર શો નહીં, પણ યાદગાર અનુભવ બની રહી.

મ્યુઝિકલ નાઈટ્સ પછી ફેસ્ટમાં હાસ્યનો તડકો પણ લાગ્યો. લોકપ્રિય સ્ટેન્ડ-અપ કોમેડિયન ગુરલીન પન્નૂ અને રવિ ગુપ્તાએ પોતાની ચુસ્ત વન-લાઈનર્સ અને દૈનિક જીવનની વાતોને મજાકીય અંદાજમાં રજૂ કરી. પરિણામે ઓડિટોરિયમમાં સતત ઠહાકા ગૂંજતા રહ્યાં.

ફેસ્ટમાં મનોરંજન સાથે પ્રેરણા પણ જોડાઈ. અપરશક્તિ ખુરાના, શિવાંકિત સિંહ અને અન્યા સિંહ સાથે યોજાયેલી ફાયરસાઈડ

(અનુ. આઠમા પાને)

# આત્મીય યુનિવર્સિટીમાં કર્ણાટક બાંસુરી સંગીતથી સંસ્કૃતિની સુગંધ

## એસપીઆઈસી મેકે અંતર્ગત યોજાયેલા શાસ્ત્રીય સંગીત કાર્યક્રમમાં ૩૦૦ વિદ્યાર્થીઓ-અધ્યાપકો જોડાયા

**અબતક,રાજકોટ**

આત્મિય યુનિવર્સિટી ખાતે ભારતીય શાસ્ત્રીય કલા અને સંસ્કૃતિને પ્રોત્સાહન આપતું એક સુંદર અને પ્રેરણાદાયી આયોજન કરવામાં આવ્યું હતું. આત્મિય યુનિવર્સિટી તથા મણીભાઈ વિરાણી અને નવલબેન વિરાણી સાયન્સ કોલેજના સંયુક્ત ઉપક્રમે એસપીઆઈસી મેકે અંતર્ગત કર્ણાટિક શાસ્ત્રીય બાંસુરી સંગીત કાર્યક્રમ યોજાયો, જેમાં યુવાનોને ભારતીય સાંસ્કૃતિક વારસાની નજીક લાવવાનો સરાહનીય પ્રયાસ થયો.આ કાર્યક્રમમાં પ્રખ્યાત કર્ણાટિક બાંસુરીવાદક મૈસૂર ચંદન કુમાર દ્વારા મોહક બાંસુરી વાદન રજૂ કરવામાં આવ્યું





હતું. તેમના સુરો સાથે ચારુલતા રામાનુજમ (વાયોલિન), અર્જુન કુમાર (મૃદંગમ) તથા જી. એસ. રામાનુજન (ઘટમ)ની સંગતથી સમગ્ર વાતાવરણ સંગીતમય બની ગયું હતું. બાંસુરીના સુરો દ્વારા શાંતિ, શિસ્ત અને સૌંદર્યબોધનો અદ્ભુત અનુભવ વિદ્યાર્થીઓને થયો.

આ કાર્યક્રમમાં આશરે ૩૦૦ જેટલા વિદ્યાર્થીઓ અને અધ્યાપકવર્ગે ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. ઘણા વિદ્યાર્થીઓ માટે આ પ્રથમ વખત કર્ણાટિક શાસ્ત્રીય સંગીતને નજીકથી અનુભવાનો અવસર હતો, જેના કારણે ભારતીય સંસ્કૃતિ પ્રત્યેનો રસ વધુ ગાઢ બન્યો.એસપીઆઈસી મેકે ગુજરાત ચેપ્ટરની સંયોજિકા જિગીશા આગજાએ સંસ્થાના ઉદ્દેશો વિશે માહિતી આપી હતી અને યુવાનોમાં સાંસ્કૃતિક ચેતના જાગૃત કરવાની જરૂરિયાત ઉપર ભાર મૂક્યો હતો. તેમણે ભારત સરકાર દ્વારા ચાલી રહેલી સાંસ્કૃતિક અને વારસાગત શિક્ષણને પ્રોત્સાહન આપતી પહેલો સાથે આવા કાર્યક્રમોની મહત્વપૂર્ણ ભૂમિકા સમજાવી હતી.

આ પ્રસંગે આત્મિય યુનિવર્સિટીમાં ટૂંક સમયમાં એસપીઆઈસી મેકે હેરિટેજ કલબની સ્થાપના કરવાની જાહેરાત કરવામાં આવી હતી, જેના દ્વારા કેમ્પસમાં નિયમિત રીતે સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાશે અને વિદ્યાર્થીઓને ભારતીય સંસ્કૃતિ સાથે સતત જોડાણ મળશે.પરમ પૂજ્ય ત્યાગવલ્લભ સ્વામીજીના આશીર્વાદ સાથે યોજાયેલા આ કાર્યક્રમમાં આત્મિય યુનિવર્સિટીના કુલપતિ ડો. રાકેશ મુદગલ, કોલેજના પ્રિન્સિપાલ ડો. કાર્તિક લાડવા, કાર્યક્રમના સંયોજક ડો. ગોવિંદ વાગડીયા, સમર્પણદીદી સહિત શિક્ષકવૃંદ અને સ્ટાફ સભ્યોની ઉપસ્થિતિ રહી. સૌના સહયોગથી આ કાર્યક્રમ સંસ્કૃતિના સંવર્ધનનું ઉત્તમ ઉદાહરણ બની રહ્યો.

# વી.વી.પી. કોલેજના ત્રણ તારલાઓને જી.ટી.યુ.ના ગોલ્ડ મેડલ થયા એનાયત

## વીવીપી એન્જી. કોલેજે અત્યાર સુધી ૮૪ ગોલ્ડ મેડલ મેળવી પ્રાપ્ત કરી અવ્વલ રહેવાની સિધ્ધી

**અબતક, રાજકોટ**

"રાષ્ટ્રાય સ્વાહા ઈદં ન મમ-મારું બધુ જ મારા રાષ્ટ્રને અર્પણ મૂળમંત્ર સાથે કાર્યરત રાજકોટની વી.વી.પી. એન્જીનીયરીંગ કોલેજના ત્રણ વિદ્યાર્થીઓને જીટીયુ દ્વારા પ્રસિધ્ધ થયેલ પરિણામોમાં ગોલ્ડ મેડલ મળ્યા છે. આ સાથે વી.વી.પી. ના વિદ્યાર્થીઓને મળેલ યુનિવસીટી ગોલ્ડ મેડલની સંખ્યા ૮૪ પર પહોંચી છે.

વી.વી.પી. એન્જીનીયરીંગ કોલેજના વિદ્યાર્થીઓ કટારીયા હેમાંશી મહેશભાઈ-ઈલેકટ્રોનીક્સ એન્ડ કોમ્યુનીકેશન (૧-ગોલ્ડ મેડલ), હુંબલ આશિષ અશ્વિનભાઈ-સિવિલ (૨-ગોલ્ડ મેડલ), દુધાત ધ્યેય પરેશભાઈ-મીકેનીકલ (૧-ગોલ્ડ મેડલ) ને તાજેતરમાં જીટીયુ દ્વારા પ્રસિધ્ધ



Humbal Ashish



Sudhat Dyey



Kataria Hemanshi

થયેલા પરિણામોમા વીવીપી કોલેજને કુલ ૪ (ચાર) ગોલ્ડ મેડલ મળ્યા છે. ગોલ્ડ મેડાલીસ્ટ વિદ્યાર્થીઓએ પોતાની સફળતાનો શ્રેય વી.વી.પી. દ્વારા આપવામાં આવતા શિક્ષણ અને સાથે સહશૈક્ષણિક પ્રવૃતિઓને આપતા જણાવ્યુ હતું કે એન્જીનીયરીંગમાં ડિગ્રી કે ડીપ્લોમા અભ્યાસ તો માત્ર વી.વી.પી.માં જ કરાય.

અત્યાધુનીક મલ્ટી મીડીયા પ્રોજેકટર તથા સ્માર્ટ બોર્ડ યુકત કલાસ રૂમ, આધુનિક ટેકનોલોજી ધરાવતી લેબોરેટરી, દરેક વિભાગમાં અનુભવી અને તજજ્ઞ પ્રાધ્યાપકો, નામાંકિત યુનિવસર્ટીમાંથી પીએચ.ડી. પૂર્ણ કરેલ પ્રાધ્યાપકોની , ઈન્ડસ્ટ્રીયલ વીઝીટ-ઈન્ડસ્ટ્રીયલ ટુરનું સમયાંતરે આયોજન, ટેકનીકલ સ્પર્ધાઓનું નિયમિત સામાન્ય જ્ઞાન-ટેકનીકલ જ્ઞાન, રીસર્ચ પેપર લેખન વગેરે સ્પર્ધાઓનું આયોજન અને દેશની નામાંકિત કંપનીઓનું સુપર પ્લેસમેન્ટ થકી વી.વી.પી. ઉચ્ચ મેરીટ માર્કસ ધરાવતા વિદ્યાર્થીઓની પ્રથમ પસંદગી છે. આ બધી શૈક્ષણિક પ્રવૃત્તિઓસાથે સહ-શૈક્ષણિક,

(અનુ. આઠમા પાને)

# દીકરીને વીડિયો સંવાદમાં આપેલું વચન મુખ્યમંત્રીએ પાળ્યું

## બનાસકાંઠામાં શાળાની મુલાકાત લઈ દીકરીને કલેકટર બનવાના આશિર્વાદ આપ્યા



**અબતક, રાજકોટ**

માનવીય સંવેદનશીલતા, વચનબદ્ધતા અને સહજતાનું ઉત્તમ ઉદાહરણ ફરી એકવાર સામે આવ્યું છે. વિડીયો સંવાદ દરમિયાન એક નાનકડી દીકરીને આપેલું વચન મુખ્યમંત્રીએ શબ્દોમાં નહીં પરંતુ કાર્યમાં ઉતારી બતાવ્યું. બનાસકાંઠા જિલ્લાના ઉત્તમપુરા (ડાંગીયા) ગામની પ્રાથમિક શાળાની રૂબરૂ મુલાકાત લઈ તેમણે દીકરીની લાગણીને માન આપ્યું.

તા. ૨૮ એપ્રિલ ૨૦૨૫ના રોજ યોજાયેલા એક વિડીયો સંવાદ દરમિયાન ધોરણ-૧માં અભ્યાસ કરતી દીકરી સામ્યા પ્રજાપતિએ સહજતા અને નિર્દોષતાથી પ્રશ્ન કર્યો હતો, દાદા, તમે અમારી સ્કૂલમાં આવશો ને? આ સરળ પરંતુ હૃદયસ્પર્શી પ્રશ્ન પર મુખ્યમંત્રીએ તરત જ વચન આપ્યું હતું કે તેઓ ચોક્કસ શાળાની મુલાકાત લેશે.

આ વચન સમય જતાં ભૂલાઈ જાય એવું નહોતું. બનાસકાંઠા જિલ્લામાં અંબાજી કોરિડોરના ખાતમુહૂર્ત પ્રસંગે પ્રવાસ કાર્યક્રમ દરમિયાન મુખ્યમંત્રીએ ખાસ આયોજન કરીને ઉત્તમપુરા (ડાંગીયા) ગામની પી.એમ. ઉત્તમપુરા અનુપમ પ્રાથમિક શાળાની મુલાકાત લીધી અને દીકરી સામ્યાને રૂબરૂ મળ્યા.શાળામાં પહોંચતા જ વિદ્યાર્થીઓ, શિક્ષકો અને ગામજનોએ આત્મીય સ્વાગત કર્યું. મુખ્યમંત્રીએ વિદ્યાર્થીઓ સાથે સહજ સંવાદ સાધી તેમના અભ્યાસ, શાળાની વ્યવસ્થા અને શિક્ષણની ગુણવત્તા અંગે માહિતી


(અનુ. આઠમા પાને)

## સ્પોર્ટ્સ અબતક

# ભારતના “સૂર્યવંશીઓ”ના વૈભવે ઢગલાબંધ રેકોર્ડ સર્જી વિશ્વ વિજેતાનો તાજ જીત્યો



### ભારતની ક્રિકેટ પ્રતિભા ચમકી છે: પીએમ મોદી



પીએમ નરેન્દ્ર મોદીએ અંડર-૧૯ ક્રિકેટ વર્લ્ડ કપ જીત પર કહ્યું કે ભારતની ક્રિકેટ પ્રતિભા ચમકી છે. તેમણે એક્સ પર લખ્યું, “ભારતમાં વર્લ્ડ કપ લાવવા બદલ અમને આપણી અંડર-૧૯ ટીમ પર ગર્વ છે. ટીમે સમગ્ર ટુર્નામેન્ટ દરમિયાન શાનદાર પ્રદર્શન કર્યું અને અસાધારણ કૌશલ્ય દર્શાવ્યું. આ જીત ઘણા યુવા ખેલાડીઓને પ્રેરણા આપશે. ખેલાડીઓને તેમના ભવિષ્યના પ્રયાસો માટે શુભકામનાઓ.“





**અબતક, રાજકોટ**

ભારતના ઉભરતા સ્ટાર બેટર વૈભવ સૂર્યવંશીએ અત્યંત ઝંઝાવાતી ૧૭૫ રન ફટકારતાં ભારતે ઈતિહાસ રચીને આઈસીસી અંડર-૧૯ ક્રિકેટ વર્લ્ડ કપ જીતી લીધો હતો. ઈંગ્લેન્ડ સામેની ફાઈનલ મેચમાં ભારતે ૪૧૧ રનનો જંગી સ્કોર ખડક્યા બાદ ઈંગ્લેન્ડને ૧૦૦ રનથી હરાવ્યું હતું. આ સાથે ભારતે અંડર-૧૯ વર્લ્ડ કપના ઈતિહાસમાં છઠ્ઠી વાર ટાઈટલ જીતી લીધું હતું. આઈસીસી અંડર-૧૯ વર્લ્ડ કપના ઈતિહાસમાં ભારત સૌથી સફળ ટીમ રહેલી છે. તેણે ૨૦૦૦, ૨૦૦૮, ૨૦૧૨, ૨૦૧૮, ૨૦૨૨ અને હવે ૨૦૨૬ એમ છ વાર ટાઈટલ જીત્યા છે. ત્યાર બાદ ઓસ્ટ્રેલિયાનો ક્રમ આવે છે જેણે ચાર વખત ટાઈટલ જીત્યા છે. હરારે સ્પોર્ટ્સ કલબ ગ્રાઉન્ડ ખાતે રમાયેલી ફાઈનલમાં પ્રથમ બેટિંગ કરીને ભારતે ૫૦ ઓવરમાં નવ વિકેટે ૪૧૧ રનનો વિશાળ સ્કોર રજૂ કરી દીધો હતો. જેના જવાબમાં ઈંગ્લેન્ડ અંડર-૧૯ ટીમ ૪૦.૨ ઓવરમાં ૩૧૧ રન કરી શકી હતી. અંડર-૧૯ વર્લ્ડ કપના ઈતિહાસમાં ભારતના ૪૧૧ રનનો સ્કોર પાંચમો સર્વશ્રેષ્ઠ સ્કોર રહ્યો હતો.ભારતે ઈનિંગ્સના પ્રારંભથી જ આક્રમક વલણ અપનાવ્યું હતું. શરૂઆતમાં મક્કમ બેટિંગ કરનારો વૈભવ સૂર્યવંશી સેટ થયા બાદ આક્રમક બન્યો હતો. વૈભવે તેના પહેલા ૫૦ રન ૩૨ બોલમાં અને બીજા ૫૦ રન ૨૩ બોલમાં પૂરા કર્યા હતા. તેણે આયુષ મ્હાત્રે સાથે મળીને બીજી વિકેટ માટે માત્ર ૧૯ ઓવરમાં ૧૪૨ રનની ભાગીદારી નોંધાવી હતી. વૈભવે અંડર-૧૯ વર્લ્ડ કપના ઈતિહાસની બીજી સૌથી ઝડપી સદી ફટકારી હતી. તેણે ૫૫ બોલમાં સદી પૂરી કરી હતી.૧૪

(અનું.આઠમાં પાને)

### સમસ્તીપુરના તાજપુર ગામના ટબુડીયાએ વિશ્વ ક્રિકેટમાં રેકોર્ડની હારમાળા સર્જી

ભારતના ઉભરતા સ્ટાર બેટર વૈભવ સૂર્યવંશીએ શુક્રવારે અહીં રમાયેલી આઈસીસી અંડર-૧૯ ક્રિકેટ વર્લ્ડ કપની ફાઈનલમાં ઈંગ્લેન્ડ સામે શાનદાર ૧૭૫ રન ફટકાર્યા હતા. આ ઈનિંગ્સ દરમિયાન તેણે વિવિધ વિક્રમો સર્જ્યા હતા. તેણે અંડર-૧૯ વર્લ્ડ કપના ઈતિહાસની બીજી સૌથી ઝડપી સદી ફટકારી હતી. તેણે ૫૫ બોલમાં સદી પૂરી કરી હતી. ૧૪ વર્ષીય વૈભવે ૮૦ બોલમાં ૧૭૫ રન ફટકાર્યા હતા. આમ તેણે અંડર-૧૯ વર્લ્ડ કપમાં સૌથી ઝડપી ૧૫૦ રનનો વિક્રમ પોતાના નામે કર્યો હતો. તેણે માત્ર ૭૧ બોલમાં ૧૫૦ રન પૂરા કર્યા હતા. કોઈ પણ અંડર-૧૯ લેવલના ક્રિકેટમાં આ રેકોર્ડ છે. અગાઉ ઈંગ્લેન્ડના બેન માયેસે સ્કોટલેન્ડ સામે ૯૮ બોલમાં ૧૫૦ રન ફટકાર્યા હતા. અંડર-૧૯ ક્રિકેટમાં એક ઈનિંગ્સમાં સૌથી વધુ સિક્સરનો રેકોર્ડ પણ હવે વૈભવના નામે છે. તેણે શુક્રવારે ઈંગ્લેન્ડ સામે ૧૫ સિક્સર ફટકારી હતી. અગાઉ તેણે જ ડિસેમ્બર ૨૦૨૫માં યુએઈ સામેની મેચમાં ૧૪ સિક્સર ફટકારી હતી. વૈભવની ૫૫ બોલમાં સદી અગાઉ ઓસ્ટ્રેલિયાના વિલ મેલેજુકે જાપાન સામેની મેચમાં ૫૧ બોલમાં સદી ફટકારી હતી. આમ સૌથી ઝડપી સદીમાં વૈભવ બીજા ક્રમે આવી ગયો છે. વૈભવે તેના પહેલા ૫૦ રન ૩૨ બોલમાં અને બીજા ૫૦ રન ૨૩ બોલમાં પૂરા કર્યા હતા. તેણે આયુષ મ્હાત્રે સાથે મળીને બીજી વિકેટ માટે માત્ર ૧૯ ઓવરમાં ૧૪૨ રનની ભાગીદારી નોંધાવી હતી.

### ફાઈનલમાં ઈંગ્લેન્ડ સામે ભારતનો ૧૦૦ રનથી વિજય: વૈભવ સૂર્યવંશીના વિક્રમી ૧૭૫ રન: ફાઈનલમાં ભારતનો ૪૧૧ રનનો જંગી સ્કોર, અંડર-૧૯ વર્લ્ડ કપના ઈતિહાસમાં છઠ્ઠી વાર ટાઈટલ જીત્યું



# ઉતાવળીયું નહિ પરંતુ ભયમુક્ત “ભારત” ફરીથી વિશ્વ વિજેતા બનવા સજ્જ

## આજથી આઈસીસી ટી૨૦ ક્રિકેટ વર્લ્ડ કપનો પ્રારંભ: ભારત અને અમેરિકા વચ્ચે રમાનારી મેચ પહેલાં યોજાનારા કાર્યક્રમમાં સંગીત અને નૃત્યનો અદભૂત સંગમ જોવા મળશે



**અબતક, રાજકોટ**

આઈસીસીની બે મેગા ક્રિકેટ ઈવેન્ટમાં ભારત ચેમ્પિયન બનવા માટે દાવેદાર હતું જેમાં ભારતની અંડર-૧૯ ક્રિકેટ ટીમે વૈભવ સૂર્યવંશીની ૧૫ ચોગ્ગા અને ૧૫ સિક્સર સાથેની વિસ્ફોટક ઈનિંગના ધમાકેદાર પ્રદર્શન સાથે શુક્રવારે આઈસીસી અંડર-૧૯ વન-ડે ક્રિકેટ વર્લ્ડ કપ જીતી લીધો હતો. હવે ભારતની સિનિયર ટીમ પાસેથી આવી જ અપેક્ષા રખાય છે કેમ કે શનિવારથી ભારત અને શ્રીલંકાની યજમાની હેઠળ આઈસીસી ટી૨૦ ક્રિકેટ વર્લ્ડ કપનો પ્રારંભ થઈ રહ્યો છે જેમાં સૂર્યકુમાર યાદવની ટીમને ટાઈટલ માટે ફેવરિટ માનવામાં આવે છે.

આજથી આઈસીસી ટી૨૦ ક્રિકેટ વર્લ્ડ કપનો પ્રારંભ થઈ રહ્યો છે જેમાં ૨૦ ટીમ ભાગ લેશે. ભારત શનિવારે મુંબઈના વાનખેડે સ્ટેડિયમ ખાતે રમાનારી મેચમાં યુએસએ સામે રમીને તેના અભિયાનનો પ્રારંભ કરશે. વર્લ્ડ કપની કેટલીક મેચો શ્રીલંકામાં પણ રમાનારી છે અને ખાસ કરીને પાકિસ્તાની ટીમ તેની તમામ મેચ કોલંબોમાં રમશે જેમાં ૧૫મી ફેબ્રુઆરીની ભારત અને પાકિસ્તાન વચ્ચેની મેચનો પણ સમાવેશ થાય છે પરંતુ આ મેચમાં ભારત સામે રમવાનો પાકિસ્તાન અત્યાર સુધી ઈનકાર કરતું આવ્યું છે પરંતુ તેણે સત્તાવાર રીતે જાહેરાત કરી નથી. વર્લ્ડ કપ અગાઉ તેમાં રાજકીય રંગ પણ ઉમેરાયો છે.

(અનું.આઠમાં પાને)

## રાણા આઉટ, સિરાઝ ઈન





ટીમ ઈન્ડિયાના મુખ્ય ઝડપી બોલર હર્ષિત રાણા ઘૂંટણની ઈજાના કારણે સમગ્ર ટુર્નામેન્ટમાંથી બહાર થઈ ગયા છે. બીસીસીઆઈ દ્વારા સોશિયલ મીડિયા પર સત્તાવાર માહિતી આપવામાં આવી છે કે, ગત ૪ ફેબ્રુઆરીએ નવી મુંબઈમાં દક્ષિણ આફ્રિકા સામે રમાયેલી વોર્મ-અપ મેચ દરમિયાન હર્ષિતને ગંભીર ઈજા થઈ હતી. મેડિકલ ટીમના સ્કેન અને નિષ્ણાતોની સલાહ બાદ તેને અનફિટ જાહેર કરવામાં આવ્યો છે. હર્ષિત રાણાની વિદાય ભારતીય ટીમ માટે મોટો ઝટકો મનાય છે કારણ કે તે છેલ્લા એક વર્ષથી શાનદાર ફોર્મમાં હતો.ઈજાગ્રસ્ત હર્ષિતના સ્થાને સિરાજનો અનુભવ ટીમ માટે કેટલો ફાયદાકારક સાબિત થાય છે તે જોવું રહ્યું.

### ભારત-અમેરિકાના વચ્ચે સાંજે ૭ વાગ્યાથી મેચનો પ્રારંભ

ડિફેન્ડિંગ ચેમ્પિયન ભારત આજે મુંબઈના વાનખેડે સ્ટેડિયમ ખાતે યુએસએ સામે પોતાનો પહેલો મુકાબલો રમશે. સૂર્યકુમાર યાદવની કેપ્ટનશીપ હેઠળની ટીમ ઈન્ડિયા સતત બીજી વખત ટુર્નામેન્ટ જીતવાની મજબૂત દાવેદાર છે. ભારતે ૨૦૨૪માં રોહિત શર્માની કેપ્ટનશીપમાં ટાઈટલ જીત્યું હતું. આ વખતે, ટીમ ઈન્ડિયા પાસે જોરદાર જીત સાથે ટુર્નામેન્ટની શરૂઆત કરવાની તક છે. ભારત અને યુએસએ વચ્ચે અત્યાર સુધી ફક્ત એક જ ટી૨૦ આંતરરાષ્ટ્રીય મેચ રમાઈ છે, જે ૨૦૨૪ ટી૨૦ વર્લ્ડ કપ દરમિયાન ન્યૂયોર્કમાં રમાઈ હતી. ભારતે તે મેચ સરળતાથી જીતી લીધી હતી. પહેલા બેટિંગ કરતા, યુએસએ ટીમે ૨૦ ઓવરમાં ફક્ત ૧૧૦ રન બનાવ્યા હતા. ભારતે ૧૮.૨ ઓવરમાં ૩ વિકેટ ગુમાવીને લક્ષ્ય હાંસલ કરી લીધું હતું. હવે, તેમના બીજા મુકાબલામાં, ભારતનો હાથ ઉપર હોય તેવું લાગે છે.

### અમેરિકાની ટીમમાં ભારત-પાકિસ્તાન વચ્ચેના રાજકીય મુદ્દાઓ કે તણાવની ક્યારેય ચર્ચા થતી નથી: સૌરભ નેત્રાવલકર

યુએસએના ફાસ્ટ બોલર સૌરભ નેત્રાવલકરએ એક મહત્વનું નિવેદન આપ્યું છે કે તેમની ટીમમાં ભારત-પાકિસ્તાન વચ્ચેના રાજકીય મુદ્દાઓ કે તણાવની ક્યારેય ચર્ચા થતી નથી. આ વાત તેઓએ ટી૨૦ વર્લ્ડ કપ ૨૦૨૬ની પૂર્વ સંભાષણમાં કહી છે, જ્યારે તેઓ ભારત સામેની મેચ પહેલાં મીડિયા સાથે વાત કરી રહ્યા હતા.સૌરભ નેત્રાવલકર, જેઓ મુંબઈમાં જન્મ્યા અને ઉછર્યા છે અને અગાઉ મુંબઈની રંજી ટ્રોફી ટીમમાં રમ્યા છે, તેમણે કહ્યું કે યુએસએ ટીમમાં વિવિધ દેશોના ખેલાડીઓ છે - જેમાં ભારતીય અને પાકિસ્તાની મૂળના ખેલાડીઓ પણ સામેલ છે. પરંતુ ટીમના ડ્રેસિંગ રૂમમાં ભારત-પાકિસ્તાન વચ્ચેના રાજકીય તણાવ કે વિવાદો પર ક્યારેય ચર્ચા થતી નથી.

# અભિષેક “સિક્સ” હીટર સ્પેશ્યાલીસ્ટથી ઘણો આગળ!



### અભિષેક ભારતીય ટીમ માટે એક્સ ફેક્ટર સાબિત થશે

અભિષેક શર્મા ટી૨૦ વિશ્વના સૌથી ખતરનાક ઓપનર્સમાંના એક બની ગયા છે, ખાસ કરીને તેમની સિક્સ હિટિંગ અને હાઈ સ્ટ્રાઈક રેટને કારણે. તેઓ ટી૨૦ વર્લ્ડ કપ ૨૦૨૬માં ભારતના મુખ્ય ખેલાડી છે.

## અભિષેકની પાવરપ્લેમાં રમવાની શૈલી વિરોધી ટીમને બેકફુટમાં ધકેલી દે છે, ઓપનિંગ બેટ્સમેનની રમતશૈલીએ વિશ્વ ક્રિકેટમાં ભારતને અલગ સ્તરે પહોંચાડ્યું છે!

**અબતક, રાજકોટ**

ભારતીય ક્રિકેટ ટીમે ટી૨૦ વર્લ્ડ કપ ખિતાબ જીતવા આજથી ફરી મેદાને ઉતરશે અને આ ટીમના આંકડા ખરેખર અદ્ભુત છે! ઓક્ટોબર ૨૦૨૩થી આજ સુધી ભારતીય ટીમે ૪૮ મેચમાંથી ૪૮ જીત મેળવી છે અને માત્ર ૮ હારનો સામનો કર્યો છે. આ સમયગાળામાં ટીમે સૌથી વધુ ૨૦૦થી વધુ રનના સ્કોર બનાવ્યા છે અને દર ૧૦.૯૯ બોલમાં એક સિક્સ મારવાની અદ્ભુત ક્ષમતા દેખાડી છે. આંકડા સ્પષ્ટ કહે છે કે આક્રમકતા હવે ભારતીય ટી૨૦ ટીમની ડિફોલ્ટ રમતશૈલી બની ગઈ છે.આ બધાનું મુખ્ય કારણ છે યુવા ઓપનર અભિષેક શર્મા. તેમની સ્ટ્રાઈક રેટ ૧૯૪.૭૪ છે, જેણે પાવરપ્લે ને સંપૂર્ણ રીતે બદલી નાખ્યો છે. અભિષેકની રમતની ખાસિયત એ છે કે તેઓ પાવરપ્લેના અંત સુધીમાં જ વિરોધી ટીમને પાછળ છોડી દે છે. ઘણી વખત સાતમી ઓવર સુધીમાં જ મોટો અંતર બનાવી લે છે. તેમની સિક્સરોની અપીલ તો ખૂબ જ ધમાકેદાર છે, પરંતુ તેમનું યોગદાન માત્ર સિક્સ મારવા સુધી મર્યાદિત નથી તેમની આક્રમક શરૂઆત, ઝડપી સ્કોરિંગ અને ટીમને આગળ ધકેલવાની ક્ષમતા એટલી જ મહત્વની છે.

ભારતીય ટીમની આ બધી સફળતાને અતિરેક તરીકે વર્ણવવામાં આવી છે. એટલે કે રન, સિક્સ અને જીતમાં અતિરેક જોવા મળે છે. ટીમની આ નવી રમતશૈલીએ વિશ્વ ક્રિકેટમાં ભારતને બિલકુલ અલગ સ્તરે પહોંચાડ્યું છે.આજના સમયમાં જ્યારે ટી૨૦ વર્લ્ડ કપ ચાલી રહ્યો છે, ત્યારે અભિષેક શર્મા જેવા યુવા ખેલાડીઓ ભારતીય ક્રિકેટનું ભવિષ્ય ઉજ્જવળ બનાવી રહ્યા છે. તેમની સિક્સની અપીલ તો ચોક્કસ જ દેખાય છે, પરંતુ તેનાથી આગળની તેમની સમજદારી અને આક્રમક માનસિકતા એટલી જ મોટી છે!

## ટી-૨૦ વર્લ્ડકપ ૨૦૨૬

# નેધરલેન્ડ્સ સામે પાકિસ્તાન માંડ-માંડ જીત્યું: ફહીમ અશરફની ૨૯ રનની મેચ વિનિંગ ઈનિંગ

## પાકિસ્તાન ૩ વિકેટે જીત્યું: ૧૪૮ રનનો ટાર્ગેટ છેલ્લી ઓવરમાં ચેઝ કર્યો



**અબતક, રાજકોટ**

ટી૨૦ વર્લ્ડ કપનો પ્રારંભ થઈ ચૂક્યો છે. પ્રથમ મેચમાં પાકિસ્તાને નેધરલેન્ડ્સને ત્રણ વિકેટથી હરાવી દીધું છે. પાકિસ્તાની ટીમ પ્રથમ મેચમાં જ અપસેટનો શિકાર થતા બચી ગઈ. કોલંબોમાં રમાયેલી આ મેચમાં ૧૪૮ રનનને ચેઝ કરતા પાકિસ્તાનની ટીમ ૧૮ ઓવરમાં સાત વિકેટે ૧૧૯ રન બનાવીને સંઘર્ષ કરી રહી હતી. જોકે, ૧૯મી ઓવરે આખી મેચ બદલી નાખી. આ પછી ટીમે ૧૪૮ રનના ટાર્ગેટને ૧૯.૩ ઓવરમાં ચેઝ કર્યો.

ઉલ્લેખનીય છે કે, પાકિસ્તાને કોલંબોના સિંહલી સ્પોર્ટ્સ ગ્રાઉન્ડમાં ટોસ જીતીને પ્રથમ બોલિંગ કરવાનો નિર્ણય લીધો હતો.

નેધરલેન્ડ્સે મેચમાં ૧૪૭ રન બનાવ્યા હતા, પરંતુ પાકિસ્તાન આ લક્ષ્ય પ્રાપ્ત કરવા માટે સંઘર્ષ કરી રહ્યું હતું. ૧૮મી ઓવર સુધીમાં, પાકિસ્તાન હારની અણી પર હતું, પરંતુ ફહીમ અશરફે ૧૯મી ઓવરમાં ત્રણ છગ્ગા અને એક ચોગ્ગા સાથે ટીમને રમતમાં વાપસી કરાવી.

પાકિસ્તાને નેધરલેન્ડ્સને મજબૂત શરૂઆતથી રોકી રાખ્યું, જે આખરે નિર્ણાયક સાબિત થયું.

પ્રથમ બેટિંગ કરતા, નેધરલેન્ડ્સના ઓપનર માઈકલ લેવિટે શાહીન આફ્રિદીના બોલ પર બાઉન્ડ્રી ફટકારીને મજબૂત શરૂઆત આપી. જોકે, પાકિસ્તાને સમયાંતરે વિકેટો ગુમાવી, જેના કારણે નેધરલેન્ડ્સની ગતિ ધીમી પડી.

૧૬મી ઓવરના છેલ્લા બોલ અને ૧૭મી ઓવર વચ્ચે નેધરલેન્ડ્સને મોટો ઝટકો લાગ્યો. તેમણે કેપ્ટન સ્કોટ એડવર્ડ્સ સહિત ત્રણ વિકેટ ગુમાવી દીધી, જ્યારે તેઓ ફક્ત સાત રન બનાવી શક્યા. આમાંથી બે વિકેટ સૈમ અયુબે એક જ ઓવરમાં લીધી. તે સમયે નેધરલેન્ડ્સનો સ્કોર ૧૨૭ હતો, પરંતુ પછી ૨૦મી ઓવરમાં તે ફક્ત ૧૪૭રનમાં જ તૂટી ગયો. પાકિસ્તાની ફાસ્ટ બોલર સલમાન મિર્ઝાએ સૌથી વધુ ત્રણ વિકેટ લીધી, જ્યારે અયુબ, મોહમ્મદ નવાઝ અને અબરાર અહેમદે બે-બે વિકેટ લીધી.

શહેર પોલીસ માટે કોયડા સમાન હત્યા કેસમાં

# ૩ વર્ષની બાળકી પર દુષ્કર્મ આચરી, મોતને ઘાટ ઉતારવાના કેસમાં ફાંસીનો હુકમ હાઈકોર્ટ દ્વારા રદ

## કોર્ટના મૃત્યુ દંડના ચુકાદા સામે અપીલમાં રમેશ વેદુકિયા નિર્દોષ: ''ભાવનાઓ નહિ, પુરાવા બોલે'' ડિવિઝન બેંચ

**અબતક, રાજકોટ**

શહેરના ચુનારાવાડ વિસ્તારમાંથી ત્રણ વર્ષની બાળકીનું અપહરણ કર્યા બાદ, તેના પર દુષ્કર્મ આચરી મોતને ઘાટ ઉતારી દીધાની ચકચારી ઘટનામા અદાલતે વર્ષ ૨૦૨૦ માં નરાધમને ફાંસીની સજાનો હુકમ કર્યો હતો. બાદ આરોપીએ હાઈકોર્ટમાં પડકારતા ડિવિઝન બેન્ચ ફાંસીનો હુકમ રદ કરી આરોપીને નિર્દોષ છોડી મૂકવાનો હુકમ કર્યો છે. શહેરના ચુનારાવાડ ચોક નજીક દિનેશ ભાંભોર નામનો શ્રમિક પોતાની પત્ની સાથે તારીખ ૯/ ૨//૧૮ ને શુક્રવારે બપોરે મજૂરી કરી રહ્યા હતા ત્યારે તેની ત્રણ વર્ષની પુત્ર દિવ્યા રમતી હતી. ત્યારે અજાણ્યો શખ્સ તેનું અપહરણ કરી ગયો હોવાની તેમને શંકાને આધારે થોરાળા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાય હતી.પીટીસી ગ્રાઉન્ડમાંથી બાળકીની હત્યા કરાયેલી લાશ મળી આવી હતી. બાળકની લાશ જોતા તેની સાથે દુષ્કર્મ આચરવામાં આવ્યું હોય તેવી શંકા ઉપજી રહી છે. ઘટના સ્થળએ મળી આવેલો સેટ આધારે પોલીસે સીસીટીવી ફુટેજ તપાસતા શંકાસ્પદ શખ્સ સીસીટીવી કેમેરામાં કેદ થયો છે. પોલીસે આ શખ્સ કોણ છે તે દીશામાં તપાસ શરૂ કરી છે. રમેશ વેદુકિયાએ સોખડા ગામ પાસે ૭ ફેબ્રુઆરીએ એક ૭૫ વર્ષીય વૃધ્ધાની હત્યા કરી હતી. આ ગુનામાં તે પોલીસ કસ્ટડીમાં હતો. બળાત્કારના કેસમાં દૂરના અંતરનું

## શર્ટ અને સીસીટીવી ફુટેજમા શંકાસ્પદ શખ્સ વૃધ્ધાની હત્યામા પોલીસ કસ્ટડીમાં હોવાની ક્રાઈમ બ્રાંચના સ્ટાફે ચાલવાની ઢબ પરથી પુષ્ટિ કરી તી

એક સીસીટીવી ફૂટેજ પોલીસનો એકમાત્ર પુરાવો હતો. ઘૃણાસ્પદ ગુનામાં વેદુકિયાની સંડોવણી છે.આકરી પૂછપરછ કરતાં રમેશ વેદુકિયાએ બળાત્કાર અને હત્યાની કબૂલાત કરી હતી.થોરાળા પોલીસે તેની ધરપકડ કરી હતી. રેપ વિથ મર્ડર ની કલમ હેઠળ ગુનો નોંધી તપાસ પૂર્ણ થતા તપાસની દ્વારા અદાલતમાં ચાર સીટ રજૂ કરવામાં આવ્યો હતો બાદ સ્પેશિયલ પોક્સો કોર્ટ રમેશ વેદુકિયાને ફાંસીની સજા સંભળાવી છે.

આરોપીએ વકીલ ઉર્વશી મહેતા, અશ્વિની કે. મહેતા, દ્વારા મૃત્યુ દંડના ચુકાદા સામે હાઈકોર્ટમાં અપીલ દાખલ કરેલ, જે અપીલની સુનવણી થતાં આરોપીના વકીલોની દલીલો અને રજુ રાખેલ વડી અદાલતના ચૂકાદાઓ અને ફરિયાદપક્ષે રહેલા અધિકારીઓએ ડીએનએ સહિતના વૈજ્ઞાનિક પુરાવા સંદર્ભે એકસપર્ટસને કોર્ટમાં તપાસવામાં આવ્યા નથી હકીકતો હાઈકોર્ટ સમક્ષ લાવવામાં આવેલ અને ફાંસીની સજા થઈ શકે તેવા કોઈ પુરાવાઓ રેકર્ડ ઉપર નહિ હોવા અંગેની દલીલો કરેલ, જે દલીલો ગ્રાહ્ય રાખી આરોપીની ફાંસીની સજા રદ કરી આરોપીને નિર્દોષ છોડી મૂકતો ચુકાદો જસ્ટિસ ઈલેશ વોરા તથા જસ્ટિસ આર. ટી. વાછાણીની કોર્ટે ફરમાવ્યો છે. આરોપી સામે અન્ય કેસ પેન્ડિંગ ન હોય તો તાત્કાલિક છોડી મૂકવા જણાવ્યું છે.

# મુંદ્રા કસ્ટોડીયલ ડેથ પ્રકરણમાં ત્રણ આરોપીની સી.સી.ટી.વી. ફુટેજની માંગણી અદાલતે નકારી

## બે યુવકોના મોતના મામલે તત્કાલિન પોલીસ ઈન્સ્પેકટર સહિત પાંચ પોલીસ કર્મી અને સમાઘોઘાના પૂર્વ સરપંચ સહિત દસ આરોપીની કરી હતી ધરપકડ

**અબતક, રાજકોટ**

રાજયભરમાં ચકચાર મચાવનાર કચ્છ જિલ્લાના મુંદરાના પોલીસ મથકના જાન્યુઆરી ૨૦૨૧ના કસ્ટોડિયલ ડેથ કેસના દસ પૈકી ત્રણ આરોપીઓ દ્વારા સી.સી.ટી.વી. ફુટેજ મેળવવાની માગણી બાબતે હાઈકોર્ટ સમક્ષ કરાયેલી પીટીશનના નિકાલ સુધી કેસ ન ચલાવવા મુકેલી માગણીની અરજી સેશન્સ અદાલતે કારણો સાથે બીજી વાર નામંજૂર કરતો આદેશ આપ્યો હતો અને ત્રણ આરોપીઓ આ મુદ્દાને આગળ ધરીને વારંવાર કેસની સુનાવણી આગળ વધતી રોકવાનો ઈરાદો ધરાવતા હોવાનું અદાલતે નોંધ્યું હતું પ્રાપ્ત વિગતો મુજબ,ગત જાન્યુઆરી ૨૦૨૧માં ઘરફોડ ચોરીના કથિત ગુનામાં મુંદરા પોલીસે ત્રણ ગઢવી યુવકોને ઉઠાવી, પોલીસ મથકમાં ગોંધી રાખીને અમાનુષી અત્યાચાર ગુજારતાં બે યુવકોના મોત થયાં હતાં, એકને ગંભીર ઈજાઓ પહોંચી હતી.

આ ચકચારી મામલે તત્કાલિન પોલીસ ઈન્સ્પેકટર પઢિયાર સહિત પાંચ પોલીસ કર્મી, ગ્રામ રક્ષક દળના બે જવાનો અને સમાઘોઘાના પૂર્વ સરપંચ સહિત દસ આરોપીઓની ધરપકડ કરવામાં આવી હતી. આ કેસના મુખ્ય આરોપીઓ પૈકીના પોલીસ કર્મી. શકિતસિંહ યોગેન્દ્રસિંહ ગોહિલ, અશોક લીલાધર કનાદ અને જયદેવસિંહ અજિતસિંહ ઝાલા દ્વારા ભુજ ચીફ કોર્ટ, હાઈકોર્ટ અને સુપ્રીમ કોર્ટે સમક્ષ તા. ૨૦-૧-૨૦૨૧ના મુંદરા પોલીસ મથકના સી.સી.ટી.વી. ફુટેજ આપવાની માગણીની અરજીઓ નામંજૂર કરાયા પછી તેમણે ફરી હાઈકોર્ટ સમક્ષ આ બાબતે પીટીશન દાખલ કરી હતી અને તેનો નિકાલ ન આવે ત્યાં સુધી કેસ ન ચલાવવા સેશન્સ કોર્ટ સમક્ષ દાખલ કરેલી અરજીને બીજી વખત નામંજૂર કરવામાં આવી હતી. જિલ્લા અદાલતે નોંધ્યું હતું કે, ત્રણેય આરોપીઓ પૂર્ણતા તરફ આગળ ધપી રહેલા આ કેસને લંબાવવાના બદઈરાદા સાથે આ પ્રકારની અરજીઓ કરી રહ્યા છે, આ સુનાવણીમાં ખુદ આરોપીઓ પૈકીના સમાઘોઘા ગામના માજી સરપંચ જયવીરસિંહ વિક્રમસિંહ જાડેજાએ પણ આ ત્રણેયની અરજી સામે લેખિતમાં વાંધા લીધા હતા. સીસીટીવી ફૂટેજની માગણી સહિતના અવનવા કારણોસર થતી રહેલી અરજીઓ અન્વયે છેલ્લા છ મહિનાથી આ ચર્ચાસ્પદ કિસ્સાની સુનાવણી આગળ વધતી રોકાઈ


સ્પે. પીપી અનિલભાઈ દેસાઈ

ગઈ હતી, ગુજરાત હાઈકોર્ટે ફરી એક વાર વિગતવારના કારણોસર આ માગણીને નકારી કાઢતાં કેસની સુનાવણીની કામગીરી હવે ઝડપી બને તેવા સ્પષ્ટ એંધાણ જોવા મળી રહ્યા છે. આ કેસમાં સરકાર પક્ષે સ્પેશિયલ પીપી સૌરાષ્ટ્રના ખ્યાતનામ ધારાશાસ્ત્રી અનિલભાઈ દેસાઈ રોકાયા છે

# રામાપીર ચોકડી નજીકથી દારૂ ભરેલી પોલો કાર ઝડપાઈ: રૂ.૨.૪૮ લાખનો મુદ્દામાલ કબ્જે

## દારૂની હેરાફેરી કરતો શાસ્ત્રીનગરનો કિંજલ સોલંકી પકડાયો: પીસીબીની કાર્યવાહી

**અબતક, રાજકોટ**

પીસીબીની ટીમે રામાપીર ચોકડી નજીકથી દારૂ ભરેલી પોલો કાર ઝડપી પાડી શરાબની ૧૧૦ બોટલ મળી કુલ રૂપિયા ૨.૪૮ લાખનો મુદ્દામાલ કબજે કરી દારૂની હેરાફેરી કરતો શાસ્ત્રીનગરના શખ્સની ધરપકડ કરી હતી.

દારૂના દરોડાની પ્રાપ્ત વિગત અનુસાર પીસીબી શાખાના એએસઆઈ મહિપાલસિંહ, ઘનશ્યામસિંહ અને હેડ કોન્સ્ટેબલ હરદેવસિંહ રાણા પેટ્રોલિંગમાં હતા. દરમિયાન રામાપીર ચોકડી પાસે પહોંચતા એએસઆઈ મહિપાલસિંહ અને ઘનશ્યામસિંહને ખાનગી રહે હકીકત મળી હતી કે, શાસ્ત્રીનગર શેરી નં.-૧૯ ના ખૂણે રામાપીર ચોકડી પાસે સફેદ કલરની પોલો કાર જેના નંબર જીજે-૦૧-આરએન-૯૨૫૪ પડેલ છે અને તેમાં દારૂનો જથ્થો સંગ્રહિત કરવામાં આવેલ છે.જેથી પીસીબીની ટીમે તાત્કાલિક શાસ્ત્રી નગર શેરી નં.-૧૯ ના ખૂણે પહોંચી જીજે-૦૧-આરએન-૯૨૫૪ નંબરની સફેદ કલરની પોલો કારમાંથી રૂ. ૪૮,૬૦૦ ની કિંમતની શરાબની ૧૧૦ બોટલ ઝડપી લઈ દારૂની હેરાફેરી કરતો કિંજલ ભરતભાઈ સોલંકી (ઉવ ૩૪ રહે. શાસ્ત્રીનગર શેરી નં.-૧૯ નો ખૂણો, રામાપીર ચોકડી, ૧૫૦ ફૂટ રીંગ રોડ, રાજકોટ) ધરપકડ કરી હતી. પીસીબીની ટીમે અહીંથી દારૂ અને કાર મળી કુલ રૂ. ૨,૪૮,૬૦૦ નો મુદ્દામાલ કબજે કર્યો હતો.

# આંબેડકરનગરમાંથી દારૂ ભરેલી સ્વીફ્ટ કાર ઝડપાઈ: ચાલક ફરાર

**અબતક, રાજકોટ**

માલવિયાનગર પોલીસની ટીમે ફિલ્મી ઢબે પીછો કરી આંબેડકરનગરમાંથી દારૂ ભરેલી સ્વીફ્ટ કાર ઝડપી પાડી હતી. જોકે ચાલક તકનો લાભ ઉઠાવી નાસી ગયો હતો. પોલીસે દારૂ, કાર મળી કુલ રૂ. ૫.૧૩ લાખનો મુદ્દામાલ કબજે કરી ચાલકની શોધખોળ શરૂ કરી હતી.

દારૂના દરોડાની પ્રાપ્ત વિગત અનુસાર માલવીયાનગર પોલીસ મથકના કોન્સ્ટેબલ ભાવેશભાઈ ગઢવી અને જયદીપસિંહ ભટ્ટી નાઈટ પેટ્રોલિંગમાં હતા. દરમિયાન રાત્રિના બે વાગ્યે ખાનગી રાહે બાતમી મળી હતી કે, આંબેડકરનગર બાબા ડિલકસ પાસે એક દારૂ ભરેલી સ્વીફ્ટ

**માલવિયાનગર પોલિસે કાર રોકવાનો ઈશારો કરતા ચાલકે પૂરપાટ હંકારી મૂકી : પીછો કરી શરાબ સહીત રૂ.૫.૧૩ લાખનો મુદ્દામાલ કબ્જે કરાયો**

ગાડી આવી રહી છે. જે બાતમીના આધારે પોલીસની ટીમે આંબેડકરનગર બાબા ડીલક્ષ પાસે રાત્રિના અઢી વાગે વોચ ગોઠવી હતી. દરમિયાન સ્વીફટ કાર આવતી દેખાતા પોલીસે તેને ઉભી રાખવાનો ઈશારો કરતા કાર ચાલકે પૂરપાટ ઝડપે કાર હંકારી મૂકી હતી. જેથી પોલીસે તેનો પીછો કર્યો હતો. દરમિયાન આંબેડકરનગરમાં રવિ પ્રોવિઝન સ્ટોરથી થોડે આગળ જતા રસ્તા પર લગ્નનો મંડપ હોય જેથી ચાલકે કાર ઊભી રાખી અંદરથી તે નાસી છૂટ્યો હતો.

બાદ પોલીસે અહીં પહોંચી જીજે-૦૩-પીજે-૯૭૧૪ નંબરની કારમાંથી રૂ. ૧૩,૯૨૦ ની કિંમતની ૯૬ બોટલ દારૂની ઝડપી લઈ કાર સહીત રૂ. ૫,૧૩,૯૨૦ નો મુદ્દામાલ કબ્જે કરી નાસી ગયેલા સ્વીફ્ટ કારના ચાલકની શોધખોળ શરૂ કરી હતી.

ગોદરેજ ગાર્ડન સિટીના પ્રોજેકટમાં રોકાણના નાણાં પરત કરવાના

# પાંચ ચેક રિટર્ન કેસમાં અમદાવાદી આરોપીને ૧-૧ વર્ષની જેલ

## પાંચેય કેસમાં ૫-૫ લાખના દંડમાંથી ૫ લાખ ફરીયાદીને અને ૫૦-૫૦ હજાર સરકારમાં જમા કરાવવા અને તેમાં કસુર ઠરે તો વધુ ત્રણ-ત્રણ માસની સજાનો હુકમ

**અબતક, રાજકોટ**

અમદાવાદના ગોદરેજ ગાર્ડન સિટીમાં સુએજ પ્લાન્ટનું તેમજ વોટર ટ્રીટમેન્ટનું મળેલ કામમાં નફાની લાલચ આપી મેળવેલા કુલ રૂા. ૬૧ લાખ પૈકી રૂા. પાંચ લાખ રોકડા પરત કર્યા બાદ રૂા. ૨૫ લાખ પરત કરવા આપેલા આ રૂા.૫-૫ લાખના પાંચ ચેક રિટર્ન થવાના પાંચેય કેસમાં અદાલતે અમદાવાદમાં શિવમના નામે જુદા જુદા પ્રોજેકટો ધરાવતા ગૌરવ હરગોવિંદભાઈ દવેને પાંચેય કેસમાં તકસીરવાર ઠેરવી દરેક કેસમાં એક-એક વર્ષની સજા અને દરેક કેસમાં રૂા.૫.૫૦ લાખનો દંડ ફટકાર્યો છે.

આ કેસની હકીકત મુજબ, રાજકોટમાં આત્મીય કોલેજ સામે શ્રીરામ પાર્ક મેઈન રોડ પર રહેતા વરૂણ લવજીભાઈ લાખાણીએ અમદાવાદમાં જીવરાજ મહેતા રોડ, વાસણામાં પાર્શ્વ પદમાવતી એપાર્ટમેન્ટમાં રહેતા અને વાસણા બસ સ્ટેન્ડ બાજુમાં શિવમ ટ્રેડ પાર્ક પ્રા.લી. સહિતને પારિવારિક ગ્રુપ કંપનીના ગૌતમ હરગોવિંદભાઈ દવેએ અમદાવાદમાં ગોદરેજ ગાર્ડન સિટીમાં સુએજ પ્લાન્ટનું તથા નેશનલ ટેક્ષટાઈલ કોર્પોરેશનનું વોટર ટ્રીટમેન્ટને લગત કામમાં રોકાણ કરવાથી સારા નફા માટે લલચાવી રૂા.૩૧ લાખ અને ૩૦ લાખ વરૂણ લાખાણી પાસેથી મેળવી લીધા બાદ ગૌતમ દવેએ રૂા.૫ લાખ પરત ચુકવ્યા હતા. ત્યાર પછી ગૌતમ દવે રૂા.૫ લાખનો એક એવા પાંચ ચેકો વરુણ લાખાણીની તરફેણમાં આપ્યા હતા. જે ચેકો લખનારના ખાતામાં અપુરતા નાણાના કારણોસર રિટર્ન થયા હતા. આથી વરૂણ લાખાણીએ લીગલ નોટિસ બાદ ગૌતમ દવે સામે અદાલતમાં રજૂ પાંચ ફોજદારી કેસો દાખલ કર્યા હતા. પાંચેય કેસો ચાલવા ઉપર આવતા ફરીયાદીના એડવોકેટ સુરેશ ફળદુ દ્વારા ફરીયાદ પક્ષે જયારે પોતાનો કેસ શંકાથી પર પુરવાર કરેલ હોય, ચેકો આપ્યાનો કે ચેકોમાં સહીનો ઈન્કાર ન હોય ત્યારે ફરીયાદી ચેકોના યથાનુક્રમે ધારણકર્તા છે તેમ માની ધારણકર્તાની તરફેણમાં અનુમાન કરવું જોઈએ તે મતલબની રજૂઆતો અને દલીલો ત્યાંને લઈને અદાલતે ફરીયાદીના કેસો પુરવાર માની આરોપી ગૌરવ હરગોવીંદભાઈ દવેને પાંચેય કેસોમાં એક-એક વર્ષની સજા અને દરેક કેસમાં રૂા.૫.૫૦ લાખનો દંડ ફટકારી દંડની રકમમાંથી દરેક કેસમાં રૂા. ૫ લાખ ફરીયાદીને ચુકવવા અને દરેક કેસમાંથી રૂા.૫૦ હજાર સરકારમાં જમા કરાવવા અને તેમાં કસુર કર્યે દરેક કેસમાં વધુ ત્રણ-ત્રણ માસની સજા ફરમાવતો સમાચીન્હરૂપ ચુકાદો ફરમાવવામાં આવ્યો છે. આ


એડવોકેટ સુરેશ ફળદુ

કેસમાં ફરીયાદી વતી એડવોકેટ સુરેશ ફળદુ, ભુવનેશ શાહી, કૃણાલ શાહી, ચેતન ચોવટીયા, જસ્મીન દુધાગરા, જય પીઠવા, યુવરાજ વેકરીયા, ભાવીન ખુંટ, સાહીલ કંટારીયા તથા મદદમાં નીરવ દોંગા, આર્યન કોરાટ, જયમલ મકવાણા, રાહીલ ફળદુ રોકાયા હતા.

# રાજકોટ માર્કેટ યાર્ડ

## શાકભાજીના ભાવ

| * ભાવ ૨૦ | આવક કવી. | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| લીંબુ | ૮૪૧ | ૨૭૬ | ૫૩૭ |
| પપૈયા | ૩૦ | ૮૫ | ૧૪૫ |
| બટેટા | ૪૪૦૦ | ૮૬ | ૧૭૯ |
| ડુંગળી સુકી | ૧૮૯૧ | ૬૬ | ૨૯૫ |
| ટમેટા | ૧૦૨૨ | ૧૨૧ | ૨૫૪ |
| સુરણ | ૯ | ૬૧૧ | ૮૦૨ |
| કોથમરી | ૩૯૨ | ૧૫૨ | ૨૦૯ |
| સકરીયા | ૪૯ | ૩૨૬ | ૫૪૧ |
| મુળા | ૫૬ | ૩૧૮ | ૫૧૧ |
| રીંગણા | ૪૬૯ | ૩૨૭ | ૬૩૮ |
| કોબીજ | ૪૭૦ | ૬૪ | ૧૧૭ |
| ફલાવર | ૪૦૯ | ૧૭૯ | ૨૮૧ |
| ભીંડો | ૨૧૩ | ૬૩૩ | ૯૮૨ |
| ગુવાર | ૨૨૦ | ૮૮૨ | ૧૧૨૩ |
| ચોળાસીંગ | ૯૭ | ૮૮૧ | ૧૩૩૬ |
| વાલોળ | ૧૧૧ | ૪૦૭ | ૫૯૬ |
| ટીંડોળા | ૪૪ | ૫૧૨ | ૧૦૨૧ |
| દુધી | ૩૪૪ | ૧૬૩ | ૩૧૨ |
| કારેલા | ૩૬૯ | ૭૧૪ | ૯૨૬ |
| સરગવો | ૬૬ | ૭૨૭ | ૧૩૧૩ |
| તુરીયા | ૪૧ | ૮૦૭ | ૧૦૭૭ |
| પરવર | ૧૬ | ૧૬૨૧ | ૧૯૭૭ |
| કાકડી | ૩૦૧ | ૨૨૩ | ૬૯૯ |
| ગાજર | ૩૪૨ | ૨૧૧ | ૩૪૬ |
| વટાણા | ૨૮૨ | ૩૧૨ | ૪૬૩ |
| તુવેરસીંગ | ૧૦૬ | ૩૩૧ | ૫૧૨ |
| ગલકા | ૨૮૩ | ૨૮૭ | ૭૬૯ |
| બીટ | ૩૧૬ | ૧૧૮ | ૨૨૬ |
| મેથી | ૩૧૮ | ૧૪૯ | ૨૧૧ |
| વાલ | ૫૪ | ૫૧૭ | ૬૬૮ |
| ડુંગળી લીલી | ૩૨૫ | ૨૬૬ | ૪૨૨ |
| આદુ | ૨૯૩ | ૧૦૨૯ | ૧૨૬૯ |
| ચણા લીલા | ૩૩૧ | ૧૧૯ | ૨૪૬ |
| મરચા લીલા | ૧૨૪૧ | ૪૨૧ | ૬૨૩ |
| હળદર લીલી | ૨૩ | ૪૫૩ | ૬૬૭ |
| લસણ લીલું | ૪૧ | ૫૩૧ | ૮૮૮ |
| મકાઈ લીલી | ૩૦૧ | ૧૬૧ | ૨૬૯ |

## અનાજના ભાવ

| * ભાવ ૨૦ | આવક કવી. | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| કપાસ બી.ટી. | ૧૧૦૦ | ૧૪૦૦ | ૧૬૦૦ |
| ઘઉં લોકવન | ૨૬૦ | ૪૯૫ | ૫૧૦ |
| ઘઉં ટુકડા | ૬૦૦ | ૫૦૦ | ૫૩૦ |
| જુવાર સફેદ | ૨૪૦ | ૯૦૦ | ૧૧૫૩ |
| બાજરી | ૩૨ | ૩૫૦ | ૩૫૮ |
| તુવેર | ૨૧૦૦ | ૧૨૦૦ | ૧૬૨૦ |
| ચણા પીળા | ૬૦૦ | ૯૯૦ | ૧૧૧૦ |
| ચણા સફેદ | ૧૦૦ | ૧૧૨૫ | ૧૯૦૦ |
| અડદ | ૨૫૦ | ૧૨૦૦ | ૧૭૩૫ |
| મગ | ૨૩૦ | ૮૮૦ | ૧૯૧૫ |
| વાલ દેશી | ૪૦ | ૯૦૦ | ૧૧૩૭ |
| ચોળી | ૪૦ | ૬૯૦ | ૧૬૧૪ |
| મઠ | ૩૮૦ | ૯૪૨ | ૧૦૪૫ |
| વટાણા | ૯૦ | ૩૩૦ | ૧૬૩૫ |
| કળથી | ૬૦ | ૩૭૫ | ૪૦૫ |
| રાજમા | ૪૦ | ૩૪૦ | ૧૫૯૫ |
| મગફળી જાડી | ૦ | ૧૩૨૫ | ૧૫૪૫ |
| મગફળી જીણી | ૦ | ૧૩૭૦ | ૧૫૫૮ |
| તલી | ૭૦૦ | ૧૪૦૫ | ૨૧૬૦ |
| એરંડા | ૨૨૦ | ૧૨૦૯ | ૧૨૫૮ |
| અજમો | ૩ | ૧૫૦૦ | ૨૭૦૦ |
| સુવા | ૧૦ | ૧૩૨૫ | ૧૬૭૧ |
| સોયાબીન | ૪૦૦ | ૯૦૦ | ૧૧૧૨ |
| સીંગફાડા | ૯૦૦ | ૧૧૫૦ | ૧૭૪૦ |
| કાળા તલ | ૮૫ | ૩૧૦૧ | ૪૯૧૫ |
| લસણ | ૫૪૦ | ૧૦૩૦ | ૧૪૫૫ |
| ધાણા | ૧૪૦ | ૧૪૫૦ | ૨૦૦૦ |
| મરચા સુકા | ૧૩૦ | ૩૦૦૦ | ૬૫૦૦ |
| ધાણી | ૬૮૦ | ૧૬૦૦ | ૨૩૦૦ |
| વરીયાળી | ૩૦ | ૯૭૪ | ૨૦૫૦ |
| જીરૂ | ૯૦૦ | ૩૯૨૦ | ૪૪૮૪ |
| રાય | ૬૪૦ | ૧૦૩૦ | ૧૪૨૦ |
| મેથી | ૮૦ | ૮૬૦ | ૧૨૫૦ |
| ઈસબગુલ | ૨૦ | ૧૪૦૧ | ૨૧૫૦ |
| રાયડો | ૪૦૦ | ૯૮૦ | ૧૨૬૦ |

# મવડીમાં ઓટો બ્રોકર પર રીક્ષાચાલકે ધોકા વડે હુમલો કરી બંને હાથ ભાંગી નાખ્યા

## બસના ચાલક સાથે વણાંક બાબતે વાતચીત કરતી વેળાએ રીક્ષાચાલકે વચ્ચે ઝંપલાવી બે મિત્રો સાથે મળી માર મારી ખૂનની ધમકી આપી: તાલુકા પોલિસમાં ગુનો નોંધાયો

**અબતક, રાજકોટ**

મવડીમાં ઓટો બ્રોકર બસના ચાલક સાથે વણાંક લેવા બાબતે ચાલક સાથે વાત કરતો હતો ત્યાં સમગ્ર મામલામાં કોઈ લેતીદેતી નહિ હોવાં છતાં રીક્ષાચાલકે વચ્ચે કૂદી બે મિત્રો સાથે મળી ઓટો બ્રોકર પર ધોકા વડે હુમલો કરી બંને હાથ ભાંગી નાખ્યા હતા. બાદમાં ખૂનની ધમકી પણ આપી હતી. જે બનાવમાં તાલુકા પોલિસે રીક્ષા ચાલક અને તેના બે મિત્રો વિરુદ્ધ ફરિયાદ નોંધી હતી.

બનાવ અંગે મવડીમાં સ્વામિનારાયણ ગુરુકુળ રોડ પર બાપા સીતારામ ચોક પાસે આદર્શ એવન્યુ એપાર્ટમેન્ટમાં રહેતાં રીન્કેશભાઈ મનસુખભાઈ બોડા (ઉ.વ.૩૧) એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે વિજય બાવાજી અને અજાણ્યા બે શખ્સોના નામ આપતાં તાલુકા પોલીસે બીએનએસ એકટ ૧૧૫(૨), ૧૧૭(૨), ૩૫૧(૩) હેઠળ ગુનો નોંધી તપાસ આદરી હતી. વધુમાં ફરીયાદીએ જણાવ્યું હતું કે, તેઓ ૧૫૦ ફૂટ રોડ ઉપર બેસી કાર લે-વેચનુ કામ કરે છે. ગઈ કાલ સાંજના ચારેક વાગ્યે તેઓ એકસેસ ચલાવી સીટી કલાસીક ચોકથી ઘરે જતો હતો. ત્યારે શીવમ પાર્કના ખુણા પાસે પહોંચેલ ત્યાં સનસાઈન સ્કુલની બસના ચાલક સાથે વણાંક લેવા બાબતે વાતચીત ચાલુ હતી. ત્યારે પાછળથી અતુલ શક્તિ રીક્ષામાં વિજય બાવાજી ધસી આવી બોલાચાલી કરી જેમ તેમ બોલવા લાગેલ હતો. જેથી તેમને સમજાવેલ કે, મારે બસ ચાલક સાથે વાત છે, તમારી સાથે કોઈ લેવા દેવા નથી જેથી તે ઉશ્કેરાઈ ધમકી આપવા લાગેલ કે, આગળ આવ હવે તને જોઈ લેવો છે તેમ ધમકી આપેલ હતી. જેથી ત્યાથી આગળ થોડે દુર તોરલ હાઈટસના ગેઈટની સામે ગયેલ અને વાતચીત માટે ભાર્ગવભાઈને બોલાવી આ વિજયને સમજાવતા હતા. તેવામાં વિજય ગાળો આપવા લાગેલ અને આસપાસ માણસો આવેલ તે બધા પણ સમજાવતા હતા પરંતુ વિજય સમજતો ન હતો. દરમિયાન વિજયના કોઈ સબંધી બે વ્યક્તિ આવેલ જેથી આ વિજય વધારે ગાળો આપવા લાગેલ હતો. જેમા બે અજાણ્યા વ્યક્તિમાં એકની પાસે રહેલ ધોકા વડે માર માર્યો હતો. તેમજ વિજય તથા બીજા અજાણ્યા વ્યક્તિએ ઢીકા પાટુનો માર મારેલ અને વિજયે ધોકાથી ફટકારતા બંને હાથમાં ગંભીર ઈજા પહોંચી હતી. તેમજ ખેંચીને જ્યા બસ ચાલક સાથે વાત ચાલતી હતી ત્યાં લઈ ગયેલ અને કહેલ કે, તમે મને ઓળખતા નથી, હવે અહીંથી નીકળતા નહી નહીતર હાથ પગ હાથમાં આપી દઈશ, તમે જીવતા નહી રહો તેમ ધમકી આપી નાસી છૂટ્યો હતો. બાદમાં ઈજાગ્રસ્તને પ્રથમ સીવીલ હોસ્પિટલમાં અને બાદમાં ખાનગી હોસ્પિટલમાં ખસેડાયો હતો. તેમના બન્ને હાથમાં ફ્રેકચર થયાનું નિદાન થયું હતું. બનાવ અંગેની ફરીયાદ પરથી તાલુકા પોલીસે ગુનો નોંધી તપાસ આદરી હતી.

# દુષ્કર્મના ગુનામાં પરપ્રાંતિય શખ્સની જામીન અરજી રદ

**અબતક, રાજકોટ**

તાલુકા પોલીસ મથક વિસ્તારમા કિશોરીને પ્રેમજાળમાં ફસાવી વતનમાં લઈ જઈ દુષ્કર્મ આચરવાના ગુનામાં જેલ હવાલે રહેલા પરપ્રાંતિય શખ્સની ચાર્જશીટ પછીની જામીન અરજી રદ કરતો હુકમ કર્યો છે. વધુ વિગત મુજબ તાલુકા પોલીસ મથક વિસ્તારમાં ૧૨ વર્ષ અને ત્રણ માસ વાળી કિશોરીનું ગત તારીખ ૨૮-૧૧-૨૦૨૫ ના રોજ અપહરણ કરી ગયા અંગેની સગીરાના વાલીએ તાલુકા પોલીસ સ્ટેશનમાં મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસ તપાસ દરમિયાન આરોપી રાહુલ રમેશચંદ્ર ડામોર (રહે વાગેલાવાટ ગામ તાલુકો રાણપુર જીલ્લો જાંબુવા મધ્ય પ્રદેશ ) સગીરાને તેના વતનમાં લઈ ગયેલો હોય તે હકીકત માલુમ પડતા પોલીસે મધ્યપ્રદેશ તપાસ કરતા ત્યાં સગીરા તથા આરોપી રાહુલ રમેશચંદ્ર ડામોર મળી આવતા ધરપકડ કરી સગીરાનું નિવેદન લેતા આરોપીએ તેણીની સાથે દુષ્કર્મ કર્યાની હકીકત જણાવતા પોલીસે પોકસો અને દુષ્કર્મની કલમનો ઉમેરો કરી તપાસ પૂર્ણ થતા આરોપીને જેલ હવાલે કર્યો હતો. આરોપી વિરુદ્ધ ગુના ને લગતો પૂરતો પુરાવો મળી આવતા પોક્સો અદાલતમાં ચાર્જશીટ દાખલ કરી હતી.આરોપીએ જામીન ઉપર છુટવા સેશન્સ કોર્ટમાં અરજી કરતા સરકાર તરફે સરકારી વકીલ હાજર રહેલ અને જામીન અરજી નો વિરોધ કરતા રજૂઆત કરેલ કે આરોપી સામે સમાજ વિરોધી ગુનો છે. તેણીનું અપહરણ કરી અને આરોપી તેના વતનમાં લઈ જઈ તેની સાથે દુષ્કર્મ આચરેલ છે આવા ગંભીર ગુનામાં આરોપીને જામીન આપવા જોઈએ નહીં તે રજૂઆતને ધ્યાને લઈ સેશન્સ જજ ટી. એસ બ્રહ્મભટ્ટ એ આરોપીની ચાર્જશીટ પછીની જામીન અરજી રદ કરી છે. આ કામમાં સરકાર તરફે સરકારી વકીલ મુકેશભાઈ પીપળીયા રોકાયેલ હતા

# જામનગરની મોટી ખાવડીમાંથી રૂ.૮૩.૬૦ લાખના હેરોઇન સાથે ચાર પંજાબી ઝડપાયા

## હોટેલ ૬૬૬ ના રૂમ નં.-૨૦૨માં એસઓજી ત્રાટકી ૪૧૮ ગ્રામ નશાકારક પદાર્થ કબ્જે કરાયો



## પંજાબનો ફિલિપ્સ ઉર્ફે ફૌજીનું ડ્રગ્સ સપ્લાયર તરીકે નામ ખુલ્યું છૂટકમાં નશાનો વેંપલો કરે તે પૂર્વે જ ચારેય પેડલરોને દબોચી લેવાયા

**અબતક, સંજય ડાંગર, ધ્રોલ**

જામનગરના મોટી ખાવડીમાં આવેલી હોટેલ ૬૬૬ ના રૂમ નં.-૨૦૨ માં એસઓજીની ટીમે દરોડો પાડી રૂ. ૮૩.૬૦ લાખના હેરોઇન સાથે ચાર પંજાબી શખ્સોની ધરપકડ કરવામાં આવી છે.

ગુજરાતના યુવાધનને નશાના રવાડે ચડાવવાના આંતરરાજ્ય કારસાનો જામનગર એસ.ઓ.જી. પોલીસે પર્દાફાશ કર્યો છે. પોલીસને મળેલી ચોક્કસ બાતમીના આધારે મોટી ખાવડી વિસ્તારમાં આવેલી હોટેલ ૬૬૬ ના રૂમ નં.-૨૦૨ ખાતે દરોડો પાડવામાં આવ્યો હતો. જ્યાંથી ૪૧૮ ગ્રામ હેરોઈનનો જથ્થો મળી આવ્યો હતો. આંતરરાષ્ટ્રીય બજારમાં આ જથ્થાની અંદાજિત કિંમત રૂપિયા ૮૩.૬૦ લાખ જેટલી થાય છે. આ ઓપરેશન દરમિયાન પોલીસે પંજાબથી ડ્રગ્સની હેરાફેરી કરવા આવેલા વિશાલસિંઘ જસવિરસિંઘ મટ્ટુ (ઉ.વ. ૨૫),હરપ્રિતસિંઘ તેગાસિંઘ મજવી (ઉ.વ. ૩૧),બિક્રમજીતસિંઘ અમરજીતસિંઘ મજવી (ઉ.વ. ૩૪),જગદિપસિંઘ ઉર્ફે જગ્ગી લખબીરસિંઘ ખેહરા (ઉ.વ. ૩૪ તમામ રહે. પંજાબ)ને એસઓજી ટીમે ઝડપી લીધા હતા.

પોલીસની પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે, મૂળ પંજાબના શખ્સો અગાઉ જામનગરમાં અલગ અલગ જગ્યાએ મજૂરી કરતા હતા.

(અનુ. આઠમા પાને)

# ગુજરાતમાં નકલી દુધની બોલબાલા ૪૮ ટકાથી વધુ મિલ્ક સેમ્પલ ફેઈલ

## હપ્તારાજના પાપે ભેળસેળીયાઓ બેફામ બન્યાઃ ડો.મનિષ દોશી



**અબતક, રાજકોટ**

ગુજરાતમાં ખાદ્ય પદાર્થોમાં વ્યાપક ભેળસેળને કારણે લાખો નાગરિકોની જીંદગી ગંભીર જોખમમાં મુકાઈ રહી છે અને લોકો વિવિધ ગંભીર બિમારીઓનો શિકાર બની રહ્યા છે. ફુડ સેફ્ટી વિભાગની અપૂરતી ચકાસણી, લાપરવાહી તથા હપ્તારાજ આ સ્થિતિ માટે સીધા જવાબદાર હોવાનું ગંભીર આક્ષેપ કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડીયા કન્વીનર અને પ્રવક્તા ડો. મનિષ એમ. દોશીએ જણાવ્યું હતું કે છેલ્લા દસ વર્ષમાં ગુજરાતમાં ખોરાકની સુરક્ષા અને નીચી ગુણવત્તાના ખાદ્ય પદાર્થોની ફરિયાદોમાં ચિંતાજનક વધારો થયો છે.વર્ષ ૨૦૧૬થી ૨૦૨૬ દરમિયાન દૂધમાં ભેળસેળ, મસાલાઓમાં પ્રદૂષણ અને અન્ય ખાદ્ય પદાર્થોમાં નીચી ગુણવત્તાના અનેક કિસ્સાઓ સામે આવ્યા છે.

વર્ષ ૨૦૧૯માં અમદાવાદમાં દૂધના ૬૧% નમૂનાઓ નિષ્ફળ ઠર્યા હતા, જેમાં ફેટ અને સોલિડ્સમાં ગંભીર ખામીઓ જોવા મળી હતી. વર્ષ ૨૦૨૦માં FSSAIના PAN-India દૂધ સર્વેમાં ગુજરાતમાંથી લેવાયેલા ૧૬૬ નમૂનાઓમાંથી ૮૦ નમૂનાઓ (૪૮.૨%) નીચી ગુણવત્તાના હોવાનું સામે આવ્યું હતું. વર્ષ ૨૦૨૧-૨૨ દરમિયાન ૮૨૪ નમૂનાઓ નિષ્ફળ ઠર્યા હતા,

(અનુ. આઠમા પાને)

# દામનગરથી પીપાવાવ સુધી સાવજોની રખેવાળી કરશે "આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ"

## કોઈ સિંહ રેલવે ટ્રેકની નજીક આવશે, તો એઆઈ સિસ્ટમ તરત જ ટ્રેનના ડ્રાઈવર, સ્ટેશન માસ્ટર અને કંટ્રોલ રૂમને એલર્ટ મોકલશે, જેથી સમયસર ટ્રેન રોકી શકાય

**અબતક, રાજકોટ**

ગીરના જે પટ્ટામાં એશિયાઈ સિંહોની ગર્જના ગુંજતી હોય છે, ત્યાં ભૂતકાળમાં અમરેલી અને ગીરના વિસ્તારોમાં ટ્રેન નીચે આવીને અનેક આશાસ્પદ સિંહોના કરુણ મોત થયાની ઘટનાઓએ વન્યજીવ પ્રેમીઓને હચમચાવી દીધા હતા. આ અકસ્માતોને ગંભીરતાથી લઈને ઘણીવાર હાઈકોર્ટ અને વન વિભાગના આદેશથી અમુક રૂટ પર ટ્રેનોની અવરજવર બંધ કરવાની કે ગતિ અત્યંત ધીમી કરવાની ફરજ પડી છે.

દામનગર-પીપાવાવ સેક્શનમાં જે રીતે અકસ્માતોનો ભય રહેતો હતો, ત્યાં હવે આ હાઈ-ટેક સિસ્ટમ સિંહો માટે સુરક્ષા કવચ બનશે. અગાઉ પીપાવાવ પોર્ટ જતી માલગાડીઓની અડફેટે સિંહો આવવાના કિસ્સામાં ગુજરાત હાઈકોર્ટે પણ રેલવેની આકરી ઝાટકણી કાઢી હતી. વન્યજીવોના રક્ષણ માટે રાત્રિના સમયે ટ્રેનોની ગતિ ઘટાડવા અથવા અમુક સંવેદનશીલ સમયે ટ્રેનો થંભાવી દેવાના કડક નિયમો અમલી બનાવવામાં આવ્યા હતા.

રાજ્યસભામાં સાંસદ પરિમલ નથવાણી દ્વારા ગીરના સિંહોની સુરક્ષા અંગે પૂછવામાં આવેલા સવાલના જવાબમાં રેલવે મંત્રીએ મહત્વની માહિતી આપી છે. રેલવે વિભાગે ભાવનગર ડિવિઝનના દામનગર-પીપાવાવ વચ્ચેના

(અનુ. આઠમા પાને)

### રાજકોટ જિલ્લા પંચાયતની ગ્રામ પંચાયતોમાં

# ચૂંટાયેલા મહિલા સરપંચ કે સભ્યના સ્થાને પત્તિ કે પુત્ર વહીવટ કરતા હોય તો આકરી કાર્યવાહી

## મહિલા પ્રતિનિધિના સ્થાને અન્ય વ્યકિત વહીવટ કરતા પકડાશે તો તલાટી મંત્રી સામે શિસ્તભંગના પગલા લેવાશે

**અબતક, રાજકોટ**

ગ્રામ પંચાયતમાં મહિલા અનામત બેઠક પરથી ચૂંટાયેલા સરપંચ કે સભ્યોના સ્થાને તેના પતિદેવ કે પુત્ર વહીવટ કરતા હોય છે. આ દુષણને અટકાવવા રાજકોટ જિલ્લા વિકાસ અધિકારીએ પરિપત્ર પ્રસિધ્ધ કરી આકરી કાર્યવાહી કરવાની સુચના આપી છે.

ગુજરાત પંચાયત અધિનિયમ-૧૯૯૩માં વર્ષ-૨૦૧૪માં થયેલ સુધારા અન્વયે સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં મહિલાઓ માટે અનામતની ટકાવારી ૩૩% થી વધારીને ૫૦% કરવામાં આવી છે, જેનો મુખ્ય હેતુ મહિલાઓનું સશક્તિકરણ અને વહીવટમાં તેમની સક્રિય ભાગીદારી સુનિધિત કરવાનો છે.

અવારનવાર અરજદારણીઓ દ્વારા પણ કરેલ રજુઆત અન્વયે ધ્યાને આવેલ છે કે, કેટલીક ગ્રામ પંચાયતોમાં ચૂંટાયેલા મહિલા સરપંચ અથવા મહિલા સદસ્યઓના સ્થાને તેમના પતિ. પુત્ર કે અન્ય પુરુષ સંબંધીઓ ('સરપંચ પતિ' તરીકે) પંચાયતનો વહીવટ સંભાળે છે. સહિઓ કરે છે. બેઠકોમાં હાજરી

(અનુ. આઠમા પાને)

# ઉનાળો 'લાલચોળ' રહેવાના એંધાણઃ ફેબ્રુઆરીમાં પારો ૩૫ ડિગ્રી

## રાજકોટનું મહતમ તાપમાન ૩૫ ડિગ્રી અને સુરતનં તાપમાન ૩૫.૪ ડિગ્રી નોંધાયુંઃ ૨૦મી બાદ શિયાળાની વિધિવત વિદાય

**અબતક, રાજકોટ**

આ વર્ષ સુર્યનું વર્ષ છે. ઉનાળાની સિઝન લાલચોળ રહે તેવી પ્રબળ સંભાવના દેખાય રહી છે. ફેબ્રુઆરીમાં જ મહતમ તાપમાન ૩૫ ડિગ્રીએ આંબી ગયું છે. આગામી ૨૦મી ફેબ્રુઆરી બાદ શિયાળાની સિઝન સતાવાર રીતે વિદાય લેશે અને ઉનાળાનું આગમન થશે. રાજયભરમાં હાલ બેવડી સિઝનનો અનુભવ થઈ રહ્યો છે. સવારે અને મોડીરાત્રે સામાન્ય ઠંડીનો અનુભવ થાય છે. જયારે બપોરે આકરી ગરમીનો અહેસાસ થઈ રહ્યો છે. કુદરતી ઠંડક ઘટી જતા હવે લોકો પંખા, એરકુલર અને એસી તરફ વળ્યા છે. શિવરાત્રી આસપાસ ઠંડીનો એકાદો રાઉન્ડ આવશે.

આ વર્ષ ફેબ્રુઆરી માસના પ્રથમ સપ્તાહમાંજ મહતમ તાપમાનનો પારો ૩૫ ડિગ્રીએ પહોચી જતા ઉનાળો આકરો રહે અને ગરમી તમામ રેકોર્ડ બ્રેક કરે તેવી શકયતા અત્યારથી જ દેખાવા લાગી છે. શુક્રવારે સુરત ૩૫.૪ ડિગ્રી સેલ્શીયસ તાપમાન સાથે રાજયનું સૌથી ગરમ શહેર રહ્યું હતુ. રાજકોટનું તાપમાન પણ ૩૫ ડિગ્રી નોંધાયું હતુ. આ ઉપરાંત નલીયાનું તાપમાન ૩૪.૫ ડિગ્રી, ડાંગનું તાપમાન ૩૩.૯ ડિગ્રી, બરોડાનું તાપમાન ૩૩.૬ ડિગ્રી, કંડલાનું તાપમાન ૩૩.૩, ભુજનું તાપમાન ૩૩.૩ ડિગ્રી, ડિસાનું તાપમાન ૩૩.૧ ડિગ્રી, પોરબંદરનું તાપમાન ૩૨.૪ ડિગ્રી, અમરેલીનું તાપમાન ૩૩.૫ ડિગ્રી,

(અનુ. આઠમા પાને)

